૨૦૪ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 71 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 March 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૬ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાને અમેરિકાની શાંતિ દરખાસ્ત ફગાવી

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

- સામો પોતાનો પ્રસ્તાવ મોકલ્યો
- હોર્મુઝ ખાડી પોતાના કબજામાં જ રાખવા માગે છે ઈરાન
- અમેરિકાના જહાજ પર હુમલો
- તહેરાને અખાતી દેશો પર હુમલા ચાલુ રાખ્યા
- વૉશિંગ્ટને વધુ સૈનિકો મોકલ્યા
- કુવૈતના ઍરપોર્ટ ખાતે ઈંધણની ટાંકી પર હુમલાથી આગ

દુબઇઃ અમેરિકાએ મોકલેલો યુદ્ધવિરામનો ૧૫ મુદ્દાનો પ્લાન ઇરાને ફગાવ્યો હતો અને હોર્મુઝ સામુદ્રધુની પોતાના કબજામાં જ રાખવાની અને યુદ્ધના નુકસાનનું વળતર માગતી પોતાની દરખાસ્ત મોકલી હતી. તહેરાને અમેરિકાના વિમાનવાહક યુદ્ધજહાજ યુએસએસ અબ્રાહમ લિંકનની તરફ મિસાઇલ્સથી હુમલો કર્યો હતો તેમ જ ઇઝરાયલ અને આરબ દેશો પર હુમલા ચાલુ રાખ્યા હતા. ઇઝરાયલે પણ ઇરાન પર વ્યાપક હુમલા કર્યા હતા. કુવૈતના આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતેની ઈંધણ માટેની ટાંકી પર હુમલો થતાં તેમાં આગ લાગી હતી. વૉશિંગ્ટને યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં ભૂમિદળ અને નૌકાદળના વધુ સૈનિકો મોકલ્યા હતા. દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઇરાન તરફથી એક મોટી ‘ભેટ’ મળી છે. આમ છતાં, પાકિસ્તાન ખાતેના ઇરાનના રાજદૂતે તહેરાન અને વૉશિંગ્ટન વચ્ચે કોઇ મંત્રણા યોજાઇ હોવાના અહેવાલને નકારી કાઢ્યો હતો. ટ્રમ્પે આ બાબતમાં વધુ જાણકારી નહોતી આપી. બીજી બાજુ, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સઉદી અરેબિયાના પાટવીકુંવર મોહમ્મદ બિન સલમાનને શાંતિ સ્થાપવા માટેની આ યોજનાની વધુ જાણકારી આપી હતી. શાંતિ સ્થપાવાની આશાએ ખનિજ તેલના ભાવ ઘટીને બેરલ દીઠ ૧૦૦ ડૉલર થયા હતા. પાકિસ્તાનના વડા પ્રધાન તહેરાન અને વૉશિંગ્ટન વચ્ચે (જુઓ પાનું ૨) ▶▶

## માતૃભાષા ભાગવત સપ્તાહ

## ‘મુંબઈ સમાચાર’ના આયોજનને બિરદાવ્યું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે



મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને માતૃભાષા સપ્તાહની વિગતો સમજાવી રહેલા ‘મુંબઈ સમાચાર’ ના તંત્રી નીલેશ દવે.

મુંબઈઃ ‘મુંબઈ સમાચાર’ દ્વારા આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનું આમંત્રણ સ્વીકારતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આયોજન પાછળના વિચારને બિરદાવ્યો હતો અને એક દિવસ માટે ભાગવત સપ્તાહમાં હાજરી આપવાની ખાતરી આપી હતી.

‘મુંબઈ સમાચાર’ દ્વારા પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાને બોરિવલીના સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલમાં બે લાખ ચોરસ ફૂટના એસી ડોમમાં બીજી એપ્રિલથી આઠમી એપ્રિલ વચ્ચે ભવ્ય માતૃભાષા સપ્તાહનું આયોજન કર્યું છે જેમાં (જુઓ પાનું ૨) ▶▶

## પાઈપ ગૅસ નહીં લો, તો એલપીજી બંધઃ સરકાર

▸ પીએનજી મળતો હોવા છતાં નહીં લેનારનો એલપીજી બંધ થશે ▸ એવા ગ્રાહકોને ત્રણ મહિનામાં એલપીજી આપવાનું બંધ કરાશે ▸ ‘ના’ પાડવા ‘ટૅક્નિકલ દૃષ્ટિ’એ પરવડે એમ નથી એવું ‘એનઓસી’ આપવું પડશે ▸ પાઈપલાઈન માટે ‘ના’ પાડનારા રહેઠાણ સંકુલને નોટિસ અપાશે ▸ પીએનજી માટેની મંજૂરી ત્રણ દિવસમાં આપવી પડશે ▸ ૪૮ કલાકમાં જ પીએનજીનું જોડાણ મળશે

નવી દિલ્હીઃ સરકારે બહાર પાડેલા આદેશમાં જણાવ્યું હતું કે જ્યાં પાઇપ્ડ નેચરલ ગૅસ (પીએનજી) ઉપલબ્ધ હોવા છતાં તે નહિ લેનારા ગ્રાહકોના ઘરમાં આગામી ત્રણ મહિના પછી લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી) નહિ અપાય.

સરકારના આ આદેશનો હેતુ ગૅસ નેટવર્કનું વિસ્તરણ ઝડપી કરવાનો અને એક જ ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો છે.

અખાતના દેશોમાંના યુદ્ધને લીધે દેશમાં એલપીજીની ઊભી થયેલી અછતને પહોંચી વળવા માટે સરકાર ઘરેલુ અને કમર્શિયલ (ધંધાદારી) વપરાશકારો એલપીજીને બદલે પીએનજીનો વપરાશ વધારે એમ ઇચ્છે છે. એલપીજીના આ વિકલ્પ પીએનજીનું સ્વદેશમાં મોટા પાયે ઉત્પાદન થાય છે અને તે પહોંચાડવો પણ સુવિધાવાળો છે.

પીએનજી પાઇપ દ્વારા રસોડા સુધી સીધો પહોંચાડાય છે, તેમાં સિલિન્ડર બદલવાની જરૂર નથી પડતી. પેટ્રોલિયમ અને નેચરલ ગૅસ મંત્રાલયે (જુઓ પાનું ૨) ▶▶

## ભારત નથી પાકિસ્તાન જેવું દલાલઃ સરકાર

નવી દિલ્હીઃ બુધવારે યોજાયેલી સર્વપક્ષી બેઠકમાં આક્રમક વલણ અપનાવનારા વિપક્ષને સરકારે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પને સંદેશો પાઠવ્યો હતો કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું યુદ્ધ વહેલામાં વહેલી તકે બંધ થવું જોઈએ કેમ કે તેને કારણે વિશ્વના તમામ દેશોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

યુદ્ધ અટકાવવા મધ્યસ્થી કરવાની પાકિસ્તાને દર્શાવેલી તૈયારીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન ‘દલાલ’ રાષ્ટ્ર છે. પાકિસ્તાન મધ્યસ્થીના પ્રયાસ કરવા તૈયાર થયું છે તેમાં કશું જ નવું નથી (જુઓ પાનું ૨) ▶▶

## ‘વંદે માતરમ્’ ગાવું ફરજિયાત નથીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે સત્તાવાર કાર્યક્રમમાં ‘વંદે માતરમ્’ ગાવાને લગતા ગૃહ મંત્રાલયના પરિપત્રને પડકારતી અરજીને હાથ ધરવાનો બુધવારે ઇનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે પરિપત્રમાં ‘વંદે માતરમ્’ ગાવું મરજિયાત ગણાવાયું છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બનેલી બૅન્ચે અરજદાર મોહમ્મદ સૈયદ નૂરીની અરજીને ‘ઉતાવળે’ કરાયેલી અને ‘ભેદભાવની ખોટી ધારણા’ પર આધારિત ગણાવી હતી. અરજદાર નૂરીના વકીલ સંજય હેગડેએ (જુઓ પાનું ૨) ▶▶




વીણા વર્લ્ડ ની ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સ, સિનિયર્સ સ્પેશિયલ, વુમન્સ સ્પેશિયલ, હનીમૂન ટુર્સમાંથી તમારી ટુર સિલેક્ટ કરો. અથવા કસ્ટમાઈઝ્ડ હોલિડેઝ/કોર્પોરેટ ટુર પસંદ કરો. સહેલગાહની સંપૂર્ણ માહિતી veenaworld.com પર ઉપલબ્ધ. મુંબઈથી શરૂ થનારી (ex-Mumbai) ટુર્સ પર ચાલો અથવા ભારતમાંથી અને દુનિયાભરમાંથી ક્યાંયથી પણ ટુરમાં જોઈન કરો, જેના માટે જોઈનિંગ લીવિંગ (J&L) ટુર પ્રાઈસેસ ઉપલબ્ધ છે. નીચે આપેલા ચાર્ટમાં ટુરનું નામ, મુંબઈથી મુંબઈ ટુર પ્રાઈસીસ (ex-Mumbai) (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સહિત) અને જોઈનિંગ લીવિંગ ટુર (J&L) પ્રાઈસીસ (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સિવાય) આપી છે. સર્વ ટુર પ્રાઈસીસ હજારોમાં છે. J&L પર્યટકોને એર ટિકિટ્સ, વિઝા અને અન્ય આવશ્યક સર્વિસીસની બાબતમાં માર્ગદર્શન કરવા માટે વીણા વર્લ્ડ સેલ્સ ટીમ ઉપલબ્ધ છે.

### ઈન્ડિયા - ભારતમાં ટૂરના વિવિધ ઑપ્શન્સ

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| લેહ ઍપ્રિકૉટ બ્લોસમ Apr 18 | 70000 | 47000 |
| લેહ લડાખ/કારગિલ પેંગોંગ (7D/9D) | 69K-89K | 44K-64K |
| કાશ્મીર (6D) | 53K-99K | 32K-79K |
| શિમલા મનાલી (Mum-Del-Mum) (6D) | 42K-50K | 31K-41K |
| શિમલા મનાલી (Mum-C'garh-Mum) (8D) | 60K-56K | 41K-45K |
| ધરમશાલા ડલહાઉઝી અમૃતસર (8D) | 62K-70K | 41K-50K |
| અમૃતસર (4D) | 35K-40K | 23K-27K |
| હરિદ્વાર ઋષિકેશ (5D) | 39K-45K | 30K-35K |
| નૈનિતાલ મસુર/કોર્બેટ (6D/8D) | 51K-68K | 41K-60K |
| બેસ્ટ ઓફ કુમાઉ ગઢવાલ (10D) | 72K-80K | 53K-60K |
| ચારધામ (7D/9D/11D/13D) | 60K-93K | 52K-85K |
| સિક્કિમ દાર્જિલિંગ/ પેલીંગ (7D/9D) | 72K-90K | 50K-70K |
| આસામ મેઘાલય /અરુણાચલ (7D/12D) | 84K-116K | 60K-80K |
| બેસ્ટ ઓફ અરુણાચલ (9D) | 101K-105K | 82K-86K |
| ઉત્તર પ્રદેશ (4D/5D/8D) | 30K-70K | 21K-58K |
| મધ્ય પ્રદેશ (5D/6D/8D) | 39K-65K | 30K-53K |
| જયપૂર ઉદયપૂર કુમ્ભલગઢ (7D) | 49K-55K | 36K-41K |
| ગુજરાત (4D/5D/7D) | 35K-50K | 27K-42K |
| કર્ણાટક કુર્ગ/દાંડેલી /બેલૂર (6D/8D) | 39K-75K | 30K-63K |
| ઉટી કોડાઈ કોઈમ્બતૂર (7D) | 65K-70K | 54K-59K |
| કેરળ (6D/8D) | 39K-65K | 32K-52K |
| આંદામાન (7D) | 75K-82K | 55K-60K |

### સાઉથ ઈસ્ટ અને ફાર ઈસ્ટ એશિયા

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સિંગાપોર થાઈલેન્ડ મલેશિયા (10D) | 170K-185K | 135K-150K |
| સિંગાપોર મલેશિયા/બાલી (8D) | 145K-190K | 115K-125K |
| થાઈલેન્ડ (4D/6D/8D/15D) | 50K-175K | 30K-65K |
| હોંગકોંગ મકાઉ શેંઝેન (7D) | 172K-177K | 132K-137K |
| વિયેટનામ (5D/8D/13D) | 101K-204K | -- |
| વિયેટનામ કંબોડિયા (11D) | 195K-202K | -- |
| જાપાન (5D to 17D) | 175K-650K | 120K-595K |
| જાપાન ચાયના તૈવાન (14D) | 380K-390K | 320K-330K |
| નેપાળ /શ્રીલંકા (8D/7D) | 79K-97K | 59K-69K |
| ભૂતાન (7D/9D) | 83K-100K | 63K-80K |

### ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ અમેરિકા આફ્રિકા

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| ઓસ્ટ્રેલિયા (7D/9D/15D) | 225K-515K | 150K-440K |
| ન્યૂઝીલેન્ડ (10D/15D) | 375K-495K | 285K-405K |
| યુએસએ કેલિફોર્નિયા કાર્નિવલ વિથ ડેથ વેલી & યોસેમિટી (10D) | 425K-450K | 300K-325K |
| યુએસએ ઇસ્ટ & વેસ્ટ કોસ્ટ વિથ શિકાગો (13D) | 535K-560K | 410K-430K |
| કેનેડા અલાસ્કા (18D) | 855K-875K | 655K-675K |
| સા.આફ્રિકા કેનિયા વિક્ટોરિયા ફોલ્સ (15D) | 455K-465K | -- |
| કેનિયા (5D/8D/12D) | 175K-440K | 140K-405K |
| યુગાન્ડા રવાન્ડા (8D) | 525000 | -- |

### યુરોપ – વેસ્ટર્ન, ઈસ્ટર્ન, નોર્ધર્ન, મેડિટેરેનીયન

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| યુરોપ મલ્ટી-કંટ્રી (6D-15D) | 175K-430K | 110K-350K |
| યુરોપ મલ્ટી-કંટ્રી (17D-27D) | 465K-695K | 385K-615K |
| સ્વિસ પેરિસ લંડન (11D) | 375K-400K | 290K-315K |
| ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ આયર્લેન્ડ વેલ્સ (10D/15D) | 315K-440K | 245K-370K |
| સ્કેન્ડિનેવિયા (7D/10D/15D) | 250K-500K | 175K-400K |
| સ્કેન્ડિનેવિયા મિડનાઈટ સન (16D) | 535K-555K | 455K-475K |
| સેન્ટ્રલ & ઈસ્ટર્ન યુરોપ (17D) | 405K-425K | 330K-350K |
| સ્પેન પોર્ટુગલ મોરોક્કો (16D) | 375K-400K | 295K-320K |
| ગ્રીસ (5D/7D/9D/14D) | 180K-425K | 115K-360K |
| તાશ્કંદ (4D/7D) | 85K-115K | 60K-90K |

ભેગું કરો તમારું ફેમિલી ગ્રુપ કે ફ્રેન્ડ્સ ગ્રુપ અને વીણા વર્લ્ડ સંગાથે કરો તમારી એક્સક્લુઝિવ ટુર

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ (ex-Mumbai), ટ્રાન્સપોર્ટ, હોટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર-ગાઈડ ટિપ્સ, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (ફ્રી વિઝા દેશ ઉપરાંત), ટ્રાવેલ ઈન્શ્યુરન્સ* વગેરે બાબતોનો સમાવેશ છે. J&L ટુર્સ માં વિમાનપ્રવાસ, વિઝા, અને ઈન્શ્યુરન્સ નો સમાવેશ નથી. યુએસ ટુર્સ યુએસ વિઝા* ધારકો માટે.

veenaworld.com
Call: 1800 313 5555

તમારી નજીકની વીણા વર્લ્ડ સેલ્સ ઓફિસ માટે સ્કેન કરો

Monday-Saturday 10 to 7
travel@veenaworld.com

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુસ્લિમ રાષ્ટ્રો ઈરાન સાથે હાથ મિલાવે એ વાતમાં માલ નથી

**ઈઝરાયલ**-અમેરિકા વર્સીસ ઈરાનના યુદ્ધમાં હમણાં ટેબ્લો પડ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન પર પાંચ દિવસ સુધી હુમલા નહીં કરવાની જાહેરાત કરીને સમાધાન માટે હાથ લંબાવ્યો તેમાં હમણાં શાંતિ છે. અમેરિકાએ હુમલા બંધ કરવા માટે ઈરાન સામે ઢગલાબંધ ૧૫ શરતો મૂકી છે ને સામે ઈરાને પણ સાતેક શરતો મૂકી દીધી છે. બંને દેશોએ શરતો તો મૂકી દીધી પણ વાટાઘાટો ક્યાં થશે ને કોણ વાટાઘાટો કરશે એ જ નક્કી નથી. પહેલાં ઓમાન મધ્યસ્થી કરતું હતું પણ હવે ઓમાન મધ્યસ્થી કરશે કે નહીં એ પણ નક્કી નથી તેથી આખી વાત અધ્ધરતાલ છે.

આ માહોલમાં ઈરાને એક બીજો રસપ્રદ પ્રસ્તાવ મૂક્યો છે. ઈરાને મુસ્લિમ અને આરબ દેશોને ખાડીની સુરક્ષા માટે એવું જોડાણ બનાવવાની અપીલ કરી છે કે જેમાં અમેરિકા અને ઈઝરાયલની કોઈ ભૂમિકા ના હોય. ઈરાનનું કહેવું છે કે, મિડલ ઈસ્ટને હજારો કિલોમીટર દૂર બેઠેલી તાકતોની સુરક્ષા માટે કોઈ જરૂર નથી અને મિડલ ઈસ્ટના દેશો હવે પોતાની સુરક્ષા જાતે કરે એ સમય આવી ગયો છે. એ માટે મિડલ ઈસ્ટના દેશોએ સામાજિક અને સાંસ્કૃતિક એકતા પર આધારિત જોડાણ કરવું જરૂરી છે. ઈરાને ઈઝરાયલ સામેના ૧૯૬૭ અને ૧૯૭૩ના યુદ્ધનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, આ બંને યુદ્ધમાં આરબો હારી ગયા કેમ કે આરબો એક નહોતા પણ હવે આપણે એક થઈએ તો કોઈ ના હરાવી શકે. ઈઝરાયલ અને અમેરિકા મિડલ ઈસ્ટનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરે છે એવો આક્ષેપ કરીને ઈરાને સવાલ પણ કર્યો છે કે, અમેરિકાની લશ્કરી છાવણીઓથી મિડલ ઈસ્ટને શું મળ્યું ?

ઈરાને મૂકેલી દરખાસ્તથી મિડલ ઈસ્ટમાં કાયમ માટે શાંતિ સ્થાપી શકાય એ વાત શંકાસ્પદ છે કેમ કે મિડલ ઈસ્ટની અશાંતિ માટે એક કારણ જવાબદાર નથી. જો કે એ બધી વાત તો પછી પણ પહેલાં તો સુન્ની દેશો ઈરાનની વાત સ્વીકારે કે કેમ તેમાં જ શંકા છે.

ઈરાન એવું પ્રસ્થાપિત કરવા મથે છે કે, મુસ્લિમ દેશો એક થાય તો પોતાની સુરક્ષા જાતે કરી શકે છે અને બીજા કોઈની જરૂર નથી. આ વાત સૈદ્ધાંતિક રીતે સાચી છે પણ વાસ્તવિક રીતે સાચી નથી. મિડલ ઈસ્ટમાં અશાંતિ માટે યહૂદીઓ અને મુસ્લિમોની દુશ્મનાવટ અને મુસ્લિમોમાં પણ શિયા વર્સીસ સુન્નીનો ઝઘડો કારણભૂત છે. આ બંને સમસ્યાઓનો અંત આવે તો આપોઆપ શાંતિ સ્થપાઈ જાય ને કોઈ યુધ્ધ ના થાય પણ મુસ્લિમ દેશો ઈઝરાયલ સામેની દુશ્મનાવટ અને પેલેસ્ટાઈનની મમત પડતી મૂકી શકે તેમ નથી ને સુન્ની દેશો શિયાઓ સામેની નફરતને છોડી શકે તેમ નથી તેથી ઈરાન ઈચ્છે છે એવો સંઘ બને એમ જ નથી.

સઉદી અરેબિયા સહિતના સુન્ની દેશોને ઈઝરાયલ નથી ગમતું પણ શિયા મુસ્લિમો સામેની નફરત યહૂદીઓ સામેની નફરત જેટલી જ પ્રબળ છે. બલકે છેલ્લાં કેટલાંક વરસોથી ઈરાન સામેની નફરત વધારે પ્રબળ બની છે કેમ કે ઈરાન બધી રીતે મજબૂત થતું જાય છે. આરબોએ અમેરિકાને ચાવી મારી મારીને ઈરાન ફરતેનો ભરડો મજબૂત બનાવ્યો, તેના પર જાત જાતના આર્થિક પ્રતિબંધો મુકાવીને તેને તોડી નાખવા મથામણ કરી પણ ઈરાન મચક નથી આપતું. સઉદી સહિતના સુન્ની દેશોને એમ હતું કે, અમેરિકાનો તાપ ઈરાન જીરવી નહીં શકે ને તૂટી જશે પણ ઈરાન અમેરિકાને પણ ઘોળીને પી ગયું એ સઉદી સહિતના સુન્ની દેશોથી સહન થતું નથી.

દુનિયાના મુસ્લિમોમાં ૮૫ ટકા મુસ્લિમો સુન્ની છે જ્યારે શિયાઓનું પ્રમાણ ૧૪ ટકા જ છે. સુન્નીઓ શિયાઓને ઊતરતા માનીને શિયા સંપ્રદાયને ખતમ કરીને આખી દુનિયામાં સુન્નીઓનું રાજ સ્થાપવા માગે છે. સઉદી સહિતના સુન્ની દેશોમાં શિયાઓને ખતમ કરવાની તાકાત નથી તેથી અમેરિકાના ખભે બંદૂક મૂકીને તેમને પતાવવા મથે છે પણ અમેરિકા પણ એ નથી કરી શક્યું તેથી સુન્નીઓ ધૂંધવાયેલા છે. હવે સુન્ની દેશો ઈરાનની દરખાસ્ત સ્વીકારીને મિડલ ઈસ્ટમાં મુસ્લિમ રાષ્ટ્રોનું સંગઠન બનાવે તો શિયાઓને પોતાની સમકક્ષ તરીકે સ્વીકારી લીધા એવો અર્થ થાય તેથી પણ સુન્ની દેશો ઈરાનની વાત સ્વીકારે તેમ નથી. બીજું એ કે, ઈરાન ઈઝરાયલ સામે લડે છે તેના કારણે સામાન્ય મુસ્લિમોને તેના માટે સહાનુભૂતિ છે. મુસ્લિમ દેશો તેની વાત સ્વીકારે તો આપોઆપ ઈરાન મુસ્લિમોના નેતા તરીકે સ્વીકૃત થઈ જાય તેથી પણ સઉદી અરેબિયા સહિતના દેશો તેની દરખાસ્તને ના સ્વીકારે.

સુન્ની દેશો ઈરાન સાથે હાથ મિલાવે તેના કારણે મિડલ ઈસ્ટમાં શાંતિ ના સ્થપાય એ માટે બીજું એક કારણ મુસ્લિમોની યહૂદીઓ માટેની નફરત છે. મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવા માટે મુસ્લિમ દેશોએ ઈઝરાયલ સામેની દુશ્મનાવટ અને પેલેસ્ટાઈનની મમત પડતી મૂકવી પડે. મિડલ ઈસ્ટમાં છાસવારે છમકલાં કે યુદ્ધ થાય છે તેનું કારણ પેલેસ્ટાઈનની સમસ્યા છે. હમાસ સહિતનાં સંગઠનો પેલેસ્ટાઈનની માગને કારણે જ ઈઝરાયલ સામે લડે છે અને કત્લેઆમ કરે છે. ઈરાન ઈઝરાયલ સામે લડતાં હમાસ સહિતનાં સંગઠનોને મદદ કરે છે કે જેથી મુસ્લિમોની સહાનુભૂતિ મળતી રહે. સઉદી અરેબિયા સહિતના દેશો ઈઝરાયલ સામે ભૂંડી રીતે હાર્યા છે તેથી હવે હિંમત નથી કરતાં પણ ઈરાનને હજુ ઈઝરાયલને હરાવવાના ધખારા છે તેથી હજુ લડ્યા કરે છે. ઈરાન મુસ્લિમ દેશોનું સંગઠન ઈઝરાયલને હરાવવાની ખંજવાળ મટાડવા બનાવવા માગે છે કેમ કે તેણે ૧૯૬૭ અને ૧૯૭૩ના યુદ્ધોનો ઉલ્લેખ કર્યો છે.

ઈરાન ઈઝરાયલને હરાવે એ વાતમાં માલ જ નથી પણ મુસ્લિમ રાષ્ટ્રોની એકતાના કારણે ઈઝરાયલને થોડાઘણા ફટકા પણ મારી શકાય તો તેનો યશ ઈરાનને જાય. બધા મુસ્લિમ દેશો ભેગા મળીને ના કરી શક્યા એ ઈરાનની પહલના કારણે થયું એવો જશ ઈરાનને મળે તેથી પણ મુસ્લિમ રાષ્ટ્રો આ પહેલમાં જોડાય એ વાતમાં માલ નથી.

અમેરિકાની લશ્કરી છાવણીઓના કારણે મિડલ ઈસ્ટના દેશોને શું મળ્યું એવો સવાલ ઈરાને કર્યો છે. આ સવાલનો જવાબ બહુ સરળ છે. આરબ દેશો અમેરિકાની છાવણીના કારણે સલામત રહ્યા, બાકી ઈઝરાયલે તેમનું જીવવું હરામ કરી નાખ્યું હોત. ઈઝરાયલ સામેના રક્ષણના બહાને અમેરિકાએ મિડલ ઈસ્ટના દેશો પાસેથી પ્રોટેક્શન મની લીધાં છે ને સાદી ભાષામાં કહીએ તો ખંડણી ઉઘરાવી છે. આ ખંડણી આપીને મિડલ ઈસ્ટના દેશો સલામત રહ્યા ને જોરદાર પ્રગતિ કરી શક્યા. બાકી આજે પણ અમેરિકાની છાવણીઓ હટી જાય તો ઈઝરાયલ સઉદી અરેબિયા સહિતના દેશોને ભડકે બાળીને તબાહ કરી નાખે ને આરબ દેશોને ક્રૂડ ઓઈલ મળ્યું એ પહેલાંની સ્થિતિમાં લાવી દે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૨૬–૩–૨૦૨૬, શ્રી દુર્ગાષ્ટમી, અશોકાષ્ટમી, શ્રી રામ નવમી

- ભારતીય દિનાંક ૫, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ –૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ–૮
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૬–૧૮ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સાંજે ક. ૧૮–૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૦૫ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૧૧–૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૦૮ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – અષ્ટમી. શ્રી દુર્ગાષ્ટમી, અશોકાષ્ટમી, શ્રી રામ નવમી, શ્રી અન્નપૂર્ણા અષ્ટમી, અન્નપૂર્ણા પૂજા (બંગાળ), ભવાની પ્રાગ્ટ્ય, મેલાબાહુ (કાશ્મીર), વાસંતી દુર્ગાપૂજા પ્રારંભ (બંગાળ), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૨૪–૨૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ દુર્ગાષ્ટમી ઉપવાસ, હવન, સપ્તસતી પાઠ શ્રી રામનવમી ઉત્સવ, મંદિરોમાં વિશેષપૂજા, ગુરુ–રાહુ ગ્રહદેવતાનું પૂજન, શિવપૂજા, અગરના ઔષધીય પ્રયોગો, ઔષધ ઉપચાર, બાળકને અન્નપ્રાશન, વિદ્યારંભ, આભૂષણ, રાજ્યાભિષેક, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, ઘર, ખેતર, મકાન લેવડદેવડ, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–બુધ ત્રિકોણ તીવ્રબુદ્ધિ પ્રતિભા, ચંદ્ર–ગુરુ યુતિ પ્રમાણિક, ચંદ્ર–મંગળ ત્રિકોણ પ્રવૃત્તિ પ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ત્રિકોણ, ચંદ્ર–ગુરુ યુતિ, ચંદ્ર–મંગળ ત્રિકોણ (તા. ૨૭).
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, મંગળ–કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ–મીન (શનિ અસ્ત), રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈસ્લામી શરિયતનું સાચું અર્થઘટનઃ ખુદાએ કરેલ રચનામાં ખામી ન હોય

**આજે** મેં તમારા દીનને તમારા માટે સંપૂર્ણ કરી દીધો અને મારી ને'મત (ઈશ્વરી દેણગી) તમારા પર સંપૂર્ણ કરી દીધી અને તમારા માટે ઈસ્લામને તમારા દીન (ધર્મ)ની હૈસિયતથી કબૂલ કરી લીધો. (હવાલોઃ સૂરે માએદાહ, આયત, ૩નું ભાવાનુવાદ).

પયગંબરી અને નબુવ્વતની સાંકળ ખતમ થઈ ચૂકી છે, તે પણ અલ્લાહતઆલાએ જ કુરાન શરીફમાં સૂરા અહઝાબની આયત ૪૦માં જાહેર કરી દીધું છે. તેમાં ફરમાવ્યું છે, અર્થઃ હે લોકો! મુહમ્મદ તમારા પુરુષો પૈકી કોઈના પિતા નથી, પરંતુ એ અલ્લાહના રસુલ અને ખાતમન્નબિય્યીન (એટલે નબી-સાંકળમાં છેલ્લી કડી) છે.

જયારે અલ્લાહતઆલા પોતે દીને ઈસ્લામને સંપૂર્ણ કરવાની અને તેને પસંદ કર્યો હોવાની તેમજ હવે પછી બીજો કોઈ નબી આવનાર નથી તેની જાહેરાત કરે છે, ત્યારે હવે કોઈને કશી જ દલીલ કરવાનો હક મળતો નથી, આથી સાબિત (પુરવાર) થયું કે, રસુલે ખુદા હઝરત મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસ્સલમ (સ.અ.વ.) આખરી અને અંતિમ નબી છે અને ઈસ્લામી શરિયત સંપૂર્ણ છે. એ પણ સાબિત થયું કે એજ શરિયત દરેક યુગ માટે વાજીબુલ અમલ છે. ઈસ્લામી શરિયત દરેક નુકસ (ખામી)થી પાક છે. શરિયતે મુહમ્મદીના વર્તુળમાં રહીને વ્યક્તિગત મામલાતને પણ શણગારી શકાય છે, સંસ્થાઓ અને મંડળો પણ ચલાવી શકાય છે અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પણ સુલઝાવી શકાય છે.

સુજ્ઞ વાચક મિત્રો! ઈસ્લામી શરિયત કોઈ એક ચોક્કસ યુગ માટે નથી. બલકે દરેક યુગ અને દરેક સમયને માટે કયામત સુધીના સમય માટે, એક દીવાદાંડી છે, સમયના પ્રવાહો વહેતા રહે અને માનવની જીવનરીતિમાં ગમે તેવા ક્રાંતિકારો ફેરફારો થતા રહે, તો પણ ઈસ્લામના કાનૂનો અને બંધારણ સંપૂર્ણ હોવાથી માનવીના વ્યક્તિગત અને કૌટુંબિક જીવનમાં, સામાજિક જીવનમાં, રાજકીય જીવનમાં, આંતરરાષ્ટ્રીય જીવનમાં, જે કાંઈ ઉકેલો જોઈતા હશે, તે બધા જ ઉકેલો આ જ શરિયતમાં મળી રહે છે.

ઈસ્લામી શરિયત, અલ્લાહતઆલાએ બનાવી છે. ખુદાની રચનામાં ખામી હોતી નથી. શરીઅતની સીડી પર ચઢીને જ, જન્નત અને આખેરતની ખુશીઓ તથા રબતઆલાનું સાન્નિધ્ય મળવાનું છે, માટે અલ્લાહતઆલાએ સાન્નિધ્ય મળવાનું છે, માટે અલ્લાહતઆલાએ જે બંધારણ કુરાન કરીમમાં મોમીન બંદાઓને આપ્યું છે, તે સંપૂર્ણ જ હોય, તે સ્વાભાવિક છે. એ બંધારણ મુજબ અમલ કરવાથી જ દુનિયા અને આખેરતમાં, માનવીનો ઉદ્ધાર થયો છે અને થશે. દીને ઈસ્લામમાં થઈ ગયેલા હજારો ઔલીયા, હજારો સૂફી-સંતો, હજારો આલિમો (જ્ઞાની-વિદ્વાનો), ઝાહિદો (ઈશ્વરની ઉપાસના કરનાર વિરક્ત) અને આબિદો (ભક્ત, ઉપાસકો)નો દુનિયામાં ઉદ્ધાર થયો છે, તેમને અલ્લાહતઆલાનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે, તેમની આખેરત ઉજ્જવળ બની છે, તેમની દુનિયા પણ, માનવો માટે એક આદર્શ એક નમૂનો બની છે. અર્થાત્ આજે પણ એવા સંતોનું, ઔલિયાએ કિરામનું જીવન ચરિત્ર આપણને માર્ગદર્શન આપે છે.

મુહમ્મદી શરિયતને આજે ૧૪૦૦ વર્ષ કરતાં પણ વધુ વર્ષો થઈ ગયાં છે. આ ચૌદ સદીમાં કેટલીય ઊથલપાથલ આ દુનિયામાં થઈ ગઈ છે. વિદ્યા-કળાઓમાં બેહદ વધારો થયો છે. વિજ્ઞાને હરણફાળ ભરી છે. નવી નવી શોધો થઈ છે અને હજુ વિચારી ન શકાય તેવી શોધો થવાની તૈયારી આંગણે દસ્તક દઈ રહી છે. વધતી જતી જરૂરિયાત મુજબ, માનવસર્જિત કાનૂને ઘણાં ખોળિયાં બદલવા પડયાં છે; આમ છતાં વધતા જતા અપરાધોમાં ઘટાડો થવાને બદલે સતત વધારો થતો જાય છે. એ પાછળનાં કારણો અજાણ્યાં નથી. એહસાસ થઈ શકે તેવાં છે.

ઈલાહી હુકમોની સ્પષ્ટતા તદ્દન સરળ શબ્દોમાં કરી દેવામાં આવી છે. તે વાચીને માનવી પોતાનો રસ્તો પોતે જ, તે આદેશોમાંથી શોધી લે છે. દાખલા તરીકે કુરાન કરીમની સુરા માએદાહની આયાત-૨માં આદેશ આપવામાં આવ્યો છે કે, 'જે કાર્યો નેકી અને ખૈરે ઈલાહીવાળાં છે, તેમાં તમે સૌ સાથ આપો; જે કાર્યો પાપનાં છે, તેમાં કોઈનેય સાથ ન આપો.'

રસુલે કરીમ હુઝૂર (સ.અ.વ.)મે ઉપરોક્ત આયતે કરીમાને હદીએ નબવીમાં આગળ વધારતા જે હિદાયત મોમિનોને આપી છે તથા શરિયતે મુહમ્મદીને તેના સાચા અર્થમાં સમજાવતા બીજા ઈલાહી હુકમોને લેખના આવતા અંકના ૩જા અને છેલ્લા ભાગમાં ઈન્શા અલ્લાહ વાંચીશું અને દીન સાથે દુન્યવી જીવન જીવવાની તાલીમ હાંસલ કરીશું.

* * *

**સાપ્તાહિક સંદેશ**

અલ્લાહની તસ્બીહ (પવિત્રતાની સ્તુતિ) માનવ તો શું પશુ-પક્ષી પણ રટણ કરતાં હોય છે. ગમે તેવી મુસીબત, આફત, બિમારીમાં અલ્લાહની પવિત્રતાને વ્યકત કરતી તસ્બીહ મુશ્કેલીમાંથી બહાર કાઢે છે. આવી એક તસ્બીહ છે 'યા સલામો યા અલ્લાહો (તમારા ઉપર અલ્લાહની સલામતી રહે). કોઈને ભારે બીમારી લાગુ પડી હોય, ત્યારે તેના શિરાણે બેસીને' યા સલામો યા અલ્લાહો'ની તસ્બીહ એવી રીતે પઢે કે, બીમારના માથા સાથે તસ્બીહ સ્પર્શ કરતી રહે. જ્યારે ૧૦૧ દાણાની તસ્બીહ પૂરી કરો ત્યારે તે તસ્બીહ બીમારના ઓશિકા નીચે મૂકી દો. બીજા દિવસે તમે નક્કી કરેલા સમયે ફરીથી પઢવા બેસો, ત્યારે તે તસ્બીહને લો અને ઉપર મુજબ ૧૦૧ વખત પઢો અને પઢી લીધા પછી ઓશિકા નીચે તે તસ્બીહ મૂકી દો. ત્રણ દિવસ અથવા ત્રણ રાત ઉપર મુજબ પઢવાનું છે. ઈન્શા અલ્લાહ શીફા (તંદુરસ્તી) થઈ જશે. જ્યારે સંપૂર્ણ તંદુરસ્તી મળી જાય, ત્યારે તે તસ્બીહ ઓશિકા નીચેથી કાઢી લેવી.

વહાલા વાચકો! અલ્લાહની સ્તુતિના ગુણગાન વ્યકત કરતી અનેક તસ્બીહ છે જે ઈસ્લામી કિતાબોમાં રજૂ કરવામાં આઅવી છે. દીને ઈસ્લામ વિશેના વર્તમાન પત્રોમાં પણ ઘણી કોલમો – લેખોમાંથી પણ તે વિશે જાણકારી મળી શકે છે. ■

પહેલા પાનાનું ચાલુ

### ઈરાને અમેરિકાની

મધ્યસ્થી કરવા પ્રયાસ કરી રહ્યા છે.

ઇરાને દાવો કર્યો હતો કે અમે યુએસએસ અબ્રાહમ લિંકન તરફ ક્રૂઝ મિસાઇલો છોડી હતી. આમ છતાં, તેને લગતી વધુ વિગત તાત્કાલિક મળી નહોતી.

અગાઉ, ઇરાનના નૌકાદળના વડા કમાંડર રીઅર ઍડમિરલ શાહરામ ઇરાનીએ ચેતવણી આપી હતી કે અમેરિકાનું વિમાનવાહક યુદ્ધજહાજ ઇરાનની મિસાઇલ્સની રૅન્જમાં આવશે, તો તેના પર હુમલો કરીશું. અમે અમેરિકાના જહાજ પર સતત નજર રાખી રહ્યા છીએ.

ઇરાનના લેફ્ટનન્ટ કર્નલ ઇબ્રાહિમ ઝોલ્ફાકરીએ દાવો કર્યો હતો કે અમેરિકાનો પરાજય થઇ રહ્યો છે.

તહેરાને પોતાને અમેરિકા તરફથી યુદ્ધવિરામની કોઇ યોજના મળી હોવાના અહેવાલને શરૂઆતમાં કોઇ સમર્થન નહોતું આપ્યું અને ઇઝરાયલ તેમ જ અખાતના આરબ દેશો પર વધુ હુમલા ચાલુ રાખ્યા હતા.

પાકિસ્તાને દાવો કર્યો હતો કે અમારા બે અધિકારીએ ઇરાનને શાંતિ માટેની ૧૫ મુદ્દાની યોજના સુપરત કરી હતી. આ મુદ્દામાં તહેરાનને પ્રતિબંધમાં રાહત આપવી, ઇરાને અણુ-કાર્યક્રમ પાછો ખેંચવો, મિસાઇલ્સ પર મર્યાદા મૂકવી, હોર્મુઝ સામુદ્રધુની વાહનોની સરળ અવરજવર માટે ખોલવાનો સમાવેશ કરાયો છે.

મધ્યસ્થી માટે કામ કરી રહેલા ઇજિપ્તના એક અધિકારીએ જણાવ્યું હતું કે શાંતિ સ્થાપવા માટેની દરખાસ્તમાં ઇરાન બળવાખોર સશસ્ત્ર સંગઠનોને ટેકો આપવાનું બંધ કરે એવી શરત પણ સમાવાઇ છે.

દરમિયાન, અમેરિકાએ પોતાના લશ્કરના ૮૨મા ઍરબૉર્ન ડિવિઝનના વધુ ૧,૦૦૦ સૈનિક યુદ્ધગ્રસ્ત ખાડી વિસ્તાર માટે મોકલ્યા હતા. આ ઉપરાંત, નૌકાદળના વધારે ૫,૦૦૦ સૈનિક પણ અખાતના દેશોમાં મોકલ્યા હતા.

યુદ્ધમાં ઇરાનના ૧,૫૦૦ લોકો, ઇઝરાયલના ૧૬, અમેરિકાના ૧૩, લેબેનોનના ૧,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. (એજન્સી) ■

### 'મુંબઈ સમાચાર'ના

દેશની બધી ભાષાઓમાં પ્રસિદ્ધ સાહિત્યકારોનું સન્માન કરીને તમામ ભાષાઓને બિરદાવવામાં આવશે. પરમ પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા વ્યાસપીઠ પર બિરાજમાન હશે.

આ ભવ્ય કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ આપવા 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવે બુધવારે વિધાન ભવન પહોંચ્યા ત્યારે પોતાના અતિવ્યસ્ત સમયપત્રકમાંથી સમય ફાળવીને ન ફક્ત આમંત્રણ સ્વીકાર્યું હતું પરંતુ માતૃભાષાના જતન માટે આવા અનોખા કાર્યક્રમનું આયોજન કરવાના વિચારને બિરદાવ્યો હતો અને ભાગવત સપ્તાહમાં એક દિવસ હાજરી આપવાની ખાતરી આપી હતી. ■

### ભારત નથી

કેમ કે વર્ષ ૧૯૮૧થી અમેરિકા પાકિસ્તાનનો ઉપયોગ કરી રહ્યું છે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે કહ્યું હતું કે ભારત દલાલ દેશ નથી. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિને મામલે કેન્દ્ર સરકારે મૌન સેવ્યું હોવાના આક્ષેપોને તેમણે નકારી કાઢ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે ભારત નિવેદન અને પ્રતિક્રિયા બંને આપી રહ્યું છે.

પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરવા બોલાવવામાં આવેલી સર્વપક્ષી બેઠક લગભગ ૯૦ મિનિટ ચાલી હતી. બેઠકમાં પ્રધાનોએ વિપક્ષના નેતાઓને પ્રવર્તી રહેલી વર્તમાન તણાવપૂર્ણ પરિસ્થિતિની દેશની ઊર્જા સુરક્ષા, વિદેશ નીતિ અને પ્રાદેશિક સ્થિરતા પર શું અસર થઈ શકે એમ છે એ અંગેની માહિતી આપી હતી.

દેશના પેટ્રોલ સહિતના ઈંધણની કોઈ અછત નથી અને હોર્મુઝ સામુદ્રધુની બંધ હોવાની વૈશ્વિક ચિંતા છતાં પુરવઠો સામાન્ય રહેશે એવી સરકારે વિપક્ષને બાંયધરી આપી હતી.

અનેક આંતરરાષ્ટ્રીય જહાજો ફસાયેલાં હોવા વચ્ચે અનેક ભારતીય જહાજો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે બહાર આવી ગયાં હોવાની બાબત મહત્ત્વની છે, એમ તેમણે કહ્યું બતું.

બેઠકમાં કેબિનેટ કમિટી ઑન સિક્યોરિટીનો હિસ્સો એવા તમામ કેન્દ્રીય પ્રધાનો, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, વિદેશ પ્રધાન એસ. જયશંકર અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સરકારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડા, સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ પણ બેઠકમાં હાજરી આપી હતી.

બેઠકમાં હાજરી આપનારાઓમાં કૉંગ્રેસના તારિક અનવર અને મુકુલ વાસનિક, સમાજવાદી પક્ષના ધર્મેન્દ્ર યાદવ અને બીજુ જનતા દળ (બીજેડી)ના સંબિત પાત્રાનો પણ સમાવેશ થતો હતો. (એજન્સી) ■

### પાઇપ ગૅસ

નેચરલ ગૅસ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનું વિતરણ (પાઇપલાઇન અને અન્ય સુવિધા દ્વારા વિતરણ કરવું) આદેશ, ૨૦૨૬ને નોટિફાઇ કર્યો છે અને તેનો હેતુ પાઇપલાઇન દ્વારા ગૅસ પૂરો પાડતું આંતરિક માળખું વિસ્તારવાનો છે અને વધુ ને વધુ લોકોને એલપીજીને બદલે પીએનજી વાપરતા કરવાનો છે.

મંત્રાલયના ૨૪ માર્ચના આદેશમાં જણાવાયું હતું કે જો પીએનજી ઉપલબ્ધ હોવા છતાં તે નહિ લેનારા ગ્રાહકને ત્રણ મહિનામાં એલપીજી આપવાનું બંધ કરાશે.

આમ છતાં, જો કોઇ જગ્યાએ પાઇપના જોડાણ દ્વારા ગૅસ પહોંચાડવાનું 'ટૅક્નિકલ દૃષ્ટિએ પરવડે એવું નહિ હોય' તો તેના માટે 'નૉ ઑબ્જેક્શન સર્ટિફિકેટ' આપવું પડશે.

તેલ મંત્રાલયના સચિવે સોશ્યલ મીડિયા 'એક્સ' પર જણાવ્યું હતું કે ગૅસની આ કટોકટીને 'તક'માં રૂપાંતરિત કરાશે.

જીવનાવશ્યક ચીજવસ્તુ ધારા (એસેન્શિયલ કૉમૉડિટીઝ ઍક્ટ) હેઠળ સંબંધિત આદેશ બહાર પડાયો છે અને તેના (ગૅસની પાઇપલાઇન નાખવા) માટે ઝડપી મંજૂરી અપાશે.

રહેઠાણ વિસ્તારોમાં ગૅસની પાઇપલાઇન નાખવા કામકાજના ત્રણ દિવસમાં પરવાનગી આપવી પડશે અને પીએનજીનું જોડાણ ૪૮ કલાકમાં જ અપાશે અને તેના માટે ઇનકાર કરી નહિ શકાય. કોઇ વાંધા હશે, તો તે દીવાની અદાલતમાંના નિયુક્ત અધિકારીઓ ઉકેલશે.

જો સત્તાવાળા મંજૂરી મળ્યાના ચાર મહિનામાં પાઇપલાઇન નહિ નાખે, તો તેને દંડ કરાશે.

પેટ્રોલિયમ ઍન્ડ નેચરલ ગૅસ રેગ્યુલેટરી બોર્ડ (પીએનજીઆરબી)ને આ સંપૂર્ણ કાર્યવાહી એટલે કે ગૅસની પાઇપલાઇન માટે મંજૂરી આપવી કે અરજી નામંજૂર કરવી અને તેનું કામ પૂરું કરવાની સત્તા અપાઇ છે. જો રહેઠાણ સંકુલ પાઇપ દ્વારા ગૅસ પૂરો પાડવા માટેનું જોડાણ આપતી પરવાનગી નહિ આપે, તો નોટિસ આપીને ત્રણ મહિના પછી ત્યાં એલપીજી પુરવઠો બંધ કરાશે.

જો કોઇ જગ્યાએ ગૅસની પાઇપલાઇન નાખવી 'ટૅક્નિકલ દૃષ્ટિએ પરવડે એવું નથી' એવું 'નૉ-ઑબ્જેક્શન સર્ટિફિકેટ' (એનઓસી) અપાયું હશે, તો તેનો રેકોર્ડ પણ રાખવો પડશે. (એજન્સી) ■

### 'વંદે માતરમ્'

જણાવ્યું હતું કે મારા અસીલ દેશના દરેક ધર્મ પ્રત્યે માન ધરાવે છે, પરંતુ દરેક ધર્મના લોકોને 'વંદે માતરમ્' ગાવાની ફરજ પાડવી અયોગ્ય ગણાય.

ન્યાયાધીશ બાગચીએ પૂછ્યું હતું કે શું 'વંદે માતરમ્' નહિ ગાનારી વ્યક્તિ માટે આ પરિપત્રમાં દંડની જોગવાઇ છે? શું 'વંદે માતરમ્' નહિ ગાનારી કોઇ વ્યક્તિને સભા કે ટોળામાંથી બહાર કઢાઇ હતી?

વકીલ હેગડેએ જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' ગવાતું હોય ત્યારે તેમાં વિઘ્ન ઊભું કરનારી વ્યક્તિને દંડ થઇ શકે છે, પરંતુ 'વંદે માતરમ્' નહિ ગાનારી કે તે ગવાતું હોય ત્યારે ઊભી નહિ થનારી વ્યક્તિનો વિરોધ થઇ શકે છે. આમ છતાં, આવી વ્યક્તિ સામે કાયદેસર કાર્યવાહી કરી નથી શકાતી. દેશના મુખ્ય ન્યાયાધીશે અરજદારના વકીલને પૂછ્યું હતું કે શું તમારા અસીલને 'વંદે માતરમ્' નહિ ગાવા બદલ કોઇ નોટિસ આપી છે?

ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના સંબંધિત પરિપત્રની કલમ પાંચમાં 'may' શબ્દ લખાયો છે અને તેથી વ્યક્તિએ 'વંદે માતરમ્' ગાવું કે નહિ, તે મરજિયાત છે અને કોઇના કાયદેસર અધિકારનો ભંગ નથી કરતો. (એજન્સી) ■

# બાળકીના બળાત્કારને મામલે હરિયાણા પોલીસનો અભિગમ શરમજનકઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ ગુરુગ્રામમાં ત્રણ વર્ષની બાળકી પર કરવામાં આવેલા બળાત્કારને મામલે હરિયાણા પોલીસે અપનાવેલા અભિગમને સુપ્રીમ કોર્ટે શરમજનક અને અસંવેદનશીલ લેખાવ્યો હતો અને કેસની યોગ્ય અને ન્યાયી તપાસ માટે બુધવારે મહિલા આઈપીએસ અધિકારીની વિશેષ ટીમની રચના કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે હરિયાણા સરકારને તાત્કાલિક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) જાહેર કરવા જણાવ્યું હતું અને તપાસ સમિતિને કેસ સંબંધિત તમામ રેકોર્ડસ સુપરત કરવાનો ગુરુગ્રામ પોલીસને આદેશ આપ્યો હતો.

પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યૂઅલ ઓફેન્સ (પોક્સો) અંતર્ગત દાખલ કરવામાં આવેલા એફઆઈઆરમાં ગુનાની કડક જોગવાઈઓને હળવી કરવા બદલ ખંડપીઠે હરિયાણા પોલીસ પર આકરાં પ્રહાર કર્યા હતા.

બાળકીનું નિવેદન સંપૂર્ણપણે ફેરવી નાખનાર ખાનગી હૉસ્પિટલના ડૉક્ટરને પણ ખંડપીઠે આડેહાથ લીધા હતા.

સુપ્રીમ કોર્ટે ગુરુગ્રામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને કારણદર્શક નોટિસ પાઠવી હતી અને કેસને મામલે તપાસમાં દાખવેલી બેદરકારી બદલ તેમની વિરુદ્ધ શા માટે પગલાં ન લેવામાં આવે એવો પ્રશ્ન કર્યો હતો.

ખંડપીઠે ગુરુગ્રામ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (સીડબ્લ્યુસી)ને પણ કારણદર્શક નોટિસ પાઠવી હતી અને શા માટે તેને હટાવવામાં ન આવવી જોઈએ એવો પ્રશ્ન કર્યો હતો.

પોલીસ શા માટે અસરગ્રસ્તનાં ઘરે નહોતી ગઈ? શું તેઓ રાજા છે? જે ઘરે ગયો હતો તેની ભ્રષ્ટાચારના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી.(એજન્સી) ■

**સમાન કામ, સમાન વેતન**

# ગ્રામ પંચાયતમાંથી પાલિકામાં સામેલ થયેલા કર્મચારીઓને હાઈ કોર્ટની રાહત

મુંબઈ: મુંબઈ હાઈ કોર્ટે ગ્રામ પંચાયતમાંથી મહાનગરપાલિકામાં સામેલ થયેલા કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો. કોર્ટે નોંધ્યું કે જો ગ્રામ પંચાયતના કર્મચારીઓએ નિયમિત કર્મચારીઓની જેમ જ કામ કર્યું હોય, તો તેઓ સમાન વેતન માટે હકદાર છે. આવા કર્મચારીઓને ઓછું વેતન આપવું એ ભેદભાવ છે અને તે બંધારણની કલમ ૧૪ અને ૧૬નું ઉલ્લંઘન છે.

ન્યાયમૂર્તિ જી.એસ. કુલકર્ણી અને આરતી સાઠેની ખંડપીઠ સમક્ષ ૨૮ કર્મચારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સંબંધિત કર્મચારીઓની શરૂઆતની નિમણૂક ગ્રામ પંચાયતોમાં થઈ હતી. ૨૦૦૯માં વસઈ-વિરાર શહેર મહાનગરપાલિકાની સ્થાપના થયા બાદ તેઓને મહાનગરપાલિકામાં સામેલ કરવામાં આવ્યા હતા.

સફાઈ કામદાર, કલાર્ક અને પટાવાળા તરીકે કાર્યરત અરજદારોએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, તેઓ નિયમિત કર્મચારીઓની જેમ જ કામ કરી રહ્યા હોવા છતાં તેમને માત્ર લઘુત્તમ વેતન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, તેઓને નિયમિત પગાર ધોરણ, ભથ્થાં અને અન્ય સેવાકીય લાભોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. બીજી તરફ મહાનગરપાલિકાએ એવી દલીલ કરી હતી કે આ કર્મચારીઓની નિમણૂક ગ્રામ પંચાયતો દ્વારા નિયમિત ભરતી પ્રક્રિયા વિના, એકમરકમ ધોરણે કરવામાં આવી હતી. તેથી તેઓ નિયમિત પગાર ધોરણ માટે પાત્ર નથી.

કોર્ટે મહાનગરપાલિકાની દલીલને ફગાવી દેતા નોંધ્યું હતું કે, કર્મચારીઓએ ઘણા વર્ષો સુધી નિયમિત કર્મચારીઓની જેમ જ કામ કર્યું છે અને તેમના કામના સ્વરૂપમાં કોઈ તફાવત હોવાનું સાબિત થયું નથી.

આ પૃષ્ઠભૂમિ પર કોર્ટે રિટ અરજી મંજૂર કરી અને મહાનગરપાલિકાને સંબંધિત કર્મચારીઓના પગાર નિયમિત કર્મચારીઓ મુજબ ચૂકવવાનો નિર્દેશ આપ્યો અને વાર્ષિક આઠ ટકા વ્યાજ સાથે ચાર અઠવાડિયામાં બાકી રકમ ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. ■

# મોરેશિયસમાં મહારાષ્ટ્ર ભવનનો શિલાન્યાસ

## રાજ્ય સરકારે આઠ કરોડ રૂપિયા આપ્યા, એઆઈ અને સાયબર સુરક્ષા પર પણ ચર્ચા થઈ

મુંબઈ: મોરેશિયસની ભૂમિ પર ભારતીય સંસ્કૃતિ અને મરાઠી ઓળખનો એક નવો અધ્યાય શરૂ થયો છે. મોરેશિયસના મોકામાં મહારાષ્ટ્ર ભવનની ઇમારતનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. આ ખાસ પ્રસંગે મહારાષ્ટ્ર ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે રવિન્દ્ર ચવ્હાણે કહ્યું કે મહારાષ્ટ્ર અને મોરેશિયસ વચ્ચેનો સંબંધ દાયકાઓ જૂનો છે. તેમણે ગર્વ વ્યક્ત કરતા કહ્યું કે, મોરેશિયસમાં રહેતો મરાઠી સમાજ હજુ પણ તેમના સાંસ્કૃતિક મૂળિયાં સાથે મજબૂત રીતે જોડાયેલો છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની પહેલ પર આ ઇમારતના વિસ્તરણ માટે આઠ કરોડ રૂપિયાનું ભંડોળ આપવામાં આવ્યું છે,જેના માટે ત્યાંના મરાઠી સમુદાયે મહારાષ્ટ્ર સરકારનો આભાર માન્યો હતો. આ ઈમારતના ઓડિટોરિયમનું નામ 'સ્વતંત્રવીર સાવરકર' રાખવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે, જેને સ્થાનિક લોકોએ આવકાર્યો છે.રવિન્દ્ર ચવ્હાણે તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, મોરેશિયસના પ્રમુખ ધરમબીર ગોકુલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ બેઠકમાં ભારત અને મોરેશિયસના ભવિષ્યના મહત્ત્વપૂર્ણ વિષયો જેમ કે બ્લુ ઇકોનોમી, પર્યટન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને સાયબર સુરક્ષા પર ચર્ચા કરવામાં આવી હતી. ગોકુલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને દેવેન્દ્ર ફડણવીસના કાર્યની પ્રશંસા કરી અને મોરેશિયસને ભારતનો નાનો ભાઈ ગણાવ્યો.આ પ્રવાસથી માત્ર ભવનનું નિર્માણને જ નહીં પણ સાંસ્કૃતિક સંબંધો પણ મજબૂત થયા. આ ઉપરાંત મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક વિભાગ વતી, મોરેશિયસના અનેક મંદિરો અને સંસ્થાઓ જેમ કે વિઠોબા રખુમાઈ મરાઠા મંદિર અને શ્રી ગજાનન સરસ્વતી મંદિરને અનુદાનના ચેક આપવામાં આવ્યા હતા. સાથે, યુનેસ્કોમાં જાગરી નૃત્યનો સમાવેશ કરાવવા અને પુસ્તકાલયોના વિસ્તરણ અંગે પણ સકારાત્મક ચર્ચાઓ થઈ. ■


## ☎ APPOINTMENTS ☎

**BAI AVABAI F. PETIT GIRLS' HIGH SCHOOL**
**BANDRA MUMBAI 400050**

**VACANCY FOR THE POST OF HEAD, BOARDING SECTION**

**Requirements:**
- The prospective candidate must be a Zoroastrian lady.
- She should be a graduate with strong communication and interpersonal skills. Fluency in speaking, reading, and writing English is mandatory.
- The candidate must be diligent, caring, and kind, with the ability to maintain good discipline. She should be willing to take full responsibility for the day-to-day operations and welfare of the boarders.
- She should be a team player, capable of fostering unity among the boarding staff and building a strong, cohesive team.
- Preferred age: 45 to 50 years (flexible for a suitable candidate).

**Remuneration:**
- Boarding and lodging will be provided on the school campus.
- Attractive remuneration, commensurate with the candidate's capability and experience.

**Application Process:**
Interested candidates are requested to apply within 7 days of this advertisement via email at **recruitment.petit@avabaipetit.com**

The application should include a detailed biographical profile of the candidate, along with relevant supporting documents such as educational qualifications, mark sheets, and testimonials from previous employment.


# ભિવંડી-નિઝામપુર પાલિકાએ ૨૦૨૬-૨૭ માટે ₹૧,૧૭૯ કરોડનું બજેટ

થાણે: મહારાષ્ટ્રના ભિવંડી-નિઝામપુર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧,૧૭૯.૧૦ કરોડનું બજેટ રજૂ કર્યું છે. જેમાં માળખાગત સુવિધાઓ, શિક્ષણ, પરિવહન અને કલ્યાણકારી યોજનાઓ માટે ફાળવણી કરવામાં આવી છે.મંગળવારે મ્યુનિસિપલ કમિશનર અનમોલ સાગરે રજૂ કરેલા બજેટમાં, અમૃત ૨.૦ હેઠળ ૧૦૦ એમએલડી પાણી પુરવઠા પ્રોજેક્ટ માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે ફાયર અને ટેકનિકલ વિભાગોમાં કુશળ કર્મચારીઓની ભરતી માટે ૩.૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. મહિલાઓ, બાળકો, નબળા વર્ગો અને અપંગ વ્યક્તિઓ માટે રૂ. ૩૨૬.૪૦ લાખ ફાળવવામાં આવ્યા છે, એમ એક નિવેદનમાં જણાવ્યું હતું.બજેટમાં મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડિંગના સમારકામ માટે રૂ. ૪ કરોડ અને શહેરી ઉત્થાન અને મૂળભૂત વિકાસ યોજના હેઠળ માળખાગત સુવિધાઓ માટે રૂ. ૫૯.૪૨ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે, જેમાંથી રૂ. ૨૨ કરોડ આગામી વર્ષના આયોજન માટે અનામત રાખવામાં આવ્યા છે. ■



**હમારે રામ આયે...:** આજે રામનવમીની જોરદાર ઉજવણી મુંબઈ સહિત સંપૂર્ણ દેશમાં કરવામાં આવશે ત્યારે બુધવારે એક કલાકાર શ્રીરામની પ્રતિમાને આખરી ઓપ આપતા કચકડે કંડારાયો હતો. (અમય ખરાડે)

# ૧ જાન્યુઆરી, ૨૦૧૧ સુધીના સરકારી જમીન પરનાં અતિક્રમણોને નિયમિત કરવાનો નિર્ણય

## લાખો નાગરિકોને ફાયદો, મુંબઈ એમએમઆર બાકાત

મુંબઈ: રાજ્ય પ્રધાનમંડળની બેઠકમાં સરકારી જમીન પરના અતિક્રમણો અંગે મોટો નિર્ણય લેવામાં આવ્યો. ૧ જાન્યુઆરી ૨૦૧૧ પહેલા થયેલા ૧૫૦૦ ચોરસ ફૂટ સુધીના અતિક્રમણોને નિયમિત કરવાની મંજૂરી આપવામાં આવી છે, જેનાથી લાખો નાગરિકો માટે પોતાના હક્કનું ઘર મેળવવાનો માર્ગ મોકળો થશે.

નવા નિર્ણય મુજબ, સરકારી જમીન પરના ૫૦૦ ચોરસ ફૂટ સુધીના અતિક્રમણ કોઈપણ ફી લીધા વિના નિયમિત કરવામાં આવશે. આના કારણે આર્થિક રીતે નબળા વર્ગ માટે મોટી રાહત મળશે.

૫૦૦ થી ૧૫૦૦ ચોરસ ફૂટ સુધીના અતિક્રમણો માટે શુલ્ક લેવામાં આવશે. રહેણાંક હેતુ માટેના અતિક્રમણો પર રેડી રેકનર દરના ૧૦ ટકા શુલ્ક લેવામાં આવશે. જો આ જ જગ્યાનો ઉપયોગ વ્યાપારી હેતુ માટે કરવામાં આવતો હોય, તો રેડી રેકનર દરના ૨૫ ટકા લેખે શુલ્ક વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૧૫૦૦ ચોરસ ફૂટથી વધુ વિસ્તાર પરના અતિક્રમણો કોઈપણ સંજોગોમાં નિયમિત કરવામાં આવશે નહીં.

આ નિર્ણયથી રાજ્યના લગભગ ૩૦ લાખ બાંધકામોને ફાયદો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ નિર્ણય સરકારી જમીન, ખેતીલાયક જમીન અને જિલ્લા કલેક્ટરના અધિકારક્ષેત્ર હેઠળની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની જમીન પરના અતિક્રમણને પણ લાગુ પડશે. મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ને નિર્ણયમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. ■

**રેબીઝથી બાળકીનું મૃત્યુ**

# બાળકીના સંપર્કમાં આવનાર તમામ લોકોને રસી આપવાનું શરૂ કરાયું

વસઈ: નાલાસોપારામાં નવ વર્ષની બાળકીનું રેબીઝના ચેપને કારણે મૃત્યુ થયું હતું. આ ઘટનાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગ રેબીઝના વધુ ચેપને રોકવા માટે સતર્ક થયો છે અને સોસાયટીઓ, શાળાઓ અને બાળકીના સંપર્કમાં આવેલા લોકોનું રસીકરણ કરવાની ઝુંબેશ હાથ ધરી છે.

નાલાસોપારામાં સુબોધ સાગર નામની એક સોસાયટી આવેલી છે. આ સોસાયટીમાં કશિશ સાહની નામની એક બાળકી રહેતી હતી. છ મહિના પહેલા એક કૂતરાનો નખ વાગ્યો હતો. જોકે થોડા દિવસ પછી ઘા રૂઝાઈ ગયો હતો અને ત્યારબાદ, તેને કોઈ જરૂરી સારવાર આપવામાં આવી નહોતી. પરિણામે, તેને હડકવા થયો અને કમનસીબે સારવાર દરમિયાન બાળકીનું મૃત્યુ થયું હતું. ■

# શીખ સમુદાયની ધાર્મિક લાગણી દુભાવવા બદલ 'ધુરંધર'ની સિક્વલ વિરુદ્ધ ફરિયાદ

મુંબઈ: બ્લૉકબસ્ટર ફિલ્મ નધુરંધર: ધ રિવેન્જથના નિર્માણકારો અને મુખ્ય ભૂમિકા ભજવનારા અભિનેતા રણવીર સિંહે શીખ સમુદાયની ધાર્મિક લાગણી દુભાવી હોવાનું જણાવી શીખ સંગઠન દ્વારા મુંબઈમાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

ફિલ્મના પોસ્ટરમાં રણવીરને માથે પાઘડી, લાંબી દાઢી અને કડો પહેરેલો બતાવવામાં આવ્યો છે, જે શીખ સમુદાયનાં પવિત્ર પ્રતીકો છે, એવું નશીખ્સ ઈન મહારાષ્ટ્રથએ ફરિયાદમાં જણાવ્યું હતું.

આવા દેખાવ સાથે રણવીરને હાથમાં સિગારેટ પકડેલો બતાવાયો છે, જેનાથી શીખ સમુદાયની ધાર્મિક લાગણી દુભાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ મામલે ૧૭ માર્ચે મુલુંડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી.

સંગઠને ફિલ્મના ડિરેક્ટર, પ્રોડ્યુસર અને અભિનેતા રણવીર સિંહ વિરુદ્ધ પગલાં લેવાની માગણી કરી છે. જોકે આ પ્રકરણે એફઆઈઆર નોંધવામાં આવ્યો નથી, પરંતુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસે બુધવારે જણાવ્યું હતું.

ફિલ્મ ૧૯ માર્ચે રિલીઝ થઈ હતી અને ગ્લૉબલ બૉક્સ ઑફિસ પર તેણે ૭૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ૨૦૨૫માં રિલીઝ થયેલી આદિત્ય ધારની નધુરંધરથ ફિલ્મની આ સિક્વલમાં રણવીર સિંહ મુખ્ય ભૂમિકામાં છે. ગયા વર્ષે રિલીઝ થયેલી ધુરંધર ફિલ્મ દુનિયાભરમાં બૉક્સ ઑફિસ પર ૧૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી આપી હતી. (પીટીઆઈ) ■

# ઓનલાઈન જાતીય શોષણ માટે જેલની સજા

## એસિડ હુમલા પીડિતોની ઓળખ સુરક્ષિત રાખવાની પણ શક્તિ બિલમાં જોગવાઈ

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં બુધવારે સર્વાનુમતે ભારતીય ન્યાય સંહિતા (મહારાષ્ટ્ર સુધારો) બિલ ૨૦૨૬ પસાર થયું, જેમાં એસિડ હુમલાના પીડિતોની ઓળખને સુરક્ષિત રાખવા અને ઓનલાઈન જાતીય શોષણ માટે જેલની સજા સુનિશ્ચિત કરવા માટે શક્તિ બિલમાં જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બિલ અગાઉ રાજ્ય વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું.

ગૃહ વિભાગ સંભાળતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કાઉન્સિલમાં બોલતા કહ્યું કે શક્તિ બિલ ૨૦૨૦ માં રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રપતિની સંમતિ માટે કેન્દ્રને મોકલવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિએ તેને એમ કહીને પાછું મોકલી દીધું હતું કે, કેન્દ્ર તત્કાલીન ભારતીય દંડ સંહિતા, સીઆરપીસી (ક્રિમિનલ પ્રોસિજર કોડ) અને જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ (પોક્સો) અધિનિયમની જોગવાઈઓને જોડીને સમાન કાયદો બનાવી રહ્યું છે. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) જુલાઈ ૨૦૨૪માં અમલમાં આવ્યું હતું. કેન્દ્રએ રાજ્યને પૂછ્યું કે શું મહારાષ્ટ્રના સંદર્ભમાં બીએનએસ માં હજુ પણ સુધારાની જરૂરી છે,એમ તેમણે ઉમેર્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે, તે મુજબ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ માટે કડક સજાની જોગવાઈઓ ધરાવતા પ્રસ્તાવિત શક્તિ કાયદાની બધી જોગવાઈઓ બીએનએસમાં સમાવિષ્ટ છે કે કેમ તે જોવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી.

પેનલના સૂચનને અનુસરીને ભારતીય ન્યાય સંહિતા (મહારાષ્ટ્ર સુધારો) બિલ ૨૦૨૬માં બે જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. આ જોગવાઈઓમાંથી એકનો હેતુ એસિડ હુમલાના પીડિતોના નામ સુરક્ષિત રાખવાનો છે.

તેમણે ઉમેર્યું હતું કે આ સુધારામાં ઈમેલ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા ડિજિટલ માધ્યમો દ્વારા જાતીય પ્રવૃત્તિને ગુનો બનાવવામાં આવ્યો છે જેમાં ત્રણ વર્ષની જેલ અને દંડનો સમાવેશ થાય છે. ■






# સાયન હૉસ્પિટલમાં ગૅસ પાઈપલાઈનમાં ગળતર, દર્દીઓમાં ગભરાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સુધરાઈ સંચાલિત સાયન હૉસ્પિટલના પરિસરમાં મંગળવારે મોડી રાતે ગૅસ પાઈપલાઈનમાં ગળતર થવાની ફરિયાદ આવી હતી. ગૅસની વાસ પરિસરમાં આવતા થોડા સમય માટે હૉસ્પિટલ પરિસરમાં દર્દીઓના સંબંધી સહિત કર્મચારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે સદ્‌નસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સાયન હૉસ્પિટલના કેમ્પસમાં કોલેજ બિલ્ડિંગ નજીકના ગેટ નંબર એક પાસે ગૅસ ગળતરની ફરિયાદ મંગળવારે રાતના ૧૧ વાગ્યાની આસપાસ આવી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ ચાર ફાયર ઍન્જિન અને અન્યફાયર ફાઈટિંગ વેહિકલ સાથે પહોંચી ગઈ હતી. તપાસ દરમ્યાન ગળતર મહાનગર ગૅસ લિમિટેડ (એમજીએલ)ની પાઈપલાઈનમાં થઈ રહ્યું હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી તાત્કાલિક એમજીએલના અધિકારી, ફાયરબ્રિગ્રેડ સહિત પોલીસે સુરક્ષા પગલા તરીકે પાઈપલાઈનનું કનેકશન બંધ કરી દીધું હતું અને બાદમાં એમજીએલ દ્વારા સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.મધ્ય મુંબઈમાં આવેલી પાલિકા સંચાલિત સાયન હૉસ્પિટલમાં મોટા પ્રમાણમાં દર્દીઓની ભીડ રહેતી હોય છે. રાતના સમયે પણ હૉસ્પિટલના પરિસરમાં મોટી સંખ્યામાં દર્દીઓના સંબંધી રહેતા હોય છે. તેથી ગૅસ ગળતરને કારણે હૉસ્પિટલ પ્રશાસન તરત અલર્ટ થઈ ગયું હતું. જોકે સદ્‌નસીબે ગળતર બંધ કરવામાં સફળતા મળતા મોટી દુર્ઘટના ટળી હતી. ■

# પબ્સ અને પાર્ટીઓમાં ડ્રગ્સ સપ્લાય કરનારા બે આરોપી લખનઊમાં પકડાયા

## બજારમાં મળતાં કેમિકલમાંથી બ્રાઉન સુગર બનાવતા: આરોપીની નેપાળ ફરાર થવાની યોજના હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પબ્સ, હોટેલ્સ અને ખાનગી પાર્ટીઓમાં નશીલા પદાર્થ સપ્લાય કરનારી આંતરરાજ્ય ટોળકીના બે સભ્યને લખનઊમાંથી પકડી પાડવામાં આવ્યા હતા. બજારમાં મળતાં કેમિકલમાંથી બ્રાઉન સુગર બનાવતી આ ટોળકીના બન્ને સભ્ય વસઈમાં કન્સાઈન્મેન્ટ પકડાઈ જતાં નેપાળ ફરાર થવાની તૈયારીમાં હતા.

ધરપકડ કરાયેલા બન્ને આરોપીની ઓળખ ભાવેશ પ્રભાકર ચૌહાણ ઉર્ફે લાલુ અને શોએબ અશરફ પઠાણ ઉર્ફે બટલા તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના હરદોઈનો ભાવેશ હાલમાં નાલાસોપારાના અલકાપુરી ખાતે શોએબ સાથે રહેતો હતો.

નાયગાંવ પોલીસે પાંચમી ફેબ્રુઆરીએ ડ્રગ્સનું એક કન્સાઈન્મેન્ટ પકડી પાડ્યું હતું. એ કેસની તપાસમાં ભાવેશ અને શોએબનું નામ સામે આવ્યું હતું. બન્ને ઉત્તર પ્રદેશના લખનઊમાં સંતાયા હોવાની માહિતી પોલીસને મળી હતી. પરિણામે નાયગાંવ પોલીસની ટીમ લખનઊ પહોંચી હતી.

ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની મદદથી બન્ને શકમંદનું લૉકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું. બન્ને લખનઊના ચારબાગ રેલવે સ્ટેશન પાસે નજરે પડ્યા હોવાની જાણકારી પોલીસને મળી હતી. માહિતીને આધારે યુપી એસટીએફની મદદથી નાયગાંવ પોલીસે ભાવેશ અને શોએબને રેલવે સ્ટેશને પાસેના ટેમ્પો સ્ટૅન્ડ ખાતેથી તાબામાં લીધા હતા.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બન્ને આરોપી આંતરરાજ્ય ડ્રગ્સ તસ્કરી કરનારી ટોળકી સાથે સંકળાયેલા હતા. બજારમાં સહેલાઈથી ઉપલબ્ધ કેમિકલનો ઉપયોગ કરીને બ્રાઉન સુગરનું ઉત્પાદન કરતા હતા. પછી એ ડ્રગ્સ મહારાષ્ટ્રની વિવિધ પબ્સ, હોટેલ્સ અને ખાનગી પાર્ટીઓમાં સપ્લાય કરતા હતા. ■

# સરકારી સ્કીમમાં નાણાં ડબલઃ ૧.૪૬ કરોડની છેતરપિંડી કરવા બદલ માતા-પુત્ર વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સરકારની વિવિધ સ્કીમમાં રોકાણ કરેલી રકમ પર ઊંચું વળતર અને ટૂંકા ગાળામાં નાણાં ડબલ થવાની લાલચ બતાવી ૧.૪૬ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા પ્રકરણે પોલીસે માતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપીઓની ઓળખ ત્રિશલ કાલા અને પ્રતીક કાલા તરીકે થઈ હતી. પ્રતીક પોતાની ઓળખ ભારત સરકારના ફોરેન ઍન્ડ ટ્રેડ ડિપાર્ટમેન્ટના વરિષ્ઠ અધિકારી તરીકે આપતો હતો. આવી ખોટી ઓળખ બતાવી તેણે ફરિયાદી અને અન્યોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો.

અંધેરીના લોખંડવાલા કોમ્પ્લેક્સ ખાતે પરિવાર સાથે રહેતી ૪૭ વર્ષની મહિલા લેડીઝ ગાર્મેન્ટની દુકાન ચલાવે છે. ગયા વર્ષના ઑક્ટોબરમાં તે પ્રતીક કાલાના સંપર્કમાં આવી હતી. તે સમયે પ્રતીકે પોતાની ઓળખ સરકારી અધિકારી તરીકે બતાવી પોતાની વિશ્વસનીયતા દાખવવા અશોક સ્તંભની છાપવાળું વિઝિટિંગ કાર્ડ પણ આપ્યું હતું.

ભારત સરકારે તેના ફોરેન ઍન્ડ ટ્રેડ ડિપાર્ટમેન્ટ હેઠળ વિવિધ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ રજૂ કરી હોવાથી તેમાં રોકાણ કરવા પર ઊંચું વળતર મળશે, એવી ખાતરી પ્રતીકે આપી હતી. એ સિવાય તેણે બોનાન્ઝા સ્કીમ વિશે પણ માહિતી આપી હતી, જેમાં રોકાણ કરેલી રકમ ટૂંક સમયમાં જ બમણી થવાની લાલચ આપી હતી.

આરોપીના દાવાને ખરા માની ફરિયાદીએ તેની સાથે પરિવારના સભ્યો, સગાં અને મિત્રોના ૧.૪૬ કરોડ રૂપિયા વિવિધ સ્કીમમાં રોક્યા હતા, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

જોકે કોઈ પણ રોકાણકારને તેમની નાણાં ડબલ કરીને મળ્યાં નહોતાં. આ અંગે પૂછપરછ કરતાં આરોપી ઉડાઉ જવાબ આપતા હતા. શંકાને આધારે ફરિયાદીએ તપાસ કરતાં પ્રતીક કાલા કોઈ પણ સરકારી વિભાગ સાથે સંકળાયેલો ન હોવાનું જાણવા મળ્યું હતું. પોતે છેતરાઈ હોવાનું જણાતાં ફરિયાદીએ ઓશિવરા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે પ્રતીક અને તેની માતા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ૧૧૭ કરોડનું મની લૉન્ડરિંગઃ કોર્ટે પુણેના બિઝનેસમૅનના જામીન નકાર્યા

## આર્થિક ગુનાઓ અત્યંત જોખમી હોવાનું કોર્ટે નોંધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આર્થિક ગુના દેશની આર્થિક હાલત માટે અત્યંત જોખમી હોવાનું નોંધીને મુંબઈની વિશેષ અદાલતે ૧૧૭ કરોડ રૂપિયાના મની લૉન્ડરિંગના કેસમાં પુણેના બિઝનેસમૅન અમિત થેપાડેને જામીન નકાર્યા હતા.

પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ નોંધવામાં આવેલાં નિવેદનો આરોપી વિરુદ્ધ નમજબૂત કેસથ ઊભો કરે છે, એવું કોર્ટે જણાવ્યું હતું. મની લૉન્ડરિંગના કેસમાં સાત મહિના અગાઉ ધરપકડ કરાયેલા આરોપી થેપાડે વિરુદ્ધ પૂરતી સામગ્રી હોવાનું જણાવીને સ્પેશિયલ પીએમએલએ કોર્ટના જજ આર. બી. રોટેએ બિઝનેસમૅનની જામીન અરજી નકારી કાઢી હતી.

આર્થિક ગુના દેશની આર્થિક સ્થિતિ માટે અત્યંત જોખમી હોવાનું પણ કોર્ટે નોંધ્યું હતું. ગૅલેક્સી કન્સ્ટ્રક્શન ઍન્ડ કોન્ટ્રાક્ટર્સ પ્રા. લિ. (જીસીસીએલ) અને મિત્સોમ એન્ટરપ્રાઈઝીસ પ્રા. લિ. (એમઈપીએલ)ના ડિરેક્ટર અને પ્રમોટર થેપાડેની ૨૪ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) ધરપકડ કરી હતી.

સીબીઆઈ દ્વારા ૨૦૨૨માં થેપાડે વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં એવો આરોપ કરાયો હતો કે થેપાડે અને તેના સાથીઓએ પોતાની કંપનીઓ માટે પુણેની કૅનેરા બૅન્કમાંથી છેતરપિંડીના માધ્યમથી ધિરાણ સુવિધાઓ પ્રાપ્ત કરી હતી.

બચાવ પક્ષના વકીલ મિથિલેષ મિશ્રાએ દલીલ કરી હતી કે બિઝનેસમૅને લોન પ્રાપ્ત કરવા સ્થાવર મિલકતો ગિરવી મૂકી હતી અને રકમનો અમુક હિસ્સો પરત કર્યો હતો.

તેમણે દલીલ કરી હતી કે અરજદારને મંજૂર કરાયેલી લોન સંરક્ષિત હતી અને પુનઃચુકવણી સંબંધનો વિવાદ મુખ્યત્વે સિવિલ મામલો છે.

# મીરા રોડમાં મહિલા કર્મચારીએ પોતાની જ ઑફિસમાં લૂંટની યોજના બનાવી

## બે પરિચિતે ચાકુની ધાકે રોકડ લૂંટી, પણ રેલવેમાં લાગેલા એઆઈ કૅમેરાએ મહેનત પર પાણી ફેરવી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીરા રોડમાં લોકોની ભીડવાળા શાંતિ શૉપિંગ સેન્ટરમાં આવેલી પ્લેસમેન્ટ એજન્સીની ઑફિસમાં લૂંટ ચલાવવા માટે મહિલા કર્મચારીએ જ યોજના બનાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. યોજના મુજબ મહિલા ઑફિસમાં એકલી હતી ત્યારે બે પરિચિત ચાકુની ધાકે રોકડ લૂંટી તો ગયા, પરંતુ રેલવેમાં લાગેલા એઆઈ કૅમેરાએ આખી મહેનત પર પાણી ફેરવી નાખ્યું હતું. પોલીસે લૂંટનું કોકડું ઉકેલી મહિલા કર્મચારી સહિત ત્રણની ધરપકડ કરી હતી.

નયા નગર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ ઉજમા રિયાઝ ખાન (૨૬), મુજમ્મિલ અબ્દુલ હાફીઝ સિદ્દીકી (૨૦) અને મોહમ્મદ આવેશ મોઈદ્દીન શેખ (૨૬) તરીકે થઈ હતી. તેમની પાસેથી લૂંટની રોકડ ૨.૯૪ લાખ રૂપિયા હસ્તગત કરવામાં આવ્યા હતા.

દુબઈમાં ફૂડ ડિલીવરી અને ડ્રાઈવર માટે પ્લેસમેન્ટ કરનારી કંપનીમાં આરોપી ઉજમા ત્રણ વર્ષથી કામ કરતી હતી. દુબઈમાં નોકરી માટે જવા ઇચ્છુકો પાસેથી આ કંપની સર્વિસ ચાર્જ લઈને નોકરી અપાવતી હતી. પરિણામે ઑફિસમાં ક્યારે રોકડ વધુ હોય છે તેની જાણ ઉજમાને હતી. આ કંપનીની ઑફિસ મહિના અગાઉ જ મીરા રોડ સ્ટેશન સામેના શાંતિ શૉપિંગ સેન્ટરમાં શિફ્ટ થઈ હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૮ માર્ચની સાંજે બે શખસ ઑફિસમાં ઘૂસ્યા હતા. ચાકુની ધાકે ઉજમાને બાનમાં લઈ ઑફિસનું શટર બંધ કરવામાં આવ્યું હતું. પછી ટેબલના ડ્રોઅરમાંથી ૨.૯૪ લાખની રોકડ લૂંટી આરોપી ફરાર થઈ ગયા હતા. લૂંટારા ગયા પછી ઉજમાએ બૂમાબૂમ કરી આજુબાજુની ઑફિસના લોકોને ઘટનાની જાણ કરી હતી. આ પ્રકરણે ઉજમાએ નયા નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉજમાએ બન્ને શખસના વર્ણન અને પહેરવેશની માહિતી પોલીસને આપી હતી. પોલીસે શૉપિંગ સેન્ટર બહારના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોઈ માહિતીની ખાતરી કરી હતી. બન્ને શખસ મીરા રોડ સ્ટેશન તરફ જતા નજરે પડ્યા હતા.

# માર્ચ પૂરો થવાનો પણ નાળાસફાઈ માત્ર એક ટકા

## નાળાસફાઈમાં હાથચાલાકી કરનારા કૉન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કૉન્ટ્રેક્ટર નહીં મળતા નાળાસફાઈનું કામ મોડેથી ચાલુ થયું હોઈ બે મહિનામાં કામ પૂરું કરવાનું છે. તેથી આપેલી મુદતમાં કામ પૂરું કરવા કૉન્ટ્રેક્ટર બેદરકારીપૂર્વક કામ કરીને પાલિકાને ચૂનો લગાવી ના જાય તે માટે ગયા વર્ષની માફક આ વર્ષે પણ આર્ટિફિશ્યલ ટેક્નોલોજીની મદદથી નાળાસફાઈના કામ પર નજર રાખવામાં આવવાની છે. ડમ્પરમાં કાટમાળ અને ઉપર ગાળ નાંખીને છેતરપીંડી કરી તો તે કૉન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરવામાં આવશે એવી માહિતી એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આપી હતી. મુંબઈમાં સામાન્ય રીતે માર્ચ મહિનામાં નાળાઓની સફાઈનું કામ શરૂ થઈ જતું હોય છે પણ આ વખતે પાલિકાને કૉન્ટ્રેક્ટર શોધતા નાકે દમ આવી ગયો છે. મોડે મોડે પણ કૉન્ટ્રેક્ટર મળ્યા છે ત્યારે ગયા વર્ષે નાળાસફાઈને નામે કૉન્ટ્રેક્ટરોએ પાલિકા સાથે છેતરપીંડી કરીને કરોડો રૂપિયા ચાઉં કરી ગયા હતા. તેથી આ વર્ષે પાલિકાએ નાળાસફાઈના કામમાં પારદર્શકતા રાખવા કમર કસી છે. જે અંતર્ગત નાળાસફાઈના કામ દરમ્યાન ગાળનું વજન કરવામાં આવશે, ગાળને સુકાવ્યા બાદ વાહનમાં ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવશે અને આ તમામ કામ પર નજર રાખવામાં આવશે. નાળામાંથી કાઢેલા ગાળને જે વાહનમાં લઈ જવામાં આવશે તેના પર નજર રાખવામાં આવશે અને નાળાસફાઈના કામનું વિડિયો શુટિંગ પણ કરવામાં આવશે એ આ કામ દરમ્યાન કૉન્ટ્રેક્ટર દ્વારા પાલિકાની સાથે છેતરપીંડી કરવામાં આવી રહી હોવાનું જણાયું તો તેમને બ્લેક લિસ્ટ કરવામાં આવશે. આ વર્ષે કામ મોડું શરૂ થયું હોવાથી ૨૫ માર્ચ સુધીમાં માત્ર એક ટકા સફાઈ થઈ હોવાની માહિતી એડિશનલ કમિશનરે સ્થાયી સમિતિની બેઠકમાં બુધવારે આપી હતી.

## હિન્દુ મરણ

સ્વ. જયસુખભાઇ પરસોત્તમભાઇ ગોપાણી તા. ૨૪-૩-૨૬ મંગળવારના અવસાન પામેલ છે. સાગરભાઇ જયસુખભાઇ ગોપાણી, રમેશભાઇ પરસોત્તમભાઇ ગોપાણી, દામજીભાઇ પરસોત્તમભાઇ ગોપાણી, શાંતિભાઇ પરસોત્તમભાઇ ચાંગેલા, કિશોરભાઇ પરસોત્તમભાઇ ચાંગેલા, સારિકાબેન પરેશકુમાર ભાણવડીયા, મિતલબેન કૌશિકકુમાર કંટારીયા. બેસણું તા. ૨૬-૩-૨૬, ગુરુવારે, સવારે ૮ થી ૧૦. સ્થાનઃ સુવર્ણ ભૂમિ, બેન્કવેટ હોલ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક, અંબિકા ટાઉનશીપ, રાજકોટ.

**લુહાર સુથાર**

ભાવનગર નિવાસી, હાલ મુંબઈ, સ્વ. કનૈયાલાલ મગનલાલ કવા (ઉં.વ. ૮૯) જે સ્વ. શારદાબેન કવાના પતિ તા. ૨૪-૩-૨૬ને મંગળવારના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. મગનલાલ કવા તથા સમરતબેન કવાના પુત્ર. સ્વ. જયંતિભાઈ કવા તથા બકુભાઈ કવાના નાનાભાઈ. સ્વ. મનજીભાઈ સિદ્ધપુરા તથા જીવીબેન સિદ્ધપુરા (મહુવા)ના જમાઈ. રજનીકાંત કવાના પિતા. શ્રીમતિ બિંદુ કવાના સસરા. પૌત્ર અને પૌત્રવધૂઃ અમર તથા શ્રીમતી સોનલ કવા. પૌત્રઃ વિવેક કવા. ટેલિફોનિક બેસણું તારીખઃ ૨૭-૩-૨૬, શુક્રવાર સમયઃ સાંજે ૪:૦૦ થી ૬:૦૦.

**કચ્છી લોહાણા**

હાલ ભાઈંદર, સ્વ. ચંદુલાલ અમીચંદ ગંધા (ઠક્કર) તથા સ્વ. ભારતીબેનના સુપુત્ર કમલેશ ઠક્કર (પપ્પુભાઈ) (ઉં.વ. ૬૧) તા. ૨૪ માર્ચ ૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેન ભુપેન્દ્ર રવસીયાના જમાઈ. ચંદાના પતિ. યોગીની, પૂજા (પલ્લવી) અનિલ કુમાર કોટકના મોટાભાઈ. દ્રષ્ટિ દેવલકુમાર ઠક્કર તથા જીનીશના પિતા. દેવલકુમાર ઠક્કરના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૨૬ માર્ચ ૨૬ના સાંજના ૫ થી ૬. શ્રી ભાયંદર કપોળવાડી, ગીતાનગર, ભાયંદર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ કાંદિવલી, સ્વ. તુલસીદાસ ત્રિભોવનદાસ સંઘવીના ધર્મપત્ની ગં.સ્વ. જયાબેન (ઉં.વ. ૧૦૨) સોમવાર, તા. ૨૩/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. ભારતીબેન શરદકુમાર, સ્વ. જીતેન્દ્રભાઈ, રાજેન્દ્રભાઈ, સ્વ. હર્ષદભાઈના માતુશ્રી. સ્વ. ધરમદાસ, સ્વ. નગીનભાઈ, સ્વ. લીલાવતીબેન, સ્વ. કમળાબેન તથા સ્વ. પદમાબેનના ભાભી. સીમાબેન, ભારતીબેન, સ્વ. શોભાબેનના સાસુ. સોનિયા-ચિંતન, નિમિષા, નંદિની-રાજ, દામિની, ઝીલ-અક્ષયના દાદી. મોસાળપક્ષે દેલવાડાવાળા સ્વ. હરિદાસ નથુભાઈ વોરાના દિકરી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭/૩/૨૬ના ૫ થી ૭. હાલાઈ લોહાણા બાળાશ્રમ. મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ભણગોરવાળા, સ્વ. પુરષોત્તમ હીરજી માણેક અને સ્વ. વજીબેનના સુપુત્ર મહેન્દ્રભાઈ માણેક (ઉં.વ. ૭૬) તે ચંદ્રિકાબેનના પતિ. મનીષ અને ટીના દેવાંગભાઈ તન્નાના પિતાશ્રી. દિપાલીબેનના સસરા. સ્વ. નારાયણદાસભાઈ, સ્વ. હીરાલાલભાઈ, નલીનભાઇ, અરુણભાઈ, સ્વ. હીરાબેન ચંદ્રકાંત સોમૈયા, સ્વ. ઉર્મિલાબેન અમૃતલાલ ગોરખ, સ્વ. રેણુકાબેન પ્રાણસુખલાલ મજીઠીયા, ગીતા ભરત ભૂપતકરના ભાઈ. સ્વ. પુષ્પાબેન રામદાસભાઈ ચંદારાણાના જમાઈ. સોમવાર, તા. ૨૩-૩-૨૬ના નાગપુર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ છે.

**કપોળ**

જાફરાબાદ નિવાસી હાલ વડોદરા, સુરેશચંદ્ર અમૃતલાલ મહેતા (ઉં.વ. ૭૧) ૨૪/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયાલક્ષ્મીબેન અમૃતલાલ મહેતાના પુત્ર. પ્રફુલ્લાબેનના પતિ. હેમાંગ તથા મિત્તલના પિતા. મધુબેન કનૈયાલાલ પારેખ, ઉષાબેન ગોવિંદલાલ કીકાણી, જ્યોતિબેન પ્રકાશભાઈ પારેખ અને વર્ષાબેન મહેશભાઈ મહેતાના ભાઈ. રાજુલાવાળા સ્વ. મંગળદાસ દામોદરદાસ દોશીના જમાઈ. નિકિતા તથા પિયુષકુમાર અશોકભાઈ પારેખના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

ખાંભાવાળા હાલ મુંબઈ, મનસુખલાલ હરગોવિંદદાસ સોમૈયા (ઉં.વ. ૮૪) મંગળવાર, તા. ૨૪/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે દયાળજી કરસનદાસ સુચકના જમાઈ. ગં.સ્વ. તારાબેનના પતિ. મુકેશ, જયેશ, હિરલના પિતાશ્રી. પ્રીતિ, ભાવના, અનુજાના સસરા. સ્વ. વસંતભાઈ, ધીરજભાઈ, સુરેશભાઈ, સ્વ. જિનેન્દ્રભાઈ, સ્વ. કૃષ્ણકાંતભાઈ, ઉષાબેન પ્રફુલ્લકુમાર માધવાણીના મોટાભાઈ. શ્વેતા, વરૂણ, હર્ષ, ફ્રેયા, ફિયાના દાદા. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૨૬/૩/૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોચી**

ગામ ઠાડસ હાલ દહીંસર પૂર્વ, સ્વ. ભુપતભાઇ અમરશીભાઈ વાઘેલા (ઉં.વ. ૭૧) તા. ૨૪-૩-૨૬ના રામચરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. સમીર, જાગૃતી, સ્વ. અમિતા, રજની, પીંકીના પિતાશ્રી. માનસી, વરુણના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૭-૩-૨૬ શુક્રવાર સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, દૌલત નગર, બોરીવલી ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

હામાપુર નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. અરુણાબેન જયંતીલાલ માધાણી (ઉં.વ. ૮૨) ૨૨/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયંતિલાલ ફુલચંદ માધાણીના ધર્મપત્ની. સ્વ. ગોરધનભાઈ ક્રિષ્નાલાલ શાહના દીકરી. પરેશ, રાકેશ, સ્મિતા તથા ભાવનાના માતુશ્રી. અનીશ ચંદુલાલ મહેતા, પિયુષભાઇ અશોકભાઈ પારેખ, સોનલ તથા મમતાના સાસુ. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. ઇન્દીરાબેન ધ્રુવ, સ્વ. કપિલાબેન શેઠના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

તે મૂળગામ ગણોદ હાલ કાંદિવલી, ગં.સ્વ. સવિતાબેન બાટવીયા (ઉં.વ. ૯૪) સ્વ. ડાહ્યાલાલ મથુરાદાસ બાટવિયાના ધર્મપત્ની. દિનેશ, હસમુખભાઈ, ગં.સ્વ. શોભનાબેન દ્વારકાદાસ પંચમતીયા, સ્વ. સુશીલાબેન મનહરલાલ રાજાણી, પુષ્પાબેન હસમુખભાઈ માણેક, મધુબેન દિનેશભાઇ ખાખરીયાના માતુશ્રી. સ્વ. મનજીભાઇ પ્રાગજીભાઈ ધનેશા કેશોદવાળાના દીકરી ૨૪/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૬/૩/૨૬ના ૫ થી ૭. આઈ બી એ ટાવર, બેન્કવેટ હોલ, પાંચમે માળે, કાંદિવલી મેટ્રો સ્ટેશન પાસે, ન્યુ લિંક રોડ, કાંદિવલી વેસ્ટ.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

બાબાપર વાંકીયા અમરેલી હાલ જોગેશ્વરી, ભરતભાઈ (ઉં.વ. ૬૭) તા. ૨૪-૩-૨૬ મંગળવારના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. લલીતાબેન તેમજ સ્વ. મનજીભાઈ માધાભાઈ અકબરીના સુપુત્ર. સ્વ. ભાવનાબેનના પતિ. નરેન્દ્રભાઈ, જયશ્રીબેન વિજયકુમાર પટેલ, મોહનભાઈ, ગં.સ્વ. વીણાબેન દિલીપભાઈ પટેલના ભાઈ. માધુરીબેન, આરતીબેનના દિયર-જેઠ. મોનીશ તથા મોનિકના પિતા. ચૈતાલી તથા પાયલના સસરા. પ્રાર્થનાસભા ૨૬-૩-૨૬ ગુરુવારના ૫ થી ૭. નિવાસસ્થાને રાખેલ છે. પ્રાર્થનાસભા સ્થાનઃ ૧૦૪ કોહીર પટેલ એસ્ટેટ રોડ, જોગેશ્વરી વેસ્ટ.

## પારસી મરણ

માનેક નોશીર પતેલ તે મરહુમ નોશીરના ધન્યાની. તે મરહુમો દીનામાય રુસ્તમજી સીગનપોરીયાના દીકરી. તે બેપસી ને હતોકશીના માતાજી. તે વીરાફ ને પોરસના સાસુજી. તે બેહરામ, રોહીનતન ને મરહુમ એસદવાસ્તરના બહેન. તે ફરહાન, ફારાહ, મલકમ ને બરજીસના મમઈજી. (ઉં.વ. ૯૪). ઠે. સેથ જમશેદજી તાતા બિલ્ડીંગ, ફલેટ નં. ૧૫, ૨૯૩, એસ. વી. રોડ, બાંદ્રા, મુંબઈ-૪૦૦ ૦૫૦. ઉઠમણાની ક્રિયાઃ તા. ૨૭/૦૩/૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા પંથકી અગ્યારીમાં છેજી.

## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટાકોટડા નિવાસી હાલ બોરીવલી, સ્વ. મનહરલાલ ગુલાબચંદ રૂપાણીના ધર્મપત્ની ભાનુબેન (ઉં.વ. ૮૫) તા. ૨૪/૦૩/૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે વિજય, રાજેશ, પ્રીતી અજીત ઘેલાણીના માતુશ્રી. તે મનીષા, શ્વેતાના સાસુ. તે સ્વ. જયાબેન પ્રભુદાસ કોઠારીની દિકરી. તે કીંજલ ભાવિન દેસાઈ, કેયા સિદ્ધાર્થ મહેતા અને હીરલ ચીરાગના દાદી. તે સ્વ. કરણ તથા જશના નાની. ઠે. સાંઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ). પ્રાર્થનાસભા - લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના હંસરાજ નાનજી દેઢિયા (ઉં.વ. ૭૮) ૨૪-૩-૨૬ના અવસાન પામેલ છે. હિરબાઈ નાનજી ખીયશીના પુત્ર. જયાના પતિ. લલિત, ગીતાના પિતા. હીરજી, વાઘજી, કેસરબેનના ભાઈ. પ્રાગપુરના જીવીબાઈ મોરારજી દેવરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હંસરાજ દેઢિયા, વી/૨૦૬, નવનીત નગર, દેશલેપાડા, ડોમ્બીવલી (ઇસ્ટ).

પ્રતાપુરના મગનલાલ વીરજી શાહ/માલદે (ઉં.વ. ૯૧) તા. ૨૪-૩-૨૬ના મુંબઈ મધે અવસાન પામ્યા છે. ગાંગબાઈ વીરજી ઘેલાના સુપુત્ર. અમૃતબેનના પતિ. જવેરબેન, તારાબેન, શાંતિલાલ, જયંતિલાલના ભાઈ. કપાયાના પાનબાઈ રાયશી આસુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ માલદે : સી-૧૦૨, રોઝ ગાર્ડન-૧, વાકોલા પાઈપલાઈન, સાંતાક્રુઝ (ઈસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ બોરીવલી, લલીતાબેન અનોપચંદ ભાયાણીના પુત્ર બિપીનભાઈ ભાયાણી (ઉં.વ. ૭૨) ૨૨/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. જીમિશના પિતા. જલ્પાના સસરા. દિનેશભાઇ, મહેશભાઈ, જયુભાઈ, ડેલરભાઈ, અશોકભાઈ, ઇલાબેન પ્રમોદભાઈ ભીમાણી, રમાબેન સુભાષભાઈ શેઠ, અરુણાબેન કિરીટભાઈ બિલખિયા, ગોંડલ સંપ્રદાયના સાધનાદેવી લલિતાબાઈ સ્વામીના શિષ્ય બા. બ્ર. તરૂબાઇ સ્વામીના સંસારીભાઈ. સાંગલી નિવાસી રતિલાલ હરજીવનદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## ક્લાસિફાઈડ


### ૧૭. જગ્યા આપવી છે

**મીરારોડ**

**શાંતિનગર, સેક્ટર ૧, ૩ બેડરૂમ હોલ કિચન, ૭૯૫ એરીયા, ત્રીજે માળે, ૧.૩૫ કરોડ, નેગોશીયેબલ, ઓનરઃ 9898053229. (એસડીબી-૩૧૮૧)**

**JUHU - 4 BED**

**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 cr) અનિલભાઈ - 9004900290. (૯૧૪-સી)**

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકન્ડીશન્ડ, લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનરઃ- 9820156133. (બી-૧૭૨૪૮)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકન્ડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો ફોનઃ- 9820156133. (બી-૧૭૨૪૯)

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ જોડી, 1232'@ 4.60 CR, પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭/એ)

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ, 630' @ 2.35 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-ડી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**તારદેવ**

ભાટિયા હોસ્પીટલ પાસે, કલીનીક માટે અતિ ઉત્તમ, ૨૨૫' કાર્પેટ, સેલ્ફ કન્ટેન્ડ સંપર્ક રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૩૧૭)

### ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા 3500/- થી 7250/- (બોરીવલીથી મલાડ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, સાંજી, BABY SHOWER, ANNIVERSARY. બજેટથી. મનસુખભાઈ 9326801860/ 8169552801. (૯૩૪/એ)**



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

### ખરાતનો 'ફરાર'

હિંગે ફરાર હોવાની ચર્ચાઓ નાશિકમાં જોર પકડ્યું હતું, પરંતુ બુધવારે તેમણે સામે આવીને તમામ આરોપોને ફગાવી દીધા હતાં. ખરાતની 'ઓકસ પ્રોપર્ટીઝ' અને અન્ય વ્યવહારોમાં હિંગેની સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. જોકે, હિંગેએ પોતે સામે આવીને પોતાનો પક્ષ રજૂ કરતા હવે આ કેસમાં નવો વળાંક આવ્યો છે. પોલીસ હવે હિંગેના આ દાવાની સત્યતાની તપાસ કરશે અને તપાસના અંતે સ્પષ્ટ થશે કે ખરાતના કાળા સામ્રાજ્યમાં તેમની ખરેખર સંડોવણી હતી કે કેમ? અશોક ખરાતની નાપાક પ્રવૃત્તિઓની તપાસ હવે તેની અઢળક સંપત્તિ તરફ વળી છે. ખરાતે માત્ર ૧૦ થી ૧૨ વર્ષમાં ૧,૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ભેગી કરી હોવાની ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવી રહી છે. નાશિક સાયબર વિભાગે હવે શક્તિશાળી એપ્લિકેશન 'નેટગ્રિડ'ની મદદથી ખરાતના બેંક ખાતાઓની વિગતો શોધવાનું શરૂ કર્યું છે.

### મુંબઈના ચાર

છે. અગાઉ જ્યાં ચેકનાકા અને ટોલ પ્લાઝા છે તે જગ્યા પર આ ક્લોક ટાવર ઊભા કરવામાં આવવાના છે. આ ચારમાંથી ઐરોલી પ્રવેશદ્વારને પ્રાધાન્ય આપીને તેનું મૉડેલ અન્ય ત્રણ પ્રોજેક્ટમાં અમલમાં મૂકવા પણ તેમણે નિર્દેશ આપ્યો છે. મુંબઈના દહિસર, વાશી, ઐરોલી અને મુલુંડમાં પ્રવેશદ્વાર ઊભો કરવા, સુશોભીકરણ સહિત પરિસર અને પર્યટન કેન્દ્રના વિકાસ બાબતે મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયમાં બુધવારે એક બેઠક સંપન્ન થઈ હતી, એ સમયે તેમણે પ્રશાસને ૧૫ દિવસમાં પ્લાનનો ડ્રાફ્ટ સબમીટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. મેયરે આ પ્રોજેક્ટ બાબતે કહ્યું હતું કે આ મહિનાની શરૂઆતમાં આ સ્થળોનું તેમણે ઈન્સ્પેકશન કર્યું હતું. એ બાદ પ્રશાસનને ૧૫ દિવસની અંદર ક્લોક ટાવર બનાવવા માટે એક પ્રોજેક્ટ પ્લાન તૈયાર કરવો જોઈએ એવું કહ્યું હતું. પ્રોજેક્ટ માટે કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) દ્વારા ભંડોળ એકત્ર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એકવાર ફાઈનલ પ્લાન સબમીટ થઈ જાય પણ ભંડોળનું વિતરણ કરવામાં આવશે. મુંબઈના ચાર ઓક્ટ્રોય નાકાઓ પર અગાઉ શહેરમાં પ્રવેશતા અને બહાર નીકળતા વાહનો પાસેથી ઓક્ટ્રોય રૂપમાં પાલિકા દ્વારા કર વસૂલ કરવામાં આવતો હતો. ૨૦૧૭માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ થયા પછી ઓક્ટ્રોય નાબૂદ કરવામાં આવ્યો હતો અને ત્યારથી આ નાકાની જગ્યાઓ ખાલી પડી રહી છે. મુંબઈમાં અગાઉ પાંચ નાકા હતા, જેમાં મુલુંડમાં બે અને માનખુર્દ (વાશી), દહિસર અને ઐરીલીમાં એક-એક નાકા હતા, જેનો કુલ વિસ્તાર લગભગ ૪૩ એકર છે. આ જમીનનું મુદ્રીકરણ (મોનેટાઈસ) કરવા માટે પાલિકા પ્રશાસને અગાઉ તેમને ટ્રાન્સપૉર્ટેશન અને કમર્શિયલ હબમાં રૂપાંતરિત કરવાની યોજના જાહેર કરી હતી. મેયરે જણાવ્યું હતું કે જમીનના પાર્સલને નાગરિકો માટે કમર્શિયલ અને મનોરંજન ઝોન તેમ જ પ્રવાસીઓ માટે આરામ કરવાનો ઝોનમાં રૂપાંતરિત કરવામાં આવશે. દરેક હબમાં શોપિંગ મોલ, બેન્ક્વેટ હોલ, રેસ્ટોરન્ટ, ટ્રાન્ઝિટ ઝોન, ફૂડ કોર્ટ, ઓડોટોરિયમ અને આર્ટ ગેલેરીનો સમાવેશ થાય છે. ટ્રાન્ઝિટ ઝોનમાં હોટલ, ખાવા-પીવાની દુકાન, ટિકિટ બુકિંગ સેન્ટર જેવી સુવિધા અને ખાનગી વાહનો, વોટરવે અને મેટ્રો માટે ટ્રાન્સફર સિસ્ટમનો સમાવેશ થાય છે.

### અજિત પવારની

અધ્યક્ષ બન્યા, ત્યારે તેમને આ પત્રવ્યવહાર પર શંકા ગઈ હશે. તેથી જ તેમણે ચૂંટણી પંચને પત્ર લખીને વિનંતી કરી છે કે ૨૮ જાન્યુઆરીથી તેમના પ્રમુખપદ સુધીનો કોઈપણ પત્રવ્યવહાર સ્વીકારવામાં ન આવે, એમ રોહિત પવારે જણાવ્યું હતું. શું રોહિત પવારના આ નિવેદનને બાદ એવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે સુનેત્રા પવારે પટેલ અને તટકરેના પાર્ટી પર કબજો જમાવવાના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું? થોડા દિવસ પહેલા, અજિતદાદાના પક્ષના કેટલાક દસ્તાવેજો પ્રકાશમાં આવ્યા હતા. આ દસ્તાવેજ ૧૦ માર્ચનો છે, અને તેમાં સુનેત્રા કાકીનું એક મહત્વપૂર્ણ વાક્ય છે. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫થી, જ્યારે અજિતદાદાનો અકસ્માત થયો હતો, ત્યારથી તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા ત્યાં સુધી, ચૂંટણી પંચ સાથે જે પત્રવ્યવહાર કરવામાં આવ્યો હોય તે સ્વીકારવો નહીં. ૨૬ ફેબ્રુઆરીના રોજ, અજિતદાદાના પક્ષ દ્વારા પ્રફુલ પટેલ-તટકરે દ્વારા હસ્તાક્ષરિત એક પત્ર ચૂંટણી પંચને આપવામાં આવ્યો હતો, જેમાં લખ્યું હતું કે અમારી પાર્ટીનું બંધારણ બદલાઈ ગયું છે.

### ૩૧ માર્ચ પહેલાં

ચૂકવ્યો તો તેમની સામે કાયદાકીય પગલાં લેવાશે, જેમા ડિફોલ્ટરોની મિલકત ટાંચ મારવાની સાથે જ તેમની મિલકતની જપ્તી પણ કરવામાં આવશે. નાગરિકો ટૅક્સ ભરી શકે તે માટે સાર્વજનિક રજા અને સાપ્તાહિક રજાને દિવસે એટલે કે ૨૬,૨૮ અને ૨૯ માર્ચ, ૨૦૨૬ના દિવસે સવારના ૮ વાગ્યાથીરાતના ૧૦ વાગ્યા સુધી તેમ જ ૩૦ માર્ચ અને ૩૧ માર્ચ, ૨૦૨૬ના સવારના ૮ વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધી પાલિકાના નાગરી સુવિધા કેન્દ્રમાં ટૅક્સ ભરી શકશે. ઓક્ટ્રોય બંધ થયા બાદ પાલિકાની આવકનો મોટો હિસ્સો પ્રોપર્ટી ટૅક્સ માધ્યમથી આવે છે. પાલિકાએ ૨૦૨૫-૨૬ના આર્થિક વર્ષમાં અત્યાર સુધી માદ ૬,૪૪૯ હજાર કરોડ રૂપિયાનો ટૅક્સ વસૂલ કરી શકી છે, જે તેના લક્ષ્યાંકના ૮૭.૮૬ ટકા છે. તેથી પાલિકા છેલ્લા અનેક મહિનાઓથી ડિફોલ્ટરોને નોટિસ તથા રીમાઈન્ડર મોકલીને બાકી રહેલી રકમ ભરી દેવાની ચેતવણી આપતી આવી છે.

**થાણેમાં કરદાતાઓને દંડ અને વ્યાજમાં ૯૦ ટકા છૂટઃ** થાણે મહાનગરપાલિકામાં ચાલુ વર્ષનો કર અને તેમા દંડ અને વ્યાજ ભરવાની મુદત ૨૫ માર્ચ ૨૦૨૬ સુધીની હતી , જે હેઠળ રેસિડેન્શિયલ પ્રોપર્ટીટેક્સ પર દંડ અને વ્યાજમાં ૯૦ ટકા છૂટ આપવામાં આવી હતી. આ ઝુંબેશને નાગરિકો તરફથી બહુ સારો પ્રતિસાદ મળતા થાણે પ્રશાસને તેને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીની મુદત લંબાઈ દીધી છે. એ સાથે જ થાણે પાલિકાએ હવે અન્ય પ્રોપર્ટી ટેક્સ ધારકોને પણ આ છૂટ આપવાનો નિર્ણય લીધો છે.

### ખરાત કેસઃ

મહત્વપૂર્ણ પદ પર રહીને ખરાતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને વહીવટી રક્ષણ પૂરું પાડવા અને તેમના નાણાકીય સામ્રાજ્યમાં ભાગીદાર બનવાના ગંભીર આરોપો છે.

અભિજીત ભાંડે પાટિલની બદલી માત્ર શરૂઆત માનવામાં આવે છે. ખરાતના સંપર્કમાં રહેલા કેટલાક અન્ય અધિકારીઓની યાદી સીઆઇડી અને પોલીસ તંત્રના રડાર પર છે. ગૃહ વિભાગ તરફથી એવા સંકેતો મળી રહ્યા છે કે ઢોંગી બાબાના ચરણોમાં નમન કરનાર દરેક ભ્રષ્ટ અધિકારીની પોલ ખોલવામાં આવશે.

### રોડ પ્રોજેક્ટ્સમાં

આવ્યો હતો. એચએએમ એક જાહેર-ખાનગી ભાગીદારી મૉડેલ છે જ્યાં સરકાર બાંધકામ દરમિયાન પ્રોજેક્ટ ખર્ચનો એક ભાગ ચૂકવે છે, જ્યારે વિકાસકર્તા બાકીના ભાગને માટે ભંડોળ પૂરું પાડે છે અને સમય જતાં નિશ્ચિત વાર્ષિક ચૂકવણી દ્વારા ચૂકવવામાં આવે છે.

'હાઇબ્રિડ એન્યુઇટી મૉડેલ દ્વારા મહારાષ્ટ્રમાં રસ્તાઓના સુધારણા'ના પ્રદર્શન ઓડિટમાં ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૩ સુધીના સમયગાળાને આવરી લેવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે નવેમ્બર ૨૦૧૭માં એચએએમ હેઠળ ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના અંદાજિત રોકાણ સાથે ૯૦,૬૦૮ કિ.મી.માંથી ૧૦,૫૭૬ કિ.મી.ના રસ્તા વિકસાવવાનો નિર્ણય લીધો હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે તેમાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયાની ૬૦ ટકા સરકારી ઇક્વિટી અને ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની ૪૦ ટકા ખાનગી ઇક્વિટીનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં નોંધાયું છે કે ફ્લેક્સિબલ પેવમેન્ટની 'ક્રસ્ટ

જાડાઈ' માટે સ્પષ્ટીકરણ, જે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ (ડીપીઆર)માં અંદાજિત મિલિયન સ્ટાન્ડર્ડ એક્સલ્સ (એમએસએ) મુજબ જરૂરિયાત કરતાં વધુ હતું, તેના કારણે ૨૯૭.૯૭ કરોડ રૂપિયાનો બિનજરૂરી ખર્ચ થયો હતો. તેણે ડીપીઆરમાં ખામીઓ પણ દર્શાવી, જેમાં ઘટક-વાર અંદાજ વિના ઉપયોગિતા સ્થળાંતર માટે એકંદર જોગવાઈ અને ડીપીઆર સલાહકારો માટે દરખાસ્ત વિનંતી (આરએફપી)માં ખોટી કલમનો સમાવેશ સામેલ છે, જેના પરિણામે ટાળી શકાય તેવો ખર્ચ થયો હતો.

કેગે જણાવ્યું હતું કે ૧૯૫ કામોને આવરી લેતા ૭૮ જેટલા ડીપીઆર ૨૧૭.૪૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં જમીન સંપાદન પ્રવૃત્તિઓ માટે ૫.૫૫ કરોડ રૂપિયાની બિનજરૂરી જોગવાઈનો સમાવેશ થતો હતો, જે હાથ ધરવામાં આવી ન હતી.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) | શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

**માર્ગદર્શન**

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી:**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથા:** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદ:** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમો:** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્ભુત પહેલ

Supported by:
adani

SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

## જીવંત પ્રસારણ

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી

આસ્થા | ધર્મ સંદેશ | આસ્થા ભજન

વસુધૈવ કુટુંબકમ્ ॥ Sandipani ॥

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

### દરરોજના કાર્યક્રમ

દીપ્તિ ભાગવત
પલ્લવી કેળકર
નચિકેત દેસાઈ
હેમંત બર્વે
અજિત પરબ
અને સંજીવની ભેલાંડે

**તા. ૨** માતૃભાષા માનવંદના: મરાઠી સંગીત સંધ્યા

**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ

**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો

**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

### ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ નોંધાવવાના

### અંતિમ દિવસ

સંપર્ક:
વિપુલ પારેખ ૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા ૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની ૯૮૧૯૯૧૦૦૩૯

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભાર: ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST | MICL LIVE BETTER | Showglitz Events & Entertainment Private Limited | HEM AGARBATTI | MUNJAL | hitech events & exhibition | માતૃભાષા નંદના | ARVINDBHAI KHATRI SONS | BRIGHT OUTDOOR MEDIA LIMITED | Neela Film Productions | NATUREPURE Wellness Pvt. Ltd. | WellPure | Keshasvi | APAR ADVERTISERS PRIVATE LIMITED | NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. | SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ | SILVER BUILDING LANDMARKS SINCE 1986

# પુરુષ

મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## ફિટનેસને લઈને આપણે ખરેખર સાચા રસ્તે છીએ?

### ... કે પછી ફક્ત ફિટ હોવાના ભ્રમમાં જીવીએ છીએ?



આજના સમયમાં પુરુષો માટે સ્વાસ્થ્યનો અર્થ બદલાઈ ગયો છે. એક જમાનામાં પુરુષના સ્વાસ્થ્યનું માપદંડ તેની કાર્યક્ષમતા, તેનો સ્ટેમિના અને તેની મહેનત કરવાની ક્ષમતા હતી. આજે આ માપદંડ ઇન્સ્ટાગ્રામની રીલ્સ, ટાઇટ ટી-શર્ટમાં દેખાતા બાઇસેપ્સ અને 'કીટો' કે 'વેગન' જેવા વિદેશી શબ્દોના પ્રયોગો પર આવીને અટકી ગયો છે.

સવારના પહોરમાં ઓફિસ જવાની તૈયારી કરવાને બદલે આધુનિક પુરુષ અરીસા સામે ઊભો રહીને પોતાની બોડીલાઈન ચેક કરે છે અને પછી સોશ્યલ મીડિયા પર 'ફિટનેસ ગોલ્સ' હેશટેગ સાથે ફોટો મૂકે છે. જોકે આ 'ફિટ' દેખાવાની લાયબ્રેરીમાં આપણે ક્યાંક આપણું અસલી સ્વાસ્થ્ય ખોઈ બેઠા છીએ. આપણે કીટો અને ફીટોના રવાડે એવા ચઢ્યા છીએ કે આપણને કુદરતી ભૂખ અને કૃત્રિમ ડાયેટ વચ્ચેનો તફાવત સમજાતો બંધ થઈ ગયો છે. પુરુષોમાં અત્યારે એક એવો ટ્રેન્ડ ચાલ્યો છે જેમાં એ પોતાના શરીરને એક મશીન સમજી બેઠા છે, જેને પ્રોટીન પાવડર અને જિમના ભારે વજનથી જ મેન્ટેન કરી શકાય તેવું એ બધા માને છે.

ખરેખર તો પુરુષ માટે શારીરિક શ્રમ એ કોઈ નવી વાત નહોતી. આપણા પિતા કે દાદાના સમયમાં કોઈએ 'વર્કઆઉટ' શબ્દ સાંભળ્યો પણ નહોતો, છતાં તેમની મજબૂતી આજે પણ આપણને આશ્ચર્યમાં મૂકી દે તેવી હોય છે. તેનું કારણ એ હતું કે તેમનું આખું જીવન જ એક સતત ચાલતી કસરત હતી. સાઈકલ ચલાવીને નોકરીએ જવું, બજારમાંથી શાકભાજીની ભારે થેલીઓ ઉપાડીને લાવવી, ઘરમાં કઈ બગડ્યું હોય તો જાતે રિપેર કરવું કે ખેતરમાં કલાકો સુધી પરસેવો પાડવો આ બધું જ તેમના રૂટિનનો ભાગ હતું. આજે આપણે આ બધું કરવા માટે 'સર્વન્ટ' કે 'એપ' પર નિર્ભર છીએ. આપણે લિફ્ટ વગર બીજા માળે ચઢવામાં હાંફી જઈએ છીએ, પણ જિમમાં જઈને લેગ-પ્રેસ મશીન પર ૫૦-૬૦ કિલો વજન ઊંચકીને ગર્વ લઈએ છીએ.

આ તે કેવું સ્વાસ્થ્ય? જે શરીર ઘરના સામાન્ય કામમાં સાથ ન આપે પણ જિમના એસી વાતાવરણમાં ચમકે, તેને આપણે ખરેખર મજબૂત કહી શકીએ ખરા? આપણે ટેકનોલોજીના ગુલામ બનીને આપણી કુદરતી ક્ષમતાઓને મારી નાખી છે અને પછી તેને પાછી મેળવવા માટે મોંઘા ડાયેટ પ્લાન્સ પાછળ દોડી રહ્યા છીએ.

આ કીટો ડાયેટ કે એવા જ બીજા ફેન્સી ડાયેટ પાછળ દોડતો આજનો પુરુષ અંદરથી કેટલો પોચો છે તે તેની ઈમ્યુનિટી પરથી સમજાય છે. ઓફિસમાં થોડું કામનું દબાણ વધે કે તરત જ તેને બ્લડપ્રેશરની તકલીફ થવા લાગે છે અથવા રાત્રે ઊંઘ નથી આવતી. આપણે માનસિક શાંતિને સ્વાસ્થ્યનો ભાગ ગણવાનું ભૂલી ગયા છીએ. આપણા વડવાઓ પાસે ભલે આધુનિક સુવિધાઓ ઓછી હતી, પણ તેમની પાસે 'સંતોષ' હતો. તે જે જમતા તે ડર્યા વગર જમતા. આજે આપણે ઘીનો એક ચમચો ખાતા પહેલા દસ વાર વિચારીએ છીએ કે ક્યાંક કોલેસ્ટ્રોલ ન વધી જાય, જ્યારે આપણા દાદા દરરોજ ચોખ્ખા ઘીનો આહાર લેતા અને તોય નેવું વર્ષની ઉંમરે પણ લાકડી વગર ચાલતા. તેમના લોહીમાં શુદ્ધતા હતી, કારણ કે તેમનો ખોરાક કુદરતી હતો અને તેમની ઊંઘ ગાઢ હતી. આજે આપણે 'સ્લીપ ટ્રેકર' પહેરીને સુઈએ છીએ, છતાં સવારે ઊઠીએ ત્યારે તાજગી અનુભવતા નથી. આનું કારણ એ છે કે આપણે કુદરતના નિયમો તોડીને વિજ્ઞાનના કૃત્રિમ નિયમો પાછળ પાગલ થયા છીએ.

પુરુષોમાં વધતો જતો સપ્લિમેન્ટ્સનો ક્રેઝ પણ ચિંતાનો વિષય છે. સ્નાયુબદ્ધ દેખાવા માટે ડબ્બા ભરી ભરીને કેમિકલ્સયુક્ત પાવડર પીવા અને પછી તેની અસરોને છુપાવવા માટે બીજી દવાઓ લેવી એ આજના યુવા પુરુષોની ફેશન બની ગઈ છે. આપણે ભૂલી ગયા છીએ કે સાચી તાકાત હાડકાં અને સ્નાયુઓની અંદરની મજબૂતીમાં છે, માત્ર ફૂલેલા બાઇસેપ્સ-બાવડામાં નહીં. જે પુરુષ પોતાના સંતાનને ખભા પર બેસાડીને કિલોમીટરો સુધી ચાલી ન શકે અથવા જે પોતાના ઘરનું ભારે ફર્નિચર ખસેડવામાં બીજાની મદદ લેવી પડે, તે ગમે તેટલો મોંઘો ડાયેટ ફોલો કરતો હોય તો પણ તે 'અનફિટ' જ છે. આપણે શારીરિક દેખાવને જ સ્વાસ્થ્ય માની લીધું છે. આ માનસિકતા આપણને અંદરથી ખોખલા કરી રહી છે. જીવનના આઠ-નવ દાયકા નિરોગી રહીને જીવવાનો જે મંત્ર આપણા પૂર્વજો પાસે હતો, તે માત્ર 'રૂટિન' હતું. તેમની પાસે કોઈ ચોક્કસ સમય નહોતો કે 'આ સમયે જ એક્સરસાઇઝ કરવી', તેમનો આખો દિવસ જ સક્રિયતાથી ભરેલો હતો.

આજના પુરુષે એ વિચારવાની જરૂર છે કે શું તે ખરેખર ફિટ છે કે માત્ર ફિટ દેખાય છે? જો આપણે સવારે વહેલા ઊઠી શકતા નથી, જો આપણે તડકામાં કામ કરી શકતા નથી, જો આપણે મોસમ બદલાતા જ બીમાર પડી જઈએ છીએ, તો આપણા કીટો ડાયેટ અને જિમના પ્રોગામ્સ નિષ્ફળ છે. સ્વાસ્થ્ય તંદુરસ્તી એ કોઈ ફેશન સ્ટેટમેન્ટ નથી, એ તો જીવવાની કળા છે. આપણે ફરીથી એ જ સાદગી તરફ વળવું પડશે જ્યાં ઘરનું જમવાનું શ્રેષ્ઠ હતું અને શરીરનો શ્રમ એ જ શ્રેષ્ઠ વ્યાયામ હતો. સોશ્યલ મીડિયાના ટ્રેન્ડ્સ તો બદલાતા રહેશે, આજે કીટો છે તો કાલે બીજું કંઈક હશે, પણ માનવ શરીરની જે જરૂરિયાત છે તે ક્યારેય બદલાવાની નથી. શુદ્ધ હવા, પૂરતું પાણી, ઘરનો સાદો ખોરાક અને નિયમિત શારીરિક હલનચલન આ જ નિરોગી રહેવાના પાયાના સિદ્ધાંત છે. આપણે જેટલા કુદરતની નજીક રહીશું, તેટલા જ આપણે રોગોથી દૂર રહીશું.

વૃદ્ધાવસ્થામાં પણ અડીખમ રહેલા પેલા દાદાની યાદ તાજી કરો જે કદાચ બીડી પીતા હશે, પણ સવારથી સાંજ સુધી ખેતરમાં હળ ચલાવતા હશે. તેમની મજબૂતી પાછળનું રહસ્ય તેમનો સતત પરસેવો પાડવાની આદત હતી. આજે આપણે પરસેવો પાડવા માટે એસી રૂમમાં જવું પડે છે, તે આપણી સંસ્કૃતિની મોટી હાર છે. જો આપણે ખરેખર આવનારી પેઢીને કંઈક શીખવવું હોય તો આપણે પોતે આ 'ફેન્સી ફિટનેસ'ના ભ્રમમાંથી બહાર આવવું પડશે. પુરુષે મજબૂત હોવું જોઈએ, માત્ર દેખાવમાં નહીં પણ સ્વભાવમાં અને શરીરની ક્ષમતામાં. જ્યારે આપણે આપણા રૂટિનને સુધારીશું, જ્યારે આપણે ટૂંકા રસ્તે ફિટ થવાની લાલચ છોડીશું અને જ્યારે આપણે શારીરિક શ્રમને ગૌરવ ગણીશું ત્યારે જ આપણે સાચા અર્થમાં 'ફીટ' થઈશું, નહીંતર આ કીટોના ચક્કરમાં આપણે ક્યારે હૉસ્પિટલના ખાટલે પહોંચી જઈશું તેની ખબર પણ નહીં રહે. સાચું સ્વાસ્થ્ય એ જિમની બહારની દુનિયામાં છે, જ્યાં આપણે સાચા જીવનના પડકારો સામે લડવાનું હોય છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## એ ડસ્ટબિન નહીં... તિજોરી છે!

ડિયર હની,

રાજકોટમાં કડવા પટેલ સમાજનું એક મોટું સંમેલન યોજાયું હતું અને એમાં વિષય હતો પરંપરા અને પરિવર્તન. રાજકોટના સાંસદ પુરુષોતમ રૂપાલાએ આજના સમાજની કડવી વાસ્તવિકતાની વાત કરી. એમણે કહ્યું કે, 'આજની યુવતીઓ ઘરના વડીલોને ડસ્ટબિન સમજે છે.અને આ યુવતીઓ સંયુક્ત કુટુંબમાં પરણવા તૈયાર નથી હોતી.'

પાંચ- સાત વર્ષ પહેલા મેં એક યુવક પાસેથી સાંભળેલું કે, 'પહેલી મીટિંગ થઇ એમાં સામેની યુવતીએ પુછ્યું કે, 'ઘરમાં કેટલા ડસ્ટબિન છે..?' હું તો સમજ્યો નહિં પછી એણે ફોડ પાડ્યો કે, 'ઘરમાં વૃદ્ધો કેટલા..?!' યુવકે કહ્યું, આ સવાલનો એને શું જવાબ આપું?

-પણ આ સવાલનો જવાબા આપવો જોઈએ, આપવો પડશે. એ વાત સાચી કે, આજની યુવતીઓ સંયુક્ત કુટુંબમાં પરણવા માગતી નથી. એ એની પસંદગી છે પણ એ વૃદ્ધોને ડસ્ટબિન કહે એવો અધિકાર એને કોણે આપ્યો?

માન્યું કે, આજની યુવતીઓ શિક્ષિત અને આત્મનિર્ભર છે. તે પોતાનું કરિયર, સમય અને જીવનશૈલી પોતાના પ્રમાણે જીવવા માંગે છે. સંયુક્ત કુટુંબમાં ઘણી વખત વ્યક્તિગત સ્પેસ ઓછું મળે છે. એ ય દલીલમાં દમ છે કે, ઘણી યુવતીઓ કામકાજ કરતી હોય છે. સંયુક્ત કુટુંબમાં ઘરેલુ જવાબદારીઓ વધારે હોય તો કરિયર પર અસર પડી શકે છે.

પણ એટલે વૃદ્ધો ડસ્ટબિન બની જતા નથી. આવી યુવતીઓને કહેવું જોઈએ કે વડીલો એ ડસ્ટબિન નહીં પણ તિજોરી છે. એના પુરતાં કારણો છે. તેમની પાસે અનુભવનું ભાથું છે જે કોઈ ગૂગલ કે પુસ્તક આપી શકતું નથી. મુશ્કેલીના સમયે તેમનું એક આશ્વાસન આખા પરિવારને હિંમત આપી શકે છે. બાળકો માટે દાદા-દાદી કે નાના-નાની એ વાર્તાઓ અને સંસ્કારનો અખૂટ સ્રોત છે.

આજ આપણે જોઈએ છે કે, મમ્મીઓને વાર્તા આવડતી નથી એટલે એ મોબાઈલ ફોનમાં રાઈમ્સ અને બીજું બધું બતાવે છે. ઉપરાંત બાળક ઉછેર કેમ કરવો એનો એને અનુભવ ના હોય એ સ્વાભાવિક છે.

ત્યારે દાદા દાદી કામ લાગે છે. એમની પાસે કેટલાક ઘરગથ્થુ અને અકસીર ઉપાયો હોય છે અને આજની મમ્મીઓ નાની વાતમાં ડોક્ટર પાસે દોડી જાય છે એવું દાદા દાદી હોય તો નોબત આવતી નથી.

હા, દલીલો થાય છે કે, ન્યુક્લિયર ફેમિલીમાં દંપતી પોતાના નિર્ણયો સરળતાથી લઈ શકે છે, જ્યારે સંયુક્ત કુટુંબમાં મોટા લોકોનો પ્રભાવ વધુ રહે છે. અને જૂની અને નવી પેઢી વચ્ચે જીવનશૈલી, મૂલ્યો અને અપેક્ષાઓમાં તફાવત હોય છે, જેના કારણે મતભેદ થઈ શકે-ઘર્ષણ થઈ શકે. પતિ-પત્ની માટે પ્રાઈવસી મહત્ત્વની છે, જે સંયુક્ત કુટુંબમાં ઓછું મળતું હોય છે, પરંતુ દરેક સિક્કાની બીજી બાજુ હોય છે અને બધી યુવતીઓ એવું વિચારે છે એવું નથી. યુવતીઓ સંયુક્ત કુટુંબને પસંદ પણ કરે છે, કારણ કે, એકલા રહેવામાં ઘણીવાર એવું બને છે કે, કોઈ વાતે નિરાશ કે હતાશ હો ત્યારે કોઈ સહારો કે સલાહ મળતા નથી. સંયુક્ત પરિવારમાં લાગણીનો સભર સપોર્ટ મળે છે. સૌથી મહત્ત્વની વાત બાળકોની સંભાળમાં સહાય મળે છે. પરિવાર સાથેનો સંબંધ મજબૂત બને છે.

આજે માણસ એકલો પડતો જાય છે, સંયુક્ત કુટુંબ હોય તો અન્ય સભ્યોનો સંગ મળે છે અને એકલતા ઓછી રહે છે.

તારા- મારા લગ્નને ખાસ્સો સમય થઇ ગયો. આપણે બંને વચ્ચે પહેલી મીટિંગ થઇ ત્યારે બીજા બધા પ્રશ્નો એકબીજાને પૂછ્યા હતા પણ ઘરમાં કેટલા ડસ્ટબિન છે એવો પ્રશ્ન આવ્યો નહોતો. ત્યારે આ શબ્દ પ્રચલિત પણ નહોતો અને એવી ભાવના પણ જોવા મળતી નહોતી.

૩૦-૩૫ વર્ષમાં ચિત્ર બદલાઈ ગયું છે. યુવતીઓ વધુ ભણે છે. કમાય છે. પગભર થઇ છે. એ સારી નિશાની છે, પણ આ જ સમયમાં સંયુક્ત કુટુંબ ઘટતા ગયા છે. વિભક્ત કુટુંબની સંખ્યા વધતી જાય છે.

પરિવારની વ્યાખ્યા એટલી જ રહી છે કે, હૂતો - હુતી અને એમના એક કે બે બાળકો.

-તો શું આ સમસ્યાનો કોઈ ઉકેલ નથી?. શોધીએ તો ઉકેલ જડી આવે છે. એવો જ ઉકેલ શોધી કઢાયો છે જેનું નામ છે, 'ડિસ્ટન્સ વિથ ડિવોશન...' આજના આધુનિક યુગનો આ એક બહુ જ પ્રાયોગિક અને સંતુલિત અભિગમ છે. આ વિચારધારા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, સંબંધોમાં મીઠાશ જાળવવી અને સાથે સાથે વ્યક્તિગત મોકળાશ પણ મેળવવી.

આજના સમયમાં દરેક વ્યક્તિની પોતાની જીવનશૈલી, ખાવા-પીવાની આદતો અને કામના કલાકો અલગ હોય છે. 'ડિસ્ટન્સ વિથ ડિવોશન'માં પરિવારના સભ્યો એક જ બિલ્ડિંગમાં અલગ ફ્લેટમાં અથવા એક જ સોસાયટીમાં નજીક-નજીક રહે છે. આનાથી દખલગીરી ઓછી થાય છે અને આદર મર્યાદા જળવાય છે. જ્યારે તમે ૨૪ કલાક સાથે નથી હોતા, ત્યારે જ્યારે પણ મળો છો ત્યારે વાતો કરવા માટે નવા વિષયો હોય છે અને એકબીજા પ્રત્યેનો પ્રેમ વધુ ગાઢ બને છે. રવિવારની રજા કે તહેવારોમાં આખું પરિવાર સાથે મળીને જમે ત્યારે તે સમય વધુ યાદગાર બને છે.

નજીક રહેવાથી વડીલોને જ્યારે પણ જરૂર પડે ત્યારે સંતાનો હાજર રહી શકે છે. તેવી જ રીતે, બાળકો પણ દાદા-દાદી પાસે જઈને વાર્તાઓ સાંભળી શકે છે અને સંસ્કારો મેળવી શકે છે એટલે કે એકલતા પણ નથી રહેતી અને ગૂંગળામણ પણ નથી થતી. શું આ વર્તમાન સમસ્યાનો સાચો ઉકેલ છે? આ દિશામાં વિચારવાનો સમય પાકી ગયો છે.

તને શું લાગે છે? વળતી ટપાલે જણાવજે.

તારો બન્ની

સંધ્યા છાયા

feedback.ladki@
નીલા સંઘવી

## રૂપિયા કરતાં વ્યાજ વહાલું, પણ...

વૃદ્ધોને પોતાના સંતાન કરતાં પણ સંતાનનાં બાળકો સાથે વધુ લગાવ હોય છે. તેમને પોતાના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી પર વધુ લાગણી હોય છે. તેથી જ તો કહેવાય છે ને 'રૂપિયા કરતાં વ્યાજ વધુ વહાલું'!

જીવન સંધ્યાને તીરે બેઠેલી વ્યક્તિને પોતાના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રીને રમાડવામાં તેમની સાથે રમાવામાં, તેમની સાથે વાતો કરવામાં બહુ મજા આવે છે. તેથી જ તો જેવાં દીકરાં કે દીકરીનાં લગ્નને છ-બાર મહિના થાય કે ગુડ-ન્યૂઝની રાહ જોઇને બેઠાં હોય છે. વહુ કે દીકરી સારા સમાચાર આપે એટલે મા-બાપને બત્રીસ કોઠે દીવા થાય.

નયનભાઇ અને નયનાબહેન ૬૫ વર્ષનાં થયાં. દીકરાનાં લગ્ન નક્કી કર્યાં છે. નયનભાઇ અને નયનાબહેન મોટી ઉંમરે પરણ્યાં. બંને ભણતર અને કરિયરમાં મશગૂલ હતાં. પોતાને સંતાન પણ મોટી ઉંમરે થયું. તેથી જ તે હવે છેક ૬૫ વર્ષની વયે દીકરો જયારે ૩૦ વર્ષનો થયો ત્યારે તેના લગ્ન લીધાં છે. નયનભાઇ અને નયનાબહેનની ખુશીનો પાર નથી. બંનેએ ઘણાં સપનાં જોયા છે. આખી જિંદગી કામ કર્યું. નયનભાઇ એક સ્કૂલમાં પ્રિન્સિપાલ અને નયનાબહેન શિક્ષિકા, વિદ્યાર્થીઓ પ્રત્યે બન્નેને અપાર પ્રેમ. વિદ્યાર્થીઓ આવતી કાલના નાગરિક છે. તેમના જીવન ઘડતર માટે પતિ-પત્ની બન્ને બહુ જ ઉત્સાહી અને વિદ્યાર્થીઓ પણ નયનભાઇ-નયનાબહેનને બહુ માન આપે, પોતાના પ્રશ્નો પોતાની તકલીફ આ લોકો પાસે જઇને કરે અને નયનભાઇ એના પ્રશ્નોનું સમાધાન કરે. નયનાબહેન, પ્રેમથી બાળકને સમજાવે. હવે એકાદ વર્ષમાં બન્ને રિટાયર્ડ થવાનાં છે. આખી જિંદગી જીવવા માટેના સપનાં બન્નેએ જોયાં છે. આખી જિંદગી કામ કર્યું છે, સખત મહેનત કરી છે. ખૂબ ગરીબીમાંથી ઉપર આવેલા નયનભાઇએ પોતાનું ઘર બનાવ્યું, નયનાબહેને ઘરને મંદિર બનાવ્યું. દીકરા આશિષને ભણાવ્યો, કામે લગાડયો અને હવે આશિષને બહુ ગમતી કન્યા સાથે લગ્ન લીધાં છે. બન્ને ખુશ છે. બસ રિટાયર્ડ થયા પછી શાંતિથી જીવવું છે. પુત્ર-પુત્રવધૂ સાથે સુમેળભર્યું જીવન જીવવું છે અને પૌત્ર-પૌત્રીને રમાડવા છે. એમનામાં સારા સંસ્કારનું સિંચન કરવું છે.

આશિષની વહુ અક્ષતા ઘરમાં આવી. તેની પણ પોતાની કરિયર હતી. લગ્નને બે વર્ષ થયાં. નયનભાઇ -નયનાબહેન રિટાયર્ડ થઇ ગયાં. એક દિવસ નયનાબહેને આશિષ-અક્ષતાને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, 'જુઓ, તમારાં લગ્નને બે વર્ષ થઇ ગયાં છે. હવે બાળકને જન્મ આપવાનો યોગ્ય સમય છે. પછી બહુ મોડું થઇ જશે તો તને તકલીફ પડશે. વળી હું ને તારા પપ્પા છીએ અને અમારું શરીર ચાલે છે ત્યાં સુધીમાં તમારા સંતાનના ઉછેરમાં અમે પણ મદદ કરી શકીશું. એટલે આ વિષયમાં તમે બન્ને વિચારીને નિર્ણય લેજો...'

આશિષ-અક્ષતાને પણ મમ્મીની વાત યોગ્ય લાગી. બાળક માટે પ્લાનિંગ શરૂ કર્યું. થોડા જ સમયમાં અક્ષતાએ નયનાબહેનને શુભ સમાચાર આપ્યા. રાજી થઇને નયનાબહેને અક્ષતાને હીરાનું બ્રેસ્લેટ ભેટ આપ્યું. ઘરમાં ખુશીનો માહોલ થઇ ગયો. આશિષ-અક્ષતા, નયનભાઇ-નયનાબહેન બધાં આવનાર બાળકની પ્રતીક્ષામાં બાળક આવશે પછી શું કરીશું? કેમ કરીશું? ની ચર્ચા કરતાં રહેતાં હતાં. ઘરમાં પણ બધા જરૂરી ફેરફાર કરાવી લીધા, જેથી નાનું બાળક ઘરમાં હોય તો કોઇ તકલીફ ન થાય. આવનાર બાળક માટે રમકડાં,



પારણું વગેરેની ખરીદી પણ થઇ ગઇ. થોડા દીકરાનાં અને થોડા દીકરીનાં કપડાં પણ ખરીદી લીધાં. આ બધું નયનભાઇ-નયનાબહેન કરતાં હતાં. આશિષ અને અક્ષતા હસતાં હતાં, બાળકને આવવા તો દો. તમે લોકો તો કપડાં પણ લઇ આવ્યાં. એ પણ દીકરા-દીકરી બન્નેના ખરા છો તમે બંને.

હા, ખરા જ છે નયનભાઇ-નયનાબહેન. પોતાનો પુત્ર જન્મવાનો હતો. ત્યારે બન્ને પાસે સમય ન હતો. પૈસાની પણ ખેંચ હતી. હવે એવું નથી ત્યારે પોતાના અરમાન પોતાના સંતાનના સંતાન સાથે પૂરાં કરશે અને સમય થતા અક્ષતાને પુત્ર જન્મ્યો. પૌત્રને જોઇને દાદા-દાદી તો ગાંડા થઇ ગયા. નયનાબહેન અક્ષતાની બહુ જ સંભાળ રાખતાં. પૌત્રની પણ સંભાળ રાખતાં હતાં.

અક્ષતાની રીત જુદી હતી. તે ડોકટર અને ડાયેટિશિયનના કહેવા પ્રમાણે પુત્રને ઉછેરવા માગતી હતી. બાળક રડે તો પણ એના સમય ઉપર જ દૂધ આપવાનું, જયારે નયનાબહેનનો જીવ બળી જાય. બાળક ભૂખ્યું થયું છે બિચારું રડે છે. અક્ષતાએ ચોખ્ખું સંભળાવી દીધું : 'મારું બાળક છે, મારી રીતે ઉછેરીશ તમારે ઇન્ટરફીયર નહીં કરવાનો...' નયનાબહેન કંઇ બોલી શકતાં નહીં. અક્ષતાએ બાળક માટે તેની આયા રાખી લીધી હતી. આખો દિવસ બાળક તેની પાસે જ રહેતું,. દાદા-દાદી પાસે બાળક ભાગ્યે જ આવતું. આમ જ પૌત્ર મોટો થતો ગયો.

પૌત્ર ચાર-પાંચ વર્ષનો થયો એટલે દાદા-દાદીને થયું લાવ એની સાથે ગુજરાતીમાં વાત કરીએ, તેને વાર્તા સંભળાવીએ, સંસ્કૃત શ્લોક શીખવીએ અને સારા સંસ્કારનું સિંચન કરીએ, પણ ના, અક્ષતાએ દીકરાને શીખવી દીધું હતું કે દાદા-દાદી પાસે નહીં જવાનું. જઇશ તો તને માર પડશે. ડરનું માર્યું બાળક દાદા-દાદીને દૂરથી જોઇ રહેતું અને સ્મિત કરતું, આ લોકો બોલાવે તો દોડીને રૂમમાં ચાલ્યું જતું. અક્ષતાને લાગતું હતું કે તેનો પુત્ર દાદા-દાદી સાથે ગુજરાતીમાં વાત કરશે તો પછી અંગ્રેજી નહીં બોલે. એટીકેટ નહીં શીખે. જુનવાણી વિચારો એના મનમાં ઘર કરી જશે. એ લોકો પાસે જઇને ચોકલેટ-આઇસક્રીમ ખાશે...વગેરે.

પૌત્રને રમાડવાની, સંસ્કાર રોપવાની ઇચ્છાને મનમાં ધરબીને આજે નયનભાઇ-નયનાબહેન જીવી રહ્યાં છે. એમનેય રૂપિયા કરતાં વ્યાજ વહાલું, પણ... ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
(https://youtu.be/eH7bYMvhJwA)
આજે જ સબસ્ક્રાઈબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## હું મારા હાથની લકીરોમાં બેપનાહ શોહરત ને બેપનાહ દર્દ લઈને આવી હતી

(ભાગ: ૨)

નામ: બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)
સમય: ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળ: (વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ) અમદાવાદ
ઉંમર: ૬૦ વર્ષ

**અમદાવાદ** એક જમાનામાં કદરદાનોનું નગર હતું. ડો. વિક્રમ સારાભાઈના પિતા શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં, 'રીટ્રીટ'માં સંગીત અને સાહિત્યની સભાઓ યોજાતી. કેટલાય કલાકારો, બુદ્ધિજીવીઓ, ગાંધીજી, નહેરુજી જેવા નેતાઓ પણ ત્યાં આવતા. એવું જ એક બીજું ઘર હતું કસ્તુરભાઈ લાલભાઈ. ચીમનદાસ, નગીનદાસ, ચિનુભાઈ રણછોડલાલ, મંગળદાસ ગિરધરદાસ જેવા અનેક પરિવારોમાં નાનકડી અંગત બેઠકો યોજાતી. શહેરના જાણીતા લોકોને નિમંત્રણ આપવામાં આવતું. મેં અમદાવાદમાં ઘણા કાર્યક્રમો કર્યા છે. આવા જાણીતા શેઠના બંગલામાં પૂરા આદરથી ઉતારો આપવામાં આવતો. અમારા ખાન-પાન, નાની નાની જરૂરિયાતનો પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવતો. અમદાવાદની સાંજની મહેફિલો ખૂબ યાદગાર અને ઉત્તમ મહેફિલો હતી. મને અમદાવાદ માટે ખાસ લગાવ છે, કદાચ એટલે જ અમદાવાદના કાર્યક્રમ માટે હું 'ના' ન પાડી શકી. મારા ડોક્ટરે મને કહ્યું હતું કે, ઊંચું નહીં ગાતા... હવે, બેગમ અખ્તરના દાદરા કે ઠુમરીમાં, ગઝલ ગાયકીમાં જો તાર સપ્તક ન હોય તો બેગમનો અવાજ શરમાઈ જાય! મેં કહ્યું હતું, 'મહેફિલ તય હો ચૂકી હૈ. બેગમ અખ્તરને આજ તક કભી તય કી હુઈ મહેફિલ રદ નહીં કી. અગર લોગ આયેંગે તો મૈં ગાઉંગી.' કોને ખબર હતી કે એ મારી આખરી મહેફિલ બની રહેશે! એ સાંજે મેં ગાવાનું શરૂ કર્યું. પછી ફરમાઈશો આવતી ગઈ ને હું ગાતી ગઈ. એ કાર્યક્રમની છેલ્લી ગઝલ મેં ગાઈ, ઐ મહોબ્બત તેરે અંજામ પે રોના આયા શકીલ બદાયૂંનીએ લખેલી એ ગઝલ પછી મહેફિલમાં એક વિચિત્ર સન્નાટો છવાઈ ગયો. સહુ જાણે એ ગઝલના અલ્ફાઝ અને મારી અદાયગીના ભાવમિશ્રણમાં એવા ખોવાયા કે તાળી પાડવાનું પણ ભૂલી ગયા. મને પણ ડૂમો ભરાઈ ગયો હતો. છાતીમાં હળવો દુ:ખાવો શરૂ થયો હતો. એટલે મેં પણ હાથ જોડીને સ્મિત સાથે કહ્યું, 'આજ બસ, ઈતના હી.' આટલું કહેતાં જ જાણે કોઈ જાદુગરનો તિલસ્મ તૂટ્યો હોય એમ સહુએ તાળીઓ પાડી. એ સાંજે મારી તબિયત થોડી નાસાઝ હતી. હું મારા ઉતારા પર ગઈ ત્યારે મેં છાતીમાં દુ:ખાવાની ફરિયાદ કરી. તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવી, પરંતુ અમદાવાદની ભૂમિ મારા મોતની જગ્યા અને તારીખ તય કરી ચૂકી હતી...


બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)

આગા શાહીદ અલીએ મારા મૃત્યુ પછી લખ્યું, 'બેગમ અખ્તર કી યાદ મેં...'

***क्या अब भी छेड़ती है तुम्हारी उंगलियाँ क्षुधित भैरवी,***
***या मिट्टी हुए जाते कफन पर ही ठिठक जाती हैं?***
***अँधेरे, गन्दे अभिलेखागारों में सुबकती है,***
***तुम्हारी लत की मारी मृत्यु की पोषक विधवा ग़ज़ल...***
***सदियों से गालिब, मीर, फ़ैज़ की जो रचनाएँ तुमने सँजोई हुई थी,***
***मैंने उन्हें लयविहीन राग में बाँधा है।***

આજે વિચારું છું તો સમજાય છે કે હું મારા હાથની લકીરોમાં બેપનાહ શોહરત, ઈજ્જત અને બેપનાહ દર્દ લઈને આવી હતી. બંને પલડા ક્યારેક ઉપર-નીચે થતું રહ્યું, પરંતુ બેમાંથી એકપણ ક્યારેય ઓછું ન થયું! હું ખુશનસીબ છું કે મને આટલી બધી ઈજ્જત અફઝાઈ મળી, બાકી એક તવાયફની દીકરી તો તવાયફ બનીને પોતાની જિંદગી પૂરી કરે. એકાદ 'સાહેબ' શોધી કાઢે. જેની સેવા અને દિલજોઈ કરીને પોતાની જિંદગી વિતાવી નાખે, પણ મારી મા મુશ્તરીબાઈ જબરદસ્ત ઔરત હતી. એણે કદાચ મારા જન્મ સમયે જ નક્કી કરી લીધું હતું કે એ એની દીકરીને પોતાના જેવી નહીં બલકે જુદી જિંદગી આપશે.

મારા પિતા લખનૌના ઈજ્જતદાર ઘરાનામાંથી હતા. એ નવાબ હતા. એમને માટે આવી એકાદ ઉપપત્ની એ કોઈ શરમની બાબત નહોતી. માટે મારો જન્મ થયો ત્યારે એમણે મારી માને અશરફી અને દાગીના આપ્યાં, પણ પોતાનું નામ ન આપ્યું. હું અબ્બા વગર જ મોટી થઈ. મારે માટે અબ્બાની યાદ એટલી જ છે કે અઠવાડિયામાં એક-બે વાર અમારી કોઠી પર આવતા. મારે માટે કંઈ મિઠાઈ કે રમકડું લાવતા ને પછી મારી મા એને લઈને ઓરડામાં બંધ થઈ જતી... અબ્બુ જતી વખતે મને ગાલે ટપલી મારતા ને કહેતા, 'ખુશ રહો.' એ મને ગમતા, પરંતુ મને એમને 'અબ્બુ' કહેવાની છૂટ નહોતી. મારે એમને 'નવાબ સાહેબ' કહેવું પડતું. આ કોઈ નવાઈની કે આશ્ચર્યની વાત નહોતી, મારા જેવી અનેક દીકરીઓ હતી જે ફૈઝાબાદના તવાયફોના ઈલાકામાં મોટી થઈ રહી હતી. એ બધીના 'અબ્બુ' એમને માટે 'નવાબ સાહેબ' હતા! તવાયફની દીકરી તવાયફ જ બને એ આ બજારનો શિરસ્તો હતો, પણ નવાબ સાહેબે મારા શિક્ષણની વ્યવસ્થા કરી. મને ભણાવવા માટે મૌલવી આવતા. જેમણે મને ઉર્દૂ, ગણિત અને અંગ્રેજી ભણાવ્યું. જોકે, મારી અમ્મીને મારા ઉછેરમાં તકલીફ તો પડતી જ હતી, કારણ કે અમ્મીની ઉંમર ઢળવા લાગી હતી અને નવાબ સાહેબના રસ ધીરે ધીરે બદલાવા લાગ્યા હતા. એ પહેલાં જેટલી આર્થિક સહાય નહોતા કરતા, એટલું જ નહીં હવે પહેલા જેટલું આવતા પણ નહીં. અમ્મીને બે બાજુનું દુ:ખ હતું. પહેલું એ કે એણે મારા ઉછેર માટે હવે આર્થિક વ્યવસ્થા લગભગ જાતે કરવી પડતી હતી અને બીજું એ કે એની ઢળતી ઉંમર સાથે એનો જાદુ ઓસરી રહ્યો હતો, એટલે એને હવે કોઈ બીજો 'સાહેબ' પણ મળવાનો નહોતો!

મારી અમ્મીએ ખૂબ મહેનત કરીને મારે માટે ઉત્તમ સંગીતની તાલીમ હાંસીલ કરી. કેટલાય નામી ઉસ્તાદોને એણે અમારે ત્યાં બોલાવ્યા, રાખ્યા, એમની આઓભગત કરી. જેથી મારી તાલીમ ઉત્તમ રીતે થઈ શકે. ૧૯૨૦ની આસપાસ મારી માને ખાતરી થઈ ગઈ કે મારી પાસે કુદરતનું આપેલું ગળું અને શ્રેષ્ઠ તાલીમને કારણે મળેલું અદ્ભુત સંગીત છે. મારા ઉસ્તાદ મોમીન ખાંએ મારી માને સલાહ આપી કે એ મને લઈને કલકત્તા જાય. એ દિવસોમાં સિનેમાની શરૂઆત થઈ હતી. મને ફિલ્મોમાં કામ મળશે એવા આશ્વાસન સાથે મોમીન ખાંએ મારી માને કલકત્તામાં એના ભાઈને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી.

એ સમયગાળો ગ્રામોફોનનો પણ હતો. ૭૮આરપીએમની રેકોર્ડ લગભગ ૧૮૮૦ના દશકમાં બજારમાં આવી. યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રામોફોન કંપનીએ રેકોર્ડ વેચવાની શરૂઆત કરી. ભારતમાં પહેલી રેકોર્ડ ૧૯૦૨માં બની. જે ગૌહરજાનના અવાજમાં રેકોર્ડ કરવામાં આવી હતી. ગૌહરજાન પણ કલકત્તાની પ્રસિદ્ધ તવાયફ અને શાસ્ત્રીય ગાયક હતી. એ સમયમાં ફક્ત તવાયફો જ જાહેરમાં ગાતી અને એમની પાસે જ શુદ્ધ શાસ્ત્રીય ગાયનનું જ્ઞાન અને અદાયગી હતી. માટે ગ્રામોફોન કંપની એમની સાથે જ કોન્ટ્રાક્ટ કરતી. એમની રેકોર્ડના અંતમાં એમના અવાજમાં કહેવામાં આવતું, 'મારું નામ ગૌહરજાન છે.' આ વાક્ય એટલું પ્રસિદ્ધ થઈ જતું કે જે તવાયફની ગ્રામોફોન રેકોર્ડ બહાર પડતી એ તવાયફને વધુ કદરદાનો અને વધુ મહેફિલો મળવા લાગતી. મલકાજાન (ગૌરહજાનની મા), અલ્હાબાદની જાનકીબાઈ (જેને લોકો છપ્પન છૂરીના નામે ઓળખતા), ઝોહરાબાઈ આગરેવાલી, ઝોહરાબાઈ અંબાલેવાલી, ઈન્દુબાલા, જદ્દનબાઈ (નરગીસની મા), રસુલનબાઈ અને બડી મોતીબાઈ જેવી તવાયફોના અવાજમાં ગ્રામોફોન રેકોર્ડ બહાર પડી હતી. મારી મા એ સમયમાં ગ્રામોફોન (થાળી વાજુ) લઈ આવી હતી. અમારે ઘરે સાંજના ઘરે નિયમિત આ થાળી વાજા પર રેકોર્ડ વાગતી. મારી મા એક આરામ ખુરશી જેવી રજવાડી બેઠક પર હુક્કો લઈને બેસતી. હુક્કો ગડગડાવતાં એ મને કહેતી, 'દિલ લગાકર સુન. તુમ્હે ભી ઐસે હી ગાના હૈ. તુમ્હારી આવાઝ ભી અમર હોને કે લીએ હી બની હૈ.'


આ એનું સપનું હતું. એ મને લઈને પહેલાં ગયા અને ત્યાંથી કલકત્તા પહોંચી. સાત વર્ષની ઉંમરે મને જુદા જુદા સંગીત દિગ્દર્શકોની સામે બેસાડવામાં આવતી. તાનપુરો મારાથી એટલો મોટો હતો કે મને તકિયો આપવામાં આવતો. હું પહેલો સૂર છેડતી કે મારી સામે બેઠેલો સંગીત દિગ્દર્શક આભો બની જતો. મારા નાનકડા, બચુકડા શરીરમાંથી જે મજબૂત અને ઘૂંટાયેલો અવાજ નીકળતો એ સાંભળીને સંગીત દિગ્દર્શકોના ડોલતાં માથાં જોઈને મારી મા સમજી જતી કે કામ બની ગયું છે.

સૌથી પહેલાં મને એક બંગાળી સંગીત દિગ્દર્શક ઉસ્તાદ અતા મોહમ્મદ ખાન સાથે કામ કરવાનો મોકો મળ્યો. એ પતિયાલા ઘરાનાના ઉસ્તાદ હતા. જોકે, એ વખતે હું એટલી નાની હતી કે મારું નામ આપવું યોગ્ય લાગ્યું નહીં. લગભગ ચાર વર્ષ સુધી મારા અવાજને વગર નામે જ રેકોર્ડ કરવામાં આવતો રહ્યો. મારી પહેલી રેકોર્ડ ૧૯૩૧માં એચએમવી (હીઝ માસ્ટર્સ વોઈસ) દ્વારા બહાર પડી. જેમાં મારું નામ અખ્તરીબાઈ ફૈઝાબાદી હતું. મારી પહેલી રેકોર્ડ, દીવાના બનાના હૈ તો દીવાના બના દે... અને બે દાદરા, અને બે બીજી ઠુમરી સાથે બહાર પડી. પહેલાં જ મહિને એનું વેચાણ જોઈને એચએમવીના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. અતા મોહમ્મદ ખાનને પણ એનાથી ખાસ્સી નામના મળી.

શોહરત અને અમીરી તરફની સફરનું પહેલું કદમ હું ઉઠાવી ચૂકી હતી. (ક્રમશ:)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## હવે સારા માણસનો જમાનો જ ક્યાં રહ્યો છે?




થોડા દિવસ થાય કે મોહનભાઈ પ્રવાસ જવા માટેની યોજના રમાબહેન સામે મૂકે અને રમાબહેન આંખ આડા કાન કરે. મોહનભાઈ શહેરનો તમામ પ્રવાસ કરવો જ છે એમ નક્કી કરે પછી ખલાસ! ટૂર એન્ડ ટ્રાવેલ્સની ઑફિસનાં પગથિયાં અને મેનેજરના હાડને હલાવી નાખે.

મેનેજરને એટલા પ્રશ્નો પૂછે કે મેનેજર : 'હમણાં આવ્યો...' એમ કહીને ઑફિસમાંથી સીધો ઘર ભેગો થઈ જાય અને જતી વખતે મોહનભાઈને જવાબ આપવા રૂપાળી સેક્રેટરીને એમની સામે બેસાડી જાય. એ પછી થોડી વાર હસી હસીને જવાબ આપતી સેક્રેટરીની ધીરજ અને જવાબ આપવાની હિંમત પણ અંદરથી પોકારી પોકારીને કહેતી : 'આને હવે કોઈ કાઢે તો સારું... '

આખરે કંટાળી હારીને બોસને ફોન કરતી હોય એમ મોબાઇલ ઉપર 'શું સર? તમારે હવે પરદેશ જવાનું આવ્યું છે એટલે ભારત દર્શન ટૂર બંધ કરી દીધી છે? માત્ર પરદેશની ટૂર જ ઉપાડશો? હા, તો મોહનભાઈને કહી દઉં છું.' સેક્રેટરીને એમ હતું કે પરદેશની ટૂરના એક જણના ત્રણ લાખ કહીશ એટલે મોહનભાઈ ઊઠીને ચાલતા થશે .... પણ મોહનભાઈને યાદ આવ્યું કે પત્ની રમાએ કહ્યું હતું : 'રોજ ઓછામાં ઓછું બે થી ત્રણ કલાક તમારે બહાર પસાર કરીને બપોરે એક વાગ્યે જ જમવા ઘરે આવવું.'

હજી એક વાગવામાં એક કલાક બાકી હોવાથી મોહનભાઈએ પેલી સેક્રેટરી સાથે ગહન ચર્ચા ચાલુ કરી : 'હાં તો તો મિસ, મારે એમ કહેવું છે કે...'

'હું મિસ નથી. મિસિસ મેનકા મારું નામ છે.'

'ઓકે તો મેનકાજી, દેશમાં તો એમ પણ અમે બહુ ફર્યાં છીએ. હવે મને પણ પરદેશ ખેડવાનું મન થયું છે. હા, તો તમારા પરદેશના પેકેજ વિશે ગહન માહિતી આપશો?'

(મેનકા વિચારતી હતી કે આ માથાભારે પેકેજને અહીંથી કઈ રીતે ઑફિસની બહાર કાઢું.)

'એક વાત કહું મિસિસ મેનકા? આપ ખરેખર ધરતી ઉપરની મેનકા છો. તમને જોયાં બાદ આપોઆપ ચાર

ધામ થઈ જાય અને પરદેશ પણ ખેડાઈ જાય તે નફામાં.'

'તો મિસ્ટર મોહન, તમે ચાર ધામ વત્તા પરદેશ ખેડી લીધા હોય (અને એ પણ મફત) તો પ્રવાસના પૈસા નાહક ના બગાડો. એનાં કરતાં નિરાંતે ઘરે જઈ આરામ કરો.'

માંડ માંડ બોસથી છૂટેલી મેનકા મોહનભાઈથી કંટાળી હતી.

'મેનકાજી, મેં સાંભળ્યું છે કે વિમાનમાં પણ એક એકથી ચડિયાતી મેનકાઓ ઉર્ફે ઍરહોસ્ટેસ હોય છે અને એ આપણે સ્વીચ દબાવીએ એટલે દોડતી પાણી, ચા - કોફી, નાસ્તો લઈને આવે છે.'

'મિસ્ટર મોહન, તમે કયા જમાનામાં જીવો છો? હવે તો પ્લેનમાં નાસ્તા - પાણી આપવાનાં બંધ કર્યાં છે. જો જોઈતાં હોય તો દસ ગણા ભાવ ચૂકવીને લેવાં પડે અને હવે ઍરહોસ્ટેસને મેનકા સાથે સરખાવીને મેનકાની અપ્સરા (મારા જેવી રૂપાળી) નાં રૂપને ઝાંખું ન કરો. કદાચ તમારી મિસિસ એમનાં કરતાં વધારે સુંદર હશે. એટલે તમે દિવાસ્વપ્ન જોવાનાં બંધ કરીને તમારી પત્ની સાથે કિંમતી સમય પસાર કરો.'

(એમ જ કરવાનો હોત તો બે - ત્રણ કલાક અહીંયા શા માટે પસાર કરું. મૂરખ સમજે છે શું?)

'મેનકાજી, ક્યાં ઘરનો ચાંદ અને ક્યાં આકાશનો ચાંદ! મેં યુરોપની સુંદરીઓના ફોટા અને ઍરહોસ્ટેસના ફોટા જોયા છે. તમે મને યુરોપની ટૂરના પેકેજ અને ફોટોગ્રાફ બતલાવો. જેથી એકવાર ન જવાય તો પણ ફોટા જોઈને ધન્ય તો થવાય જ ને? અને હા, યુરોપની ટૂરમાં તમે મેનેજર તરીકે અમારી સાથે જરૂર આવજો. આજની મારી સાથેની બેઠક પછી તમને મારો મળતાવડો સ્વભાવ ગમી ગયો હશે. ખરું ને?'

(એમની પત્નીએ ધક્કો મારીને ઘરેથી કાઢ્યો લાગે છે! )

એટલામાં બોસનો ફોન આવ્યો : ' હેલો સર... તમે ઑફિસમાં ક્યારે આવો છો? ... જી,,જી પેલા મિસ્ટર હજી અહીં જ છે.'

'તું એક કામ કર. લંચ ટાઇમ બોલીને ઊભી થઈ જા અને કહી દે કે બપોરે બે કલાક માટે ઑફિસ બંધ રહે છે.'

બોસનું આ ફરમાન સાંભળીને મેનકાએ લંચ ટાઇમ બ્રેક એલાન કર્યું, તેવું જ મિસ્ટર મોહને કહ્યું : 'મિસિસ મેનકા, આજે તમને લંચ મારા તરફથી તમારી ઑફિસની બાજુની હોટલમાં. પ્લીઝ... ના નહીં કહેતાં.!'

'આ ચિટકુને કઈ રીતે ઉખેડવો'ના વિચારમાં મેનકાએ ખાલીખાલી ફોન ઉપર નંબર ડાયલ કરી પોતાના હસબન્ડ સાથે વાત કરતી હોય એમ...

'શું તું મને લેવા આવે છે, ડાર્લિંગ? આપણે સાથે જમવા જવાનું છે? ઓકે... ઓકે... હું હમણાં જ ઑફિસ બંધ કરીને આવું છું. ઓકે. ટેક્સી લઈને જ આવું છું.'

'શું મેનકાજી, તમે ટેક્સીમાં જવાનાં? ક્યાં જવાનાં? કોની સાથે? એક કામ કરો. હું તમને જ્યાં કહો ત્યાં ઉતારી દઈશ. ના નહીં કહેતાં.'

'મિસ્ટર મોહન, પ્લીઝ... માઇન્ડ યોર બિઝનેસ. પ્લીઝ, તમે તમારા ઘર ભેગા થાવ. અને હા, અમે બધા જ પ્રવાસ બંધ કરી દીધા છે અને આ ઑફિસ પણ. સમજ્યા?'

'મારે શું? સારા માણસનો જમાનો જ ક્યાં રહ્યો છે બાકી મહિલાઓને મદદ કરવા અમારા જેવા કેટલા તૈયાર ઊભા છે! પણ મહિલા ગાંઠે જ ક્યાં છે... ઘરની તો ઘરની ને બહારની પણ... ક્યાં હાથ આવે છે ભલા!...' એવું ગણગણતા મિસ્ટર મોહન રવાના થયા... ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## અધ્ધરતાલ ઉંમરના આટાપાટા...

રીયા અરીસા સામે જોતાં, પોતાના જ પ્રતિબિંબ સામે મોં મચકોડતી ઊભી હતી. રાતોરાત કોણ જાણે ક્યાંથી એના નાકના ટોચકાં પર આ પિમ્પલ ઉપસી આવેલું. આખી દુનિયાને દેખાય એમ એ હવે ત્યાં મોટું થવાની તૈયારીમાં હતું. રીયાએ નિઃસાસો નાખ્યો,


'લાઈફ ઈઝ સો અનફેર... ઉફ્ફ'. એ મનોમન બબડતી પોતાના વિખરાયેલા વાળ સંવારવા લાગી.

હજુ થોડા સમય પહેલા દેખાવ પ્રત્યે તદ્દન બેદરકાર એવી રીયા આજકાલ ફક્ત પોતે કેવી લાગે છે એની જ દરકાર કરવાં લાગેલી. આમ પણ જીવનમાં નાના-મોટાં ઘણા બદલાવો આવ્યાં હતાં, જેમકે એનો અવાજ થોડો બદલાયો હતો. એ ક્યારેક તીણો તો ક્યારેક દબાયેલો હોય એમ બહાર આવતો. ચોક્કસપણે એ નાના બાળક જેવો તો નહોતો રહ્યો. ગઈકાલે સાયન્સ ક્લાસમાં જવાબ દેવા ઊભી થયેલી પોતાની પીઠ પાછળ ખુસુરપુસુર સાંભળી એ બેચેન થઈ ઊઠેલી. પોતાના વિશે કંઈક કમેન્ટ્સ ચાલી રહી છે એ સમજી ગયેલી રીયાના કાનમાં હજુ પણ એ ફફરાટ ગૂંજતો હતો.

'રીયા, નાસ્તો તૈયાર છે'. મમ્મીની બૂમ સાંભળી રીયાએ અરીસાનો સાથ અંતે છોડ્યો. ઝટઝટ મોં પર પાણી છાંટી એ બહાર નીકળી. એની મમ્મી નેહા રોજ માફક એને જોઈને હસી. નાસ્તાની પ્લેટ ધરતાં પૂછ્યું, 'કેમ થાકેલી લાગે છે? ઊંઘ નથી થઈ સરખી કે શું?'

'ના એવું કંઈ નથી.' રીયાએ ટૂંકો જવાબ આપ્યો. નેહા એની સામે જોઈ રહી, પણ એણે વાત આગળ ના વધારી. રીયાને હમણાંથી બધું અજૂગતું લાગતું. એ માંદી નહોતી, ઉદાસ નહોતી, પણ એના જીવને ક્યાંય શાંતી પણ નહોતી. જાણે એની અંદર કંઈક બદલાઇ રહ્યું હોય અને એ વાતનો ખ્યાલ ના આવતો હોય એમ રીયા મોટાભાગે બઘવાયેલી રહેતી. પેરેન્ટ્સ પ્રશ્નો પૂછે એમાં તો એને સખ્ત ચીડ ચડતી. અને જો એ લોકો રીયાને એના હાલ પર છોડી દે, એની કોઈ વાતમાં ચંચૂપાત ના કરે તો એને લાગતું કે પોતાના પેરેન્ટ્સને એની કોઈ પરવાં નથી.

એ દિવસે બપોરે સ્કૂલેથી આવી રીયા સીધી પોતાના રૂમમાં ચાલી ગઈ. બેગ ખોલી, પુસ્તકો વિખેરી નાખ્યાં, સ્કૂલ ડ્રેસનો ઘા કર્યો, કાગળના નકામા ડુચ્ચા જ્યાં ત્યાં ફેંક્યા. હજુ સવારે નેહાએ



આખો રૂમ સાફ કર્યો હતો અને બપોરે રૂમની આ હાલત જોતાં એનું માથું ચકરાઈ ગયું. 'રીયા, આ શું છે યાર, આટલીવારમાં તે રૂમની શી હાલત કરી નાખી કરી...જો તો ખરાં! આ તે કોઈ સ્ટોરરૂમ છે?'

રીયાનો પિત્તો અંતે છટક્યો. એણે સખ્ત ગુસ્સા સાથે કહ્યું, 'મમ્મી પ્લીઝ, મારા રૂમમાં આવતાં પહેલા જરાં નોક કરીને આવતી જા. નહીં તો હવેથી હું રૂમ અંદરથી બંધ કરતી જઈશ... '

નેહા આઘાતની મારી ચોંકી પડી :

'અરે, દીકરીના રૂમમાં આવવા મારે ક્યારથી પરમિશનની જરૂર પડવા લાગી?'

'કારણકે, આ મારો રૂમ છે.' રિયાએ સ્પષ્ટપણે કહ્યું : 'મને મારી પ્રાયવસીની જરૂર છે.,, '

આ શબ્દો હવામાં ક્યાંક અધ્ધરતાલ લટકી રહ્યાં. એનો ભાર એટલો બધો હતો કે નેહાથી સહન ના થયું. મા તરીકે એનું મન સખ્ત ઈજાગ્રસ્ત થયું. તેમ છતાં એણે રૂમ સાફ કરવાનું ચાલુ રાખ્યું. નેહાની આ ચૂપ્પીથી રીયા વધારે અકળાય. એ પીઠ ફેરવીને જાણે કંઈ બન્યું જ ના હોય એમ ફોન મચકોડવા લાગી, પણ મનમાં વિચારો ચાલતા હતા : 'હું શા માટે આવું વર્તન કરી બેસું છું? હમણાં થોડાં સમય પહેલા તો મમ્મી મારા પર ગુસ્સે થતી તો મને મજા આવતી. હું એની પીઠે લટકાય જતી ને એના ગાલ પર પપ્પી કરી લેતી. મમ્મી પણ સામે મને વ્હાલ સાથે ઊંચકી લેતી. હશે, ઠીક છે, ઈટ્સ ઓકે...' એમ મનોમન બોલી એણે વિચારો ખંખેરી નાખ્યાં. સાથે નેહા પણ ધૂળ ખંખેરતી રૂમમાંથી ચાલી ગઈ.

સાંજે પપ્પા ઘેર આવ્યા. 'હાય, ચેમ્પિયન' કહેતાં એણે રીયાના માથે હાથ ફેરવતાં વાળ વીંખી નાખ્યાં. રીયાને બિલકુલ ગમ્યું નહીં. પપ્પા આમ એને નાના બાળકની જેમ ટ્રીટ કરે એ ગમ્યું નહી. રીયાને કોઈ પ્રતિક્રિયા સૂઝી નહીં એટલે એણે છટકબારી શોધી :

'પપ્પા, હું આર્યાના ઘરે જાઉં છું. કદાચ થોડું મોડું થાય.'

'મોડું એટલે કેટલું મોડું? નવ વાગ્યા પહેલાં આવી જજે.' નેહાએ પોતાનો વીટો પાવર વાપર્યો.

'હું કંઈ નાની કીકલી નથી.' રીયા હજુ વાક્ય પૂરું કરે એ પહેલાં નેહાએ ભારપૂર્વક કહ્યું :

'તું માત્ર પંદર વર્ષની છે.' જોકે સામો જવાબ સાંભળવાની દરકાર કર્યા વગર રીયા જોરથી દરવાજો બંધ કરી બહાર નીકળી ગઈ...

એ રાત્રે રીયા જમી નહીં. પથારીમાં મોડે સુધી જાગતી પડેલી એ છત તરફ અપલક તાકી રહી. આ ગુસ્સો, ઉદાસી, બેચેની બધાં અચાનક ક્યાંથી ભરડો લઈને બેઠાં છે એ રીયા ખુદ સમજી નહોતી શકતી : મમ્મીને મારા પર વિશ્વાસ કેમ નથી. પપ્પાને કેમ સમજાતું નથી કે હું મોટી થઈ ગઈ છું. આ મારા ચહેરા પરના પિમ્પલ, પીઠ પાછળ થતી મજાક કે પછી જાતે રૂમ સાફ કરવાની અપેક્ષા શું સૂચવે છે? એમ જ ને કે હું મોટી થઈ ગઈ છું. આઈ એમ નોટ અ ચાઈલ્ડ એનીમોર... તો પછી મને બીજી બધી વાતોમાં કેમ એડલ્ટ માફક છૂટ નથી મળતી? કેમ મને પ્રાયવસી નથી અપાતી? કેમ હું જાતે મારા નિર્ણયો નથી લઈ શકતી...

આ પ્રશ્નોના જવાબ ના મળતાં રીયા અંતે રોઈ પડી. એને ક્યાં ખબર હતી કે એ બાળપણ અને યુવાવસ્થા વચ્ચેના ઝૂલતાં પુલ જેવી તરુણાવસ્થામાંથી પોતે પસાર થઈ રહી છે. જ્યાં બંન્ને તરફથી ના પૂરો જાકારો મળે છે ના તો સંપૂર્ણ આવકાર. એ સમયે જ્યાં છીએ ત્યાંથી ઉપરની તરફ ગતિ કરવી કેટલી જરૂરી છે એ કદાચ સમય જતા- સ્વાનુભવે જ સમજાય. ■

વિશેષ
જયવંત પંડ્યા
feedback.ladki@bombaysamachar.com

# નવજાત માતાને કયો દેશ સૌથી વધુ રજા આપે છે?

**વાર-તહેવારે જાતભાતના અધિકારોની વાતો કરવા માટે જાણીતા અમેરિકાની સ્થિતિ મેટર્નિટી લીવ વિશે કેવી છે? ટોચના દસ દેશોમાં ભારતનું સ્થાન ક્યાં છે?**



તાજેતરમાં અમેરિકાની એક મહિલા કર્મચારીને ગર્ભાવસ્થામાં કંપનીએ સુવિધા ન આપતાં ત્યાંની ઓહિયો ન્યાયાલયે કંપનીને ૨.૨૫ કરોડ ડૉલર અર્થાત્ રૂ. ૨૦૦ કરોડ ચુકવવાનો આદેશ આપ્યો.

ચેલ્સીયા વોલ્શન નામની મહિલા ‘ટોટલ ક્વૉલિટી લોજિસ્ટિક’ કંપનીની સ્ટાફ હતી. પાંચ વર્ષ પહેલાં ફેબ્રુઆરીમાં તે ગર્ભવતી હતી. તેને ગર્ભનું જોખમ હતું. તેથી તેણે કંપનીમાં આવેદન કરી વર્ક ફ્રોમ હોમ માગ્યું, પણ કંપનીએ તેને નકારી દીધું. તેને બે વિકલ્પ આપવામાં આવ્યાઃ કાં તો ઑફિસે આવીને કામ કરતા રહો અથવા તો પગાર વગરની રજા પર ઊતરી જાવ... પરંતુ પગાર વગરની રજા પર ઊતરી જાય તો તેને હેલ્થ ઇન્સ્યોરન્સ અને પગાર બંનેની ખોટ જાય. આર્થિક તંગીને કારણે ચેલ્સીયાએ પહેલો વિકલ્પ ઑફિસે જઈને કામ કરવાનો પસંદ કર્યો હતો.

૨૪ ફેબ્રુઆરી ૨૦૨૧એ ઑફિસમાં સતત ત્રણ દિવસ કામ કર્યા પછી ચેલ્સીયાને વેણ (લેબર પેન ) ઊપડી. ચેલ્સીયાને નિયત સમય કરતાં અઢાર સપ્તાહ પહેલાં બાળકીને જન્મ આપ્યો. જન્મસમયે બાળકીનું હૃદય ધબકતું હતું અને શ્વાસ પણ ચાલતા હતા, પરંતુ દુ:ખદ વાત એ બની કે દોઢ કલાકની અંદર જ એ દીકરી મૃત્યુ પામી!

ચેલ્સીયા દુ:ખમાં સરી પડે તે તો સ્વાભાવિક હતું, પરંતુ તેણે લડત આપવાનું નક્કી કર્યું. પરિવારે કંપનીને ન્યાયાલયમાં ઘસડી. પરિવારને લાગ્યું હતું કે જો ચેલ્સીયાને ઘરેથી કામ કરવાની છૂટ અપાઈ હોત તો કદાચ આટલી વહેલી પ્રસૂતિની સ્થિતિ ન આવી હોત. અથવા તો દીકરીનું મૃત્યુ ન થયું હોત.

ન્યાયાલયે તાજેતરમાં ચેલ્સીયાની તરફેણમાં ચુકાદો આપ્યો. ન્યાયાધીશોએ કહ્યું કે કંપનીએ ગર્ભવતીને લગતી આરોગ્યની સમસ્યાઓની ગંભીરતા સમજવી જોઈએ અને કાર્યસ્થળે પણ આવશ્યક હોય ત્યારે સહાય પૂરી પાડવી જોઈએ.

નવાઈ લાગશે પણ જ્યાં સુધી માતૃત્વ રજા પગાર સાથે આપવાની વાત ચર્ચાય છે તેવા ટોચના દસ દેશમાં અમેરિકા અને યુરોપના મોટા દેશોનો સમાવેશ નથી થતો! હા, આ દેશો આપણને ફેમિનિઝમ નારીવાદ વિશે લાંબાં પહોળાં લેક્ચર આપતા રહે છે અને આપણા દેશોના ફેમિનિસ્ટો પણ અમેરિકા અને યુરોપની દુહાઈ દેતા રહે છે.

આવા દસ દેશોમાં સૌથી મોખરે નામ છે યુરોપનું એસ્ટોનિયા.

એસ્ટોનિયામાં નવજાત માતાને ૧૦૦ ટકા પગાર સાથે ૮૬ સપ્તાહ એટલે કે એક વર્ષ અને સાડા છ મહિનાની રજા મળે છે...

યુરોપના દેશ સ્વીડનમાં ૬૮.૫ સપ્તાહ એટલે કે એક વર્ષ અને ત્રણ મહિના અને પચ્ચીસ દિવસની રજા છે. આ રજાઓ માત્ર માતાને જ મળે તેવું નથી. એ રજા માતા- પિતા વચ્ચે વહેંચાઈ જાય છે. પગારમાં પહેલા ૩૯૦ દિવસ સો ટકા સાથે રજા મળે છે. તે પછીના ૯૦ દિવસ ફ્લેટ રેટ સાથે મળે છે.

આ જ રીતે નોર્વેમાં ૪૯ સપ્તાહની પૂરા પગાર સાથે અથવા વધુ રજા જોઈતી હોય તો ૫૯ સપ્તાહની ૮૦ ટકા પગાર સાથે રજા મળે છે.

બલ્ગેરિયામાં માતાને ૫૮.૬ સપ્તાહની રજા ૯૦ ટકા પગાર સાથે મળે છે.

ગ્રીસમાં જરા જુદું છે. અહીં માતાને પહેલાં ૧૭ સપ્તાહની રજા પૂરા પગાર સાથે મળે છે. તે પછીનાં ૨૬ સપ્તાહ લઘુતમ પગાર ધોરણ મુજબ પગાર મળે છે.

યુકેમાં માતૃત્વ રજા ૩૯ સપ્તાહની છે, જેમાં છ સપ્તાહ ૯૦ ટકા પગાર સાથે, ૩૩ સપ્તાહ વૈધાનિક ફ્લેટ રેટ સાથે મળે છે.

ચીલીમાં સામાન્ય રીતે ૧૮ સપ્તાહની રજા પૂરા પગાર સાથે મળે છે, પરંતુ જો વધુ ૧ સપ્તાહની રજા જોઈતી હોય તો તે પણ મળે છે અને હા, તેમાં પણ કોઈ પગાર કાપ આવતો નથી.!

વિયેતનામમાં ૨૬ સપ્તાહની રજા સો ટકા પગાર સાથે મળે છે. આ ઉપરાંત ત્યાં બાળકજન્મ ભથ્થું પણ બે મહિના સુધી મળે છે જે બેઝિક સેલેરી જેટલું હોય છે.

આ બધા દેશોની યાદીમાં ભારતનું નામ પણ છે. ભારતમાં પ્રથમ બે બાળકો માટે ૨૬ સપ્તાહની માતૃત્વ રજા મળે છે અને તે પણ પૂરા પગાર સાથે. અને હા, ત્રીજું બાળક થાય તો ૧૨ સપ્તાહની રજા મળે છે.

આના સમાંતરે આજે ઉદ્યોગજગતમાં પણ મંથન ચાલે છે કે શું મહિલા કર્મચારીઓને નોકરી આપવી તેમની કંપનીઓ માટે ઉત્પાદન અથવા કામકાજની દૃષ્ટિએ લાભદાયક છે? આ વાત મહિલા વિરોધી લાગી શકે છે, પરંતુ સત્ય એ છે કે ભારતમાં ૭૩ ટકા મહિલા માતા બન્યા પછી કાં કારકિર્દી સંપૂર્ણપણે છોડી દે છે અથવા બ્રેક લઈ લે છે. આથી કંપનીઓ પણ પોતાનું હિત વિચારે છે. ભલે સત્તાવાર રીતે, પોર્ટલ પર, કે પછી જાહેરખબરોમાં એ જે કહે તે, પણ ગર્ભવતી મહિલાઓ માતા બને તે પછી કંપનીને કેટલું નુકસાન જશે તેનો તો એ વિચારે કરે જ છે. આને મહિલાવાદીઓ ‘મેટરનિટી પેનલ્ટી’ કહે છે એટલે કે ઘણી કંપનીઓ મહિલાઓને નોકરી આપતાં કે તેમને પ્રમોશન આપતાં વિચારે છે. એ બધા માતૃત્વ રજાના કારણે કંપની પર કેટલું ભારણ આવશે અને કામકાજને કેટલો આર્થિક ફટકો પડશે તેની ગણતરી કરે છે. ■



આ બધા વચ્ચે માતૃત્વ રજા ઉપરાંત ભારતમાં હવે માસિક દરમિયાન રજાની પણ આવકાર્ય પહેલ શરૂ થઈ છે. આને લઈને કર્ણાટકે પહેલ કરી છે. ત્યાંની રાજ્ય સરકારની નીતિ અનુસાર ૧૮-૫૨ વર્ષની વયના ઔપચારિક ક્ષેત્રના કર્મચારીઓને માસિક રજા મળી શકશે...

જોકે, માર્ચ ૨૦૨૬માં, ભારતની સુપ્રીમ કોર્ટે દેશભરમાં આવી માસિક રજાને સંભવિત ભરતી ભેદભાવને ટાંકીને, ફરજિયાત બનાવવાનો ઇનકાર કર્યો છે...

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ઓલ ટાઈમ હિટ છે કલમકારી આઉટફિટ્સ







કલમકારી ફેબ્રિક એટલે એક પરંપરાગત હેન્ડક્રાફ્ટ કાપડ, જેમાં હાથથી ડિઝાઇન બનાવવામાં આવે છે. ‘કલમ’નો અર્થ પેન (કલમ) અને ‘કારી’ નો અર્થ કારીગરી થાય છે. એટલે કે, કલમકારી એટલે કલમથી કરવામાં આવતી કળા. આ કાપડ મુખ્યત્વે કોટન (સૂતી) પર બને છે અને તેમાં પ્રાકૃતિક રંગોનો ઉપયોગ થાય છે. કલાકારો બાંસ અથવા લાકડાની કલમ વડે કપડાં પર સુંદર ડિઝાઇન, ફૂલ-પાંદડા, ધાર્મિક કથાઓ અને પરંપરાગત આકૃતિઓ દોરીને તેને રંગે છે.

કલમકારી કળા ખાસ કરીને ભારતના આંધ્ર પ્રદેશ અને તેલંગાણા વિસ્તારમાં ખૂબ પ્રસિદ્ધ છે. આજના ફેશન જગતમાં જ્યાં ફેશન આંખના પલકારામાં બદલાય છે ત્યાં કલમકારી એ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. આંધ્રપ્રદેશની આ પ્રાચીન કલા આજે મુંબઈથી અમદાવાદ સુધીના વાર્ડરોબમાં રાજ કરે છે. સુરતના ટેક્સટાઈલ માર્કેટમાં અથવા અમદાવાદના એથનિક સ્ટોર્સમાં તમને કલમકારી ફેબ્રિક સરળતાથી મેળવી શકશો. ચાલો જાણીયે આ કલમકારી ફેબ્રિકમાંથી શું બનાવી શકાય.

કલમકારીની ઉત્પત્તિ ૩૦૦૦ વર્ષથી પણ વધુ જૂની છે. આંધ્ર પ્રદેશના શ્રીકાલહસ્તી અને મચ્છલીપટ્ટનમમાંથી જન્મેલી આ કલા ‘કલમ’ (પેન) અને ‘કારી’ (કલા) શબ્દોમાંથી બનેલી છે. એક તરફ હાથથી પેનથી ડ્રોઈંગ કરીને બનાવાય છે તો બીજી તરફ બ્લોક પ્રિન્ટિંગથી. મુઘલ સમયમાં આને વિશેષ માન મળ્યું હતું અને વિજયનગર સામ્રાજ્યમાં તે મંદિરના કપડાં માટે વપરાતી હતી. કુદરતી રંગો પ્લાન્ટ્સ, ખનીજ અને જંતુઓમાંથી બનેલા વાપરવામાં આવે છે. મોટીવ્સમાં પીપળાનાં પાન, મોર, રામાયણ-મહાભારતનાં દૃશ્યો અને દેવી-દેવતાઓની વાર્તાઓ હોય છે. આ ફેબ્રિક કોટનનું હોવાથી શ્વાસ લેવા જેવું અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ છે. જીઆઈ ટેગ મેળવેલી આ કલા આજે બોલિવૂડમાં પણ ટ્રેન્ડ છે સોનમ કપૂર, વિદ્યા બાલન, કીર્તિ સુરેશ અને કાજલ અગરવાલ જેવી સેલિબ્રિટીઓએ તેને રેડ કાર્પેટ પર લાવીને ફરીથી પોપ્યુલર કરી છે (૨૦૨૬ના ટ્રેન્ડ્સમાં હેન્ડ-પેઈન્ટેડ મિથોલોજિકલ મોટીવ્સ અને ફ્લોરલ પેટર્ન્સ ટોપ પર છે).

## કુર્તીઃ

આ ફેબ્રિકમાંથી તમે ઘણી સ્ટાઇલિંગ કરી શકો. સૌથી વધુ ટ્રેંડમાં છે કુર્તી. કુર્તી એ સૌથી વધુ પહેરાતું ગારમેન્ટ છે. અને બધીજ વયની મહિલાઓ કલમકારી પ્રિન્ટની કુર્તી પહેરી શકે. આ કુર્તીની સ્ટાઇલિંગ તમે તમારી પર્સનલ ચોઈસ અને બોડી ટાઈપ પ્રમાણે કરી શકો. કલમકારી ફેબ્રિકની એ ખાસિયત છે કે, સ્ટ્રેટ કુર્તી પણ સારી લાગશે અને એ લાઈન કુર્તી કે પછી કળીદાર કુર્તી પણ સારી લાગશે. ફેબ્રિક સુંવાળું હોવાથી ઉનાળામાં ગરમી લાગતી નથી.

જો તમારું શરીર ભરેલું હોય તો ચોકવાળી કુર્તી ન પહેરવી જેથી બસ્ટ એરિયા વધારે હાઈલાઈટ ન થાય. જો તમે યંગ હોવ અને શરીર પણ જો સુડોળ હોય તો તમે ટિપિકલ કુર્તી સ્ટાઇલ ન પહેરતા થોડી ઈન્ડો વેસ્ટર્ન સ્ટાઈલમાં પણ કુર્તી પહેરી શકો જેમકે, હોલ્ટર નેક કે પછી સ્પેગેટી સ્ટાઇલ. કલમકારી એવું ફેબ્રિક છે કે જેમાં તમે કોઈ પણ સ્ટાઇલિંગ કરાવી શકો.

## સાડીઃ

કલમકારી સાડીમાં આવેલા રિચ પલ્લુ અને બોર્ડરવાળી સાડી નવરાત્રિ અથવા વેડિંગમાં ગુજરાતી જ્વેલરી સાથે અદ્ભુત લાગે છે. તમે કલમકારી સાડી સાથે કોન્ટ્રાસ બ્લાઉઝ પણ પહેરી શકો અને સદીમાં જે બ્લાઉઝ પીઆઈએસ આવ્યું હોય તે પણ પહેરી શકો. જો તમારે કઈ અલગ જ ટ્રાય કરવું હોય તો, તમે કલમકારી પ્રિન્ટનું બ્લાઉઝ કરાવી શકો અને તેની સાથે પ્લેન કોટન સાડી પહેરી શકાય. કલમકારીની સાડી એ ક્લાસ વેર છે. હવે તો કોર્પોરેટ ઓફિસમાં પણ યુવતીઓ કલમકારીની સાડી પહેરવાનું પ્રિફર કરે છે. અને આ સાડી સાથે તમે ફેન્સી બ્લાઉઝ પહેરીને એક અલગ જ લૂક આપી શકો.

## ટ્યુનિકઃ

કલમકારી ફેબ્રિકમાંથી ટ્યૂનિક પણ સારા લાગશે. તમે તમારી બોડી ટાઈપ પ્રમાણે ટ્યુનિકનું સ્ટાઇલિંગ કરાવી શકો. ટ્યુનિકમાં ખાસ કરીને લેન્થ જોઈ લેવી. કલમકારી ફેબ્રિકમાં એ લાઈન, સ્ટ્રેટ અને ફ્લેરી એમ બધી જ ટાઈપના ટયુનિક સારા લાગશે . આ ટયુનિક તમે ડેનિમ સાથે કે પછી જેગિંગ કે એન્કલ લેન્થના ટાઈટ્સ સાથે પહેરી શકો. કલમકારી ફેબ્રિકમાંથી બનેલા ટ્યુનિક ખૂબ જ સ્માર્ટ લુક આપે છે. આ ટ્યુનિક તમે કોફી ડેટ કે પછી કીટી પાર્ટીમાં પણ પહેરી શકો.

## કોર્ડ સેટ :

કોર્ડ સેટ એટલે એક સરખા બોટમ અને ટોપ. કોર્ડ સેટની લેન્થમાં તમને વેરિએશન જોવા મળશે. તમે તમારી હાઈટ મુજબ કોર્ડ સેટની પસંદગી મારી શકો. કલમકારી પ્રિન્ટના કોર્ડ સેટ એક અલગ જ લૂક આપશે. કોર્ડ સેટની ખસિયાત એ છે કે, બોડીને આખું કવર કરે છે અને સ્માર્ટ લૂક પણ આપે છે. જો તમારે આખું કોર્ડ સેટ કલમકારી પ્રિન્ટ ન પહેરવી હોય તો તમે મિક્સ એન્ડ મેચ કરી શકો. જેમકે, ટોપ કલમકારી પ્રિન્ટનું છે તો પ્લેન બોટમ પહેરી શકાય. અને હા પ્લેન ટોપ હોય તો તમે કલમકારી પ્રિન્ટનું બોટમ પહેરી શકો. આ બંને વેરીએશન તમને સ્માર્ટ લૂક આપશે. જેમની હાઈટ ઓછી અને શરીર ભરેલું હોય તેઓએ કઈ લેન્થના કોર્ડ પહેરવા એ ખાસ ધ્યાન રાખવું જેમકે, જેઓની હાઈટ ઓછી છે તેમણે હિપ લેન્થના ટોપવાળા કોર્ડ સેટ ન પહેરવા અને ની લેન્થ કે પછી કાલફ લેન્થના કોર્ડ સેટ પહેરવા. જેથી કરી પેટ અને કમરનો ભાગ વધારે ન લાગે. જેઓની હાઈટ હોય અને શરીર સુડોળ હોય તેઓ કોઈ પણ લેન્થના કોર્ડ સેટ પહેરી શકે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# વાસણથી થતી માનસિક ને શારીરિક સારવાર અંગે જાણો છો?

આપણે વારંવાર હેલ્ધી ફૂડ ખાવાનો આગ્રહ રાખીએ છીએ, જેથી

- હેલ્થ સારી રહે અને

- શરીરને તંદુસ્ત રાખવા આપણે હેલ્ધી ફૂડ રાંધીએ પણ છીએ.

- પરંતુ

- સારું ભોજન બનાવવા માટે વાસણોની ક્વૉલિટી સારી હોય એ જરૂરી છે.

- એ માટે કૂકિંગ મટીરિયલના ફાયદા અને નુકસાન વિશે ખબર હોવી જોઈએ એ પણ જરૂરી છે.

- આમ કરવાથી રસોઈ બનાવવા માટે

- પરફેક્ટ વાસણની પસંદગી કરવાનું સરળ બની જશે.

- તો જાણીએ એમાંથી થોડા વિશેઃ

* કાસ્ટ આયર્નમાં કૂકવેરનું વજન વધારે, પણ

* કિંમત ઓછી હોય છે.

- એમાં જલદી કાટ લાગતો નથી.

- આ વાસણમાં બનાવવામાં આવેલ આહારમાં આયર્ન કન્ટેન્ટ વધારે હોય છે.

- એનિમિયાના દર્દીની રસોઈ બનાવવા માટે આ વાસણોનો ઉપયોગ કરવામાં આવે તો દર્દીને ફાયદો થશે.

* કોપર (તાંબા)ના વાસણ હિટ કન્ડક્ટર છે.

- આ ઍસિડ અને સોલ્ટની સાથે રિઍક્ટ કરે છે.

- આહારમાં રહેલું ઑર્ગેનિક ઍસિડ વાસણોની સાથે રિઍક્ટ કરીને વધારે કોપર ઉત્પન્ન કરી શકે છે જે દરેકના શરીર માટે નુકસાનકારક સાબિત થાય છે.

* એલ્યુમિનિયમનાં વાસણો

- હલકાં - મજબૂત,

- ગુડ હિટ કન્ડક્ટ અને

- વધારે મોંઘા નથી હોતાં.

- આહારમાં જોવા મળતો ઍસિડ અને સોલ્ટથી ઍલ્યુમિનિયમ ઓગળવા લાગે છે, જેનાથી વાસણમાં કાણા પડી જાય છે.

- સ્ટ્રોન્ગ ઍસિડિક ફૂડ જેમ કે

* ચા,

* ટામેટાનો પેસ્ટ વગેરેને ઍલ્યુમિનિયમનાં વાસણોમાં બનાવવાનું ટાળો.

■ હાર્ડ એનોડાઈઝડ ઍલ્યુમિનિયમ સુરક્ષિત છે.

- આ ઍલ્યુમિનિયમને ઓગળતો અટકાવે છે અને તેને સ્ક્રેચપ્રૂફ બનાવે છે. તે ઘણું સ્મૂથ હોવાને લીધે ખાવાનું ચોંટતું નથી.

■ હાઈ ગ્રેજ સર્જિકલ સ્ટીલ

* જેમ કે એએમસીના વાસણો પર રોસ્ટિંગ ફ્રાય કરવું.

* બ્રૅકિંગ કે ખાવાનું સર્વ કરવું સરળ છે.

- આ વાસણો લાંબા સમય સુધી ચાલે છે.

- એની કાળજી રાખવી મુશ્કેલ નથી.

■ ઈનેમલ-કોટેડ આયર્ન અને સ્ટીલનાં વાસણો પર સ્ક્રેચ પડતા નથી.

- એમાં ખાદ્ય પદાર્થની સુગંધ અટકતી નથી.

- તેને યોગ્ય રીતે હૅન્ડલ કરો તો ઈનેમલ પોટ જીવનભર ચાલે છે અને

- હેલ્થ માટે પણ હેલ્ધી રહે છે.

- લાડકી પૂર્તિની વહાલી વાચક બહેન-દીકરીઓ!

- વાસણથી થતી માનસિક અને શારીરિક સારવાર અંગેના અભ્યાસપૂર્ણ લેખને વાંચ્યા પછી આપનો અભિપ્રાય અમને પ્રોત્સાહન અને દીશા દાખવનારો બની રહેવા પામશે.

*** *** ****



## જરા હસો

- **દર્દી :** ‘ડૉક્ટર, સર્જરી કર્યા પછી હું વાયોલિન વગાડી શકીશ?’

* **ડૉક્ટર :** ‘ચોક્કસ, કમે નહીં?’

- **દર્દી :** ‘અરે વાહ! આ પહેલાં તો મેં ક્યારેય નહોતું વગાડ્યું!’

*** *** ***

* ‘એ માણસને એના મૃત્યુની તારીખ પહેલેથી ખબર હતી.’

- ‘કોઈ જ્યોતિષીએ કહ્યું હશે...!’

* ‘ના, ન્યાયાધીશે...!’ ■

# હોર્મુઝ સ્ટ્રેટ ખોલાવા ૩૦ દેશનું જોડાણ બનાવવાની તૈયારી

લંડનઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ સૌથી વધુ ચર્ચાનો વિષય રહ્યો છે., ઇરાને આ ૧૪ કિલોમીટર પહોળો સમુદ્ર માર્ગ બંધ કરી દેતા, વિશ્વભરમાં પેટ્રોલિયમના પુરવઠાને માઠી અસર પહોંચી છે. આ જળ માર્ગ વહેલી તકે ફરીથી ખોલવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના માટે એક બોર્ડ બનાવવા આયોજન કરવામાં આવી રહ્યું છે.

અહેવાલ મુજબ હોર્મુઝ સ્ટ્રેટ માટે ગાઝા પિસ બોર્ડની માફક હોર્મુઝ ગઠબંધન બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અહેવાલ મુજબ બ્રિટન આ ગઠબંધનનું નેતૃત્વ કરશે. આ ગઠબંધનનો ઉદ્દેશ્ય હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓઈલ ટેન્કર ટ્રાફિક ફરી શરુ કરવાનો છે.

અહેવાલ મુજબ બ્રિટન હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે પ્રયાસો કરવા સંમત થયેલા લગભગ ૩૦ દેશોની એક સમિટનું યોજવા માટે કામ કરી રહ્યું છે.

ઈરાનને જળ માર્ગમાં ઘણી માઈન્સ પ્લાન્ટ કરી છે, શિપિંગ ટ્રાફિકને જોખમમાં મૂકી રહી છે. બ્રિટનની રોયલ નેવી માઇન સ્વીપર જહાજ મોકલવાનો વિચાર કરી રહી છે અને બ્રિટન નાગરિક જહાજ પણ ભાડે લઇ શકે છે, જેના પરથી માઇન-સ્વીપિંગ ડ્રોન લોન્ચ કરી શકાય.

હોર્મુઝ સ્ટ્રેટ બંધ થતા યુરોપિયન દેશોને મોટું નુકસાન પહોંચી રહ્યું છે. ■

# દિલ્હીમાં સ્લીપર બસ ઊથલી પડી, બેનાં મોત

નવી દિલ્હીઃ જયપુરથી દિલ્હી પૂરઝડપે જઈ રહેલી સ્લીપર બસ કરોલ બાગના ઝંડેવાલા વિસ્તારમાં હનુમાન મંદિર નજીક તીવ્ર વળાંક લેતી વખતે ઊથલી પડતાં થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા બે જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૨૩ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ઘાયલોને સારવારાર્થે નજીકની સર ગંગારામ હૉસ્પિટલ અને રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બસમાં કુલ ૩૦ પ્રવાસી સવાર હોવાનું નાયબ પોલીસ કમિશનર (સેન્ટ્રલ) રોહિત રાજબીર સિંહે કહ્યું હતું.

ડ્રાઈવરે બસ પરનો અંકુશ ગુમાવતા આ અકસ્માત થયો હોવાનું તેમણે કહ્યું હતું.

મંગળવાર અને બુધવાર વચ્ચેની મધરાતે લગભગ ૧.૦૦ વાગ્યે કરોલ બાગ પોલીસ સ્ટેશનને આ દુર્ઘટનાની જાણ કરતો ફોન આવ્યો હતો એમ જણાવતાં વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું કે દુર્ઘટનાગ્રસ્ત બસમાં અનેક પ્રવાસીઓ ફસાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને અગ્નિશમન દળની ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બારીઓના કાચ તોડીને બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. (એજન્સી) ■

# કૉંગ્રેસને નોટિસઃ અકબર રોડ અને રાયસીના રોડ પરની ઑફિસ ખાલી કરો

નવી દિલ્હીઃ એસ્ટેટ ડિપાર્ટમેન્ટે કૉંગ્રેસ પક્ષને ૨૮ માર્ચ સુધી દિલ્હીના લુટેયન્સમાં ૨૪, અકબર રોડની ઑફિસ અને ૫, રાયસિના રોડની કચેરી ખાલી કરવાની નોટિસ મોકલાવી છે, એવી માહિતી સૂત્રોએ આપી હતી. કૉંગ્રેસની ૧૯૭૮થી આ જૂની ઑફિસ છે અને સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ અંતિમ નોટિસ મોકલાવી છે. પક્ષનું વડું મથક અખબર રોડની કચેરીમાં છે,.જ્યારે ભરાતીય યુવા કૉંગ્રેસની કચેરી રાયસિના રોડના ફ્રાંગણમાં છે.

સૂત્રોએ ઝણૈવ્યું હતું કે નોટિસ થોડા દિવસ પહેલા દેવામાં આવી છે એ ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીને ક અઠવાડિયાનો સમય ફણ આપવામાં આવ્યો નથી.

પક્ષાના સૂત્રોએ કહ્યું હતં કે કૉંગ્રેસે આ બબાતે ોકઈ વ્યૂહરના ઘડીસ નથી અને આ ઓચિંતી નોટિસને લીધે આ ફક્ષ કદાચ અદાલતમાંજાય. કૉંગ્રેસે આ અગાઉ જ ઈંદિરા ભવનમાં પક્ષની નવી કચેરી બાંધી છે.

પક્ષે ત્તવાર રીતે કશું ઝણાવ્યું નહોતું, પરંતુ કૉંગ્રેસના સંસદસભ્ય કિર્તી ચિદમ્બરમે કહ્યું હતું કે સરકારે બધાને એક સરખ કાયદા લગાડવ જઈ અને કૉંગ્રેસને અળગ પાડવી જોઈએ. (એજન્સી) ■

# સોનિયા ગાંધી હોસ્પિટલમાં

નવી દિલ્હીઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીની તબિયત ફરી એક વાર લથડી છે, તેમને ગત રાત્રે દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પાછળનું ચોક્કસ કારણ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે, અને ડોકટરોની ટીમ તેમની સ્થિતિ પર નજર રાખી રહી છે. સોનિયા ગાંધીના દીકરા રાહુલ ગાંધી અને દીકરી પ્રિયંકા ગાંધી પણ હોસ્પિટલ પહોંચ્યા હતાં, જેને કારણે એવી અટકળો વહેતી થઇ છે કે સોનિયા ગાંધીની તબિયત વધુ ખરાબ હોઈ શકે છે. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

## ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ

## જાહેર સૂચના

માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના ૨૦૧૭ના આદેશ ક્રમાંક SLP ૬૨૦૨ મુજબ તથા માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના, ૨૦૧૮ની કન્ટેમ્પ્ટ પીટીશન નં. ૧૨૬૪ તા. ૦૭.૦૪.૨૦૧૭ અનુસાર નીચે આપેલી યાદીમાં દર્શાવેલ કામદારો, જેઓ સન ૨૦૧૪થી રહેલા છે તપાસ અધિકારી (IO) દ્વારા લેવામાં આવેલી તપાસણી શિબિરમાં તેમજ બૃહન્મુંબઈ મહાનગરપાલિકા મારફત લેવામાં આવેલી તપાસ શિબિરમાં આજ સુધી ઉપસ્થિતિ નોંધાવેલ નથી.

આવા તમામ સંબંધિત કામદારો (અથવા મૃત્યુ પામેલા કામદારોના કાયદેસર વારસદારો)ને વિનંતી કરવામાં આવે છે કે તેઓ નીચે આપેલા સરનામે મુખ્ય પર્યવેક્ષક (ઘન કચરો વ્યવસ્થાપન)ના કાર્યાલયે હાજર રહી, જરૂરી દસ્તાવેજો આધાર કાર્ડ, પેન કાર્ડ, જન્મ પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, લગ્ન પ્રમાણપત્ર, મૃત્યુ પ્રમાણપત્ર, યુનિયન આઈડી કાર્ડ, બેંક પાસબુક વગેરે ઉદાહરણ તરીકે : સાથે લઈને હાજર રહે.

સરનામુંઃ ખટાવ માર્કેટ બિલ્ડિંગ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (પશ્ચિમ)

કૃપા કરીને નોંધ લો કે તા. ૦૬.૦૪.૨૦૨૬થી તા. ૦૮.૦૪.૨૦૨૬ દરમિયાન કાર્યાલયના સમય દરમિયાન હાજર રહેવું.

| ક્રમાંક | કર્મચારીનું નામ | વોર્ડ | (RUSR) નં. |
|---|---|---|---|
| ૧ | સંતોષ અશોક મગરે | G/N | ૨૨ |
| ૨ | કિશોર ગણપત માજલ | H/E | ૩૪૩ |
| ૩ | તુકારામ પાંડુરંગ માત્રા માશે | M/E | ૧૪૨૦ |
| ૪ | પાલનિસ્વામી બાબુ દેવેન્દ્ર | P/N | ૧૯૩૦ |
| ૫ | રમેશ મધુકાર તાંબે | P/N | ૧૯૫૩ |
| ૬ | નાથુ નાગોરાવ ગાડગે | L | ૧૧૪૯ |
| ૭ | અનાસાહેબ સંભુ શિંદે | M/E | ૧૦૭૧ |
| ૮ | રવિ રાજારામ જાધવ | M/E | ૧૨૭૫ |
| ૯ | બ્રહ્મદેવ લાલા આવલે | M/E | ૧૪૦૧ |
| ૧૦ | રાજેશ રમેશ જાધવ | A | ૨૫૯૦ |
| ૧૧ | પ્રશાંત ભગવાન કાંબલે | H/W | ૨૬૧૫ |
| ૧૨ | પેરીયાસ્વામી આરમુગમ દેવન્દ્રા | K/E | ૬૭૦ |
| ૧૩ | સુર્યકાંત ધોન્ડુ સલસેકર | L | ૧૩૧૭ |
| ૧૪ | આનંદ દગડુ ગિકવાડ | D | ૧૨ |
| ૧૫ | યેલાપા તિમા વિઠે | D | ૧૩ |
| ૧૬ | આનંદ કોન્ડબા વાગમારે | F/N | ૫૩ |
| ૧૭ | સિરાસા દ્દાબાહુ શિંદે | G/S | ૬૦ |
| ૧૮ | રામભાઉ શામરાવ યેડે | G/S | ૬૩ |
| ૧૯ | ગુલાબરાવ પુન્જારામ સસાને | G/S | ૬૪ |
| ૨૦ | મહાદેવ ભીમરાવ વાગમારે | G/S | ૬૬ |
| ૨૧ | ગિતારામ ચાંગુજી વાગમારે | G/S | ૬૭ |
| ૨૨ | સચિન રાજારામ ઇગલ | G/S | ૭૦ |
| ૨૩ | સંદીપ ધોત્રે | G/S | ૭૧ |
| ૨૪ | ભીમસેન પટેલકર | G/S | ૭૨ |
| ૨૫ | સચિન પેડલેકર | G/S | ૭૪ |
| ૨૬ | દીપક રામા જાધવ | G/S | ૭૮ |
| ૨૭ | અર્જુના કામા પાવર | G/S | ૮૧ |
| ૨૮ | રાજેશ સત્વા પાવર | G/S | ૮૨ |
| ૨૯ | પરશુરામ રાજા જાધવ | G/S | ૮૩ |
| ૩૦ | સરુ પરશુરામ પાવર | G/S | ૮૫ |
| ૩૧ | કૃશ શામા જાધવ | G/S | ૮૬ |
| ૩૨ | સંદીપ અબ્દુલ રસિયાધશીકાહ | G/S | ૯૧ |
| ૩૩ | ઉષા સંજય વાલ્મિક | G/S | ૯૫ |
| ૩૪ | સતીશ નંદલાલ ગુપ્તા | G/S | ૧૦૩ |
| ૩૫ | સીતારામ સુધામ પવાર | G/N | ૧૨૧ |
| ૩૬ | સચિન સીતારામ ધોતરે | G/N | ૧૫૪ |
| ૩૭ | દયાનંદ જયવંત યેલાવે | G/N | ૧૭૫ |
| ૩૮ | વિજય કૃષ્ણા મોહિતે | G/N | ૧૭૬ |
| ૩૯ | સંદીપ રામચંદ્ર કાવહાન | G/N | ૧૭૮ |
| ૪૦ | વિનોદ લિંબા ઇચકે | H/E | ૨૦૮ |
| ૪૧ | દિનેશ ધનાજી માંડવકર | H/E | ૨૧૦ |
| ૪૨ | સંતોષ સોનુ કામ્બલે | H/E | ૨૧૩ |
| ૪૩ | રાજુ વામન સકપાલ | H/E | ૨૩૦ |
| ૪૪ | રાહુલ ભાઈદાસ દિવેચા | H/E | ૨૩૬ |
| ૪૫ | રાજુ તિપ્પન મકલે | H/E | ૨૩૮ |
| ૪૬ | દિનેશ નાગ / નોર્થાથ પૉવલ | H/E | ૨૪૨ |
| ૪૭ | જનાર્થન નારાયણ પવાર | H/E | ૨૭૬ |
| ૪૮ | વિકાસ લિંબાજી ઇવાલે | H/E | ૨૮૧ |
| ૪૯ | ઉમાશ કારુ પવાર | H/E | ૨૮૪ |
| ૫૦ | રત્કુમાર બેટુ સાહા | H/E | ૨૯૯ |
| ૫૧ | નરેશ રમેશ ટીખે | H/E | ૩૦૨ |
| ૫૨ | મોહમદસલીમ અબ્દુલ રહેમાન શેખ | H/E | ૩૧૭ |
| ૫૩ | સેલ્વરાજ પાંડુરંગ કાવંદર | H/E | ૩૧૯ |
| ૫૪ | બાલન યેલુમાઈ કાવંદર | H/E | ૩૨૦ |
| ૫૫ | સુનકા ગીડાપ્પા પાલે | H/E | ૩૨૪ |
| ૫૬ | ખાટેશ સંજય યાદવ | H/E | ૩૨૫ |
| ૫૭ | સંતોષ પોપટ મોકાલ | H/E | ૩૩૧ |
| ૫૮ | સિદ્ધાર્થ આનંદ સલાવે | H/E | ૩૩૯ |
| ૫૯ | ગોવર્ધન રાજારામ યાદવ | H/E | ૩૪૫ |
| ૬૦ | મોહમદનાઝિમ અબાલ રહેમાન શેખ | H/E | ૩૪૯ |
| ૬૧ | રાજેન્દ્ર અર્જુન કામ્બલે | H/E | ૩૫૧ |
| ૬૨ | વસંત શંકર કામ્બલે | H/E | ૩૫૫ |
| ૬૩ | રમેશ દત્તુ સાદમાટે | H/E | ૩૬૧ |
| ૬૪ | સંતોષ બબન જાધવ | H/E | ૩૬૨ |
| ૬૫ | વિજીયનાત રમેશ સાદમાટે | H/E | ૩૬૩ |
| ૬૬ | અશોક સાખા પાવર | H/E | ૩૬૭ |
| ૬૭ | દીપક અંગત કામ્બલે | H/E | ૩૬૮ |
| ૬૮ | જગદીશ હિંદુરાવ સાદમાટે | H/E | ૩૬૯ |
| ૬૯ | હરી દિનુ પાવર | H/E | ૩૭૩ |
| ૭૦ | ભગવાન ગંગારામ જાધવ | H/E | ૩૭૪ |
| ૭૧ | આનંદ ગંગારામ જાધવ | H/E | ૩૭૬ |
| ૭૨ | સુનિલ રમેશ કેલશિકર | H/W | ૩૮૯ |
| ૭૩ | રોહિદાસ લક્ષ્મણ કામ્બલે | H/W | ૪૧૨ |
| ૭૪ | સુધિર કેસેકર બાબાજી | H/W | ૪૧૪ |
| ૭૫ | નંદા વિજય હાટીવાળા | H/W | ૪૩૫ |
| ૭૬ | તારા અનિલ સાખરિયા | H/W | ૪૩૮ |
| ૭૭ | સુધાકર મહાદેવ મહાડિક | K/E | ૪૬૭ |
| ૭૮ | જાનુ સુલુ તુબડે | K/E | ૪૬૯ |
| ૭૯ | ગોપાલ યાદવ તાઇડે | K/E | ૪૭૯ |
| ૮૦ | સંતોષ શ્રીપત જાધવ | K/E | ૪૮૬ |
| ૮૧ | દગડુ ગણપત મોરે | K/E | ૪૮૭ |
| ૮૨ | વિજય રામચરણ ફાહોર | K/E | ૪૯૯ |
| ૮૩ | શૈખહસન અલ્લાબક્ષ શૈખ | K/E | ૫૨૨ |
| ૮૪ | સચિન અશોક લોખંડે | K/E | ૫૨૩ |
| ૮૫ | દિનેશ ભિકાજી કદમ | K/E | ૫૨૪ |
| ૮૬ | રમુ કેવજી ઠાકરાય | K/E | ૫૩૪ |
| ૮૭ | તુલસા સત્વ ખૈરે | K/E | ૫૩૬ |
| ૮૮ | અવિનાશ શંકર જાધવ | K/E | ૫૩૭ |
| ૮૯ | અનાદીબાઈ ફકીરા બોરાડે | K/E | ૫૫૮ |
| ૯૦ | પંકજ સુનિલ મોરે | K/E | ૫૬૩ |
| ૯૧ | આનંદ કુપ્પન કાવંદર | K/E | ૫૬૬ |
| ૯૨ | સુનિતા સમાધાન નરવાડી | K/E | ૫૭૮ |
| ૯૩ | ગણેશ વિરુપા કૌંદર | K/E | ૫૭૯ |
| ૯૪ | સૈયદ અકતર સૈયદ અવાસ | K/E | ૫૮૧ |
| ૯૫ | રાજેન્દ્ર બુડુ સોનાકર | K/E | ૫૮૨ |
| ૯૬ | રાજુ દુધા વાગમારે | K/E | ૫૮૪ |
| ૯૭ | રાજેશ કાલુ શાલાર | K/E | ૫૮૫ |
| ૯૮ | દયવિશી યાકુબાઈ પાટલ | K/E | ૫૮૬ |
| ૯૯ | ઇરશાદ મુસ્તફા ખાન | K/E | ૫૮૯ |
| ૧૦૦ | સરદાનાદ અનંત જાધવ | K/E | ૬૦૨ |
| ૧૦૧ | સંગીતા સંજય આહિરે | K/E | ૬૨૭ |
| ૧૦૨ | જાનકી રમુ ઠાકરે | K/E | ૬૩૨ |
| ૧૦૩ | કાનન સિનાપા સિત્યાર | K/E | ૬૫૧ |
| ૧૦૪ | સુલોચના હનીફ મહમદ | K/E | ૬૫૫ |
| ૧૦૫ | સંજયકુમાર હરિચંદ્ર વર્મા | K/E | ૬૬૨ |
| ૧૦૬ | રફીક હુસૈન શૈખ | K/E | ૬૬૪ |
| ૧૦૭ | રિજવાનાનુ અલી શૈખ | K/E | ૬૬૫ |
| ૧૦૮ | સંજય રાખમાજી ખિલારી | K/E | ૬૮૨ |
| ૧૦૯ | સીતારામ સોનુ શેડેકર | K/E | ૬૮૪ |
| ૧૧૦ | ચંદ્રકાંત ધોંદીરામ ગાડે | K/E | ૬૮૯ |
| ૧૧૧ | ભારત સુધામ યેડે | K/E | ૬૯૨ |
| ૧૧૨ | સતીશ રઘુનાથ ઘાગે | K/E | ૭૦૫ |
| ૧૧૩ | વેકટામા હનુમંતા પુજારી | K/E | ૭૧૭ |
| ૧૧૪ | સંતોષકુમાર રાધાકૃષ્ણ ઠાકુર | K/E | ૭૧૯ |
| ૧૧૫ | બાબુલાલ રામસ્વરૂપ સુનપટબહાર | K/E | ૭૩૬ |
| ૧૧૬ | સુશીલરામચંદ્ર કામ્બલે | K/E | ૭૪૮ |
| ૧૧૭ | સંતોષ નિવૃત્તિ મિસાલ | K/E | ૭૪૯ |
| ૧૧૮ | ગુત્તામ બાબુરાવ કામ્બલે | K/E | ૭૫૧ |
| ૧૧૯ | સંતોષ શામ કામ્બલે | K/E | ૭૫૨ |
| ૧૨૦ | સંદીપ કાશીનાથ હોરબે | K/E | ૭૫૫ |
| ૧૨૧ | શરદ સુધામ જાધવ | K/W | ૭૬૩ |
| ૧૨૨ | મડિયન અમ્માચી હરિજન | K/W | ૭૬૫ |
| ૧૨૩ | દિપિન કુમાર મંડલ | K/W | ૭૭૩ |
| ૧૨૪ | શૈખ સૈયેદલ શૈખ અબ્બલ કાસમ | K/W | ૭૭૪ |
| ૧૨૫ | કિરિડારુ નાનામુથ્થુ હરિજન | K/W | ૭૭૬ |
| ૧૨૬ | જયરામ તંગાવેલ કાવંદર | K/W | ૭૮૦ |
| ૧૨૭ | નાગરાજ ભીમાપ્પા શિવા | K/W | ૭૮૪ |
| ૧૨૮ | આરિફ ઇકબાલ શૈખ | K/W | ૭૮૮ |
| ૧૨૯ | અબ્રેશ ચંદ્રાપ્પા વસમાનિ | K/W | ૭૯૧ |
| ૧૩૦ | અસદાસ સાવરી હરિજન | K/W | ૮૦૭ |
| ૧૩૧ | અમ્બેટ અલંદુરાઈ હરિજન | K/W | ૮૧૧ |
| ૧૩૨ | ગણેશ કાનન વડીયાર | K/W | ૮૨૫ |
| ૧૩૩ | સુબ્રમણી શિંગારવેલ કાવંદર | K/W | ૮૪૩ |
| ૧૩૪ | દયાનંદન ગોવિંદસ્વામી કાવંદર | K/W | ૮૪૬ |
| ૧૩૫ | કમલકાર કાશીનાથ કદમ | K/W | ૮૪૭ |
| ૧૩૬ | અજય કમલાકર કદમ | K/W | ૮૪૮ |
| ૧૩૭ | દયસમન દિસ્ટીપર મિસ્કિટા | K/W | ૮૫૮ |
| ૧૩૮ | સંદિગમ તંગાવેલ હરિજન | K/W | ૮૬૮ |
| ૧૩૯ | સમાધાન બબન નરવાડે | K/W | ૮૬૯ |
| ૧૪૦ | તાડિગરન ચિનાસ્વામી હરિજન | K/W | ૮૮૭ |
| ૧૪૧ | અયનાર વેલાયમુદ્દાસ કાવંદર | K/W | ૮૯૪ |
| ૧૪૨ | અનિલ દ્વેવિંદ્ર ગવાએ | K/W | ૯૧૦ |
| ૧૪૩ | લોકનાથન કેરિયારામસ્વામી મોચી | K/W | ૯૨૯ |
| ૧૪૪ | ઐયાપ્પન ચિનાતાંબી કાવંદર | K/W | ૯૫૫ |
| ૧૪૫ | તુકારામ લક્ષ્મણ ડંબાલે | K/W | ૯૫૭ |
| ૧૪૬ | રાજેન્દ્ર વેણુગોપાલ નાકેર | K/W | ૯૫૮ |
| ૧૪૭ | મુરુગેશ કૃષ્ણન આચારી | K/W | ૯૬૭ |
| ૧૪૮ | સાદુ નારાયણસ્વામી વડીયાર | K/W | ૯૭૩ |
| ૧૪૯ | પરમશિવંગ સિનાસામી કાવંદર | K/W | ૧૦૦૧ |
| ૧૫૦ | કિલાસ ગરીબદાસ સાલવે | K/W | ૧૦૨૩ |
| ૧૫૧ | રમુ વેજુ સાહા | K/W | ૧૦૨૬ |
| ૧૫૨ | વિરેન્દ્ર સત્યનારાયણ ચૌધરી | K/W | ૧૦૨૭ |
| ૧૫૩ | વિજય ભીખ કામ્બલે | K/W | ૧૦૨૯ |
| ૧૫૪ | અરુણસાલમ સીટખાને કોન્ડાર | K/W | ૧૦૩૬ |
| ૧૫૫ | રાધાકૃષ્ણ શેખર નાયડુ | K/W | ૧૦૪૦ |
| ૧૫૬ | અલાગુર બાયાબુરી હરિજન | K/W | ૧૦૫૬ |
| ૧૫૭ | ઝાલિયાસ નવાઝ ખાન | K/W | ૧૦૫૯ |
| ૧૫૮ | કાશી અલાદયાન હરિજન | K/W | ૧૦૭૫ |
| ૧૫૯ | પોડાંડપાણી કુપૂસ્વામી વડીયાર | K/W | ૧૦૭૬ |
| ૧૬૦ | રામદાસ પરમદવન હરિજન | K/W | ૧૦૭૯ |
| ૧૬૧ | શંકર વિસાકા | K/W | ૧૦૮૬ |
| ૧૬૨ | નયનેશ્વર સુખદેવ વાહુલે | K/W | ૧૧૦૦ |
| ૧૬૩ | મુબહારક મહમદકરીમ | K/W | ૧૧૦૨ |
| ૧૬૪ | ઉમેશ ગુરાપા બાજી | K/W | ૧૧૧૮ |
| ૧૬૫ | સુમન પરશુરામ જાધવ | K/W | ૧૧૨૫ |
| ૧૬૬ | તુકારામ સાતા પવાર | K/W | ૧૧૨૮ |
| ૧૬૭ | મુલક મારુતિ પવાર | K/W | ૧૧૨૯ |
| ૧૬૮ | રામા મારુતિ પવાર | K/W | ૧૧૩૦ |
| ૧૬૯ | શાંતાબાઈ જગન્નાથ ધાંડે | K/W | ૧૧૩૨ |
| ૧૭૦ | લક્ષ્મણ ભાંડુર ધાપા | K/W | ૧૧૩૩ |
| ૧૭૧ | અરવિંદ સાહેબરાવ યાદવ | L | ૧૧૪૫ |
| ૧૭૨ | સંતોષ પ્રભાકર યાદવ | L | ૧૧૪૬ |
| ૧૭૩ | દીપક પ્રભાકર યાદવ | L | ૧૧૪૭ |
| ૧૭૪ | વિનોદ ભગવાન યાદવ | L | ૧૧૪૮ |
| ૧૭૫ | મુકુંદ સુરેશ વેડે | L | ૧૧૫૪ |
| ૧૭૬ | હનુમંત લક્ષ્મણ બુંટી | L | ૧૧૯૨ |
| ૧૭૭ | જયશ્રી સુરેશ સાહુલે | L | ૧૨૦૫ |
| ૧૭૮ | અશોક એકનાથ હિવાલે | L | ૧૨૧૩ |
| ૧૭૯ | ઉગત ગણપત કાટકડાય | L | ૧૨૧૪ |
| ૧૮૦ | દીપક જનાર્દન મ્હાત્રે | L | ૧૨૨૧ |
| ૧૮૧ | રમેશ હનુમંત પોલારામે | L | ૧૨૨૭ |
| ૧૮૨ | પ્રદીપ સેરજેરાવ ઓસર્મલ | L | ૧૨૨૮ |
| ૧૮૩ | પરાગ લાખ મારુ | L | ૧૨૩૩ |
| ૧૮૪ | ભીમાજી લાખ મારુ | L | ૧૨૩૫ |
| ૧૮૫ | બીમા સિન્દ્દાપા બુદલસનાપા | L | ૧૨૩૭ |
| ૧૮૬ | રાગનાથ ઉત્તમરાવ ઉફાડે | L | ૧૨૪૭ |
| ૧૮૭ | મરિબા ગુણાજી પરાખે | L | ૧૨૪૮ |
| ૧૮૮ | સુર્યકાંત પાંડુરંગ પરાખે | L | ૧૨૪૯ |
| ૧૮૯ | ભીમા શિવાજી ડોંગરે | L | ૧૨૫૮ |
| ૧૯૦ | પ્રવીણ નારાયણ ભૂગાબળ | L | ૧૨૬૭ |
| ૧૯૧ | મહેશ દુર્ગાપા જાધવ | L | ૧૨૭૬ |
| ૧૯૨ | વિશાલ શંકર પવાર | L | ૧૨૯૩ |
| ૧૯૩ | ઉરેશ ગોપાલરાવ મોરે | L | ૧૩૦૦ |
| ૧૯૪ | એમ. પુનસ્વામી કાવંદર | L | ૧૩૦૭ |
| ૧૯૫ | નીખિલ તુલસીરામ પવાર | L | ૧૩૧૦ |
| ૧૯૬ | સુરેખ અનિલ શીખ | L | ૧૩૧૪ |
| ૧૯૭ | રાજુ પરશુરામ હરિજન | L | ૧૩૧૬ |
| ૧૯૮ | પડમાકર શિવિલે જાધવ | L | ૧૩૧૯ |
| ૧૯૯ | માયાપ્પા મિલિંદ હોવાલ | L | ૧૩૨૬ |
| ૨૦૦ | પ્રમોદ ધોંડુ આંબેકર | L | ૧૩૨૯ |
| ૨૦૧ | કદુબા પાંઢરી સુરવડે | M/E | ૧૩૩૩ |
| ૨૦૨ | કરીમ માઇહમદતુલા કુરેશી | M/E | ૧૩૩૪ |
| ૨૦૩ | સુનિલ સુભાષ કાનમ | M/E | ૧૩૫૩ |
| ૨૦૪ | બાલાજી રામચંદ્ર વાગમારે | M/E | ૧૩૬૭ |
| ૨૦૫ | લક્ષ્મણ તુલસીરામ ધેડે | M/E | ૧૩૬૮ |
| ૨૦૬ | ડેવિડ સુસાઈ શેટ્ટી | M/E | ૧૩૭૧ |
| ૨૦૭ | યોગેશ મોહન યાદવ | M/E | ૧૩૮૫ |
| ૨૦૮ | મહેન્દ્ર સત્વ ગજબહારી | M/E | ૧૪૦૫ |
| ૨૦૯ | રમેશ ભગવન લાંડગે | M/E | ૧૪૧૨ |
| ૨૧૦ | મોહમદ રવિ ઉલહક | M/E | ૧૪૪૫ |
| ૨૧૧ | મંગેશ જયપ્રકાશ આહિરે | M/E | ૧૪૫૦ |
| ૨૧૨ | મારોટી નાગ/નૉર્થહાટ માંગરૂલે | M/E | ૧૪૬૧ |
| ૨૧૩ | વિજય દગડુ લોન્ડે | M/E | ૧૪૬૩ |
| ૨૧૪ | સિદ્ધાર્થ પ્રકાશ જગતાપ | M/E | ૧૪૬૫ |
| ૨૧૫ | લક્ષ્મણ વિશ્વનાથ વાકાશે | M/E | ૧૪૭૬ |
| ૨૧૬ | અરુણ પ્રકાશ યાદવ | M/E | ૧૪૯૧ |
| ૨૧૭ | સલીમ અલીયાર ખાન | M/E | ૧૪૯૨ |
| ૨૧૮ | વિજીનાત આણા ધેડે | M/E | ૧૪૯૪ |
| ૨૧૯ | નયન રમાકાંત ઉન્હેલકર | M/E | ૧૫૦૧ |
| ૨૨૦ | ગોપીનાથ નાગ/નૉર્થાથ કાલે | M/E | ૧૫૦૭ |
| ૨૨૧ | પ્રવિણ હરિ ગીકાવડ | M/E | ૧૫૧૬ |
| ૨૨૨ | સચિન સુધાકર નિકમ | M/E | ૧૫૨૦ |
| ૨૨૩ | વનિતા ગોવિંદ કોકારે | M/E | ૧૫૩૩ |
| ૨૨૪ | વિષ્ણુ પ્રભાકર હનવટે | M/E | ૧૫૩૫ |
| ૨૨૫ | શશિકાંત રઘુનાથ શિંદે | M/E | ૧૫૭૩ |
| ૨૨૬ | સંદીપ મહાદેવ ભંડારે | M/E | ૧૫૭૪ |
| ૨૨૭ | સુનિલ નારાયણ આંબેકર | M/E | ૧૫૯૦ |
| ૨૨૮ | કિલ્લાસ પરાજી બાંસોડે | M/E | ૧૬૧૨ |
| ૨૨૯ | મિલિંદ શ્રીપતિ બાંસોડે | M/E | ૧૬૧૭ |
| ૨૩૦ | સુનિતા બબન આર | M/E | ૧૬૧૯ |
| ૨૩૧ | વિમલ હિરામણ ભોઇર | N | ૧૬૫૦ |
| ૨૩૨ | સમીર સિદ્ધાર્થ કાંબલે | N | ૧૬૭૧ |
| ૨૩૩ | પ્રમોદ મંગેશ સાઠે | N | ૧૬૭૩ |
| ૨૩૪ | સતીશ ચરણસિંહ પરાચા | N | ૧૬૭૫ |
| ૨૩૫ | અજય શાંતારામ બારવે | N | ૧૬૯૦ |
| ૨૩૬ | વિજય વસંત ઘડાલે | N | ૧૭૧૨ |
| ૨૩૭ | પ્રહલાદ કાચરુ રાવરાટ | P/N | ૧૭૨૪ |
| ૨૩૮ | કુમારસ્વામી કાસિનિકમ હરિજન | P/N | ૧૭૨૫ |
| ૨૩૯ | અનિલ ધનાજી ગંગાડિયા | P/N | ૧૭૩૮ |
| ૨૪૦ | ચિન્નદુરાઈ પુવન હરિજન | P/N | ૧૭૩૯ |
| ૨૪૧ | અર્વપાલન વિરન હરિજન | P/N | ૧૭૫૦ |
| ૨૪૨ | મહેશ નામદેવ ડિંગણકર | P/N | ૧૭૬૦ |
| ૨૪૩ | સસીકુમાર અર્મુગમ કાવંદર | P/N | ૧૭૮૩ |
| ૨૪૪ | રમેશ કાંજી સુમેરશ્રા | P/N | ૧૮૦૨ |
| ૨૪૫ | બાબુ કનૌપન અર્જુન | P/N | ૧૮૩૩ |
| ૨૪૬ | સુબ્રે કલિપન હરિજન | P/N | ૧૮૪૩ |
| ૨૪૭ | આશિતાંબાઈ આઈનેદ્દોરે હરિજન | P/N | ૧૮૪૮ |
| ૨૪૮ | અરુણ ગોવિંદ ભગત | P/N | ૧૮૬૨ |
| ૨૪૯ | સોપાન સિધાપા કાંબલે | P/N | ૧૮૬૯ |
| ૨૫૦ | ચિનાદુરાઈ રાજુ હરિજન | P/N | ૧૮૭૯ |
| ૨૫૧ | રાજેશ બંસી બાગુલ | P/N | ૧૯૦૫ |
| ૨૫૨ | મુત્તા યલરાવ રામાનન જ્ઞાનાની | P/N | ૧૯૧૩ |
| ૨૫૩ | સંજય નામદેવ કાંબલે | P/N | ૧૯૨૪ |
| ૨૫૪ | સંજય શ્રીઓતી મુંડે | P/N | ૧૯૩૨ |
| ૨૫૫ | વિશાલ મણિક સરડે | P/N | ૧૯૩૬ |
| ૨૫૬ | સુધીર પાંડુરંગ મગર | P/N | ૧૯૩૯ |
| ૨૫૭ | સાબીર નૂર મહમદ શેખ | P/N | ૧૯૫૫ |
| ૨૫૮ | સામુ ગમાડુ હરિજન | P/N | ૧૯૬૫ |
| ૨૫૯ | જયેશ શુભાશ ગડેકર | P/S | ૧૯૭૬ |
| ૨૬૦ | દેવેનદર અગરુ હરિજન | P/S | ૧૯૭૮ |
| ૨૬૧ | ચિનાદુરાઈ કરપ્પન હરિજન | P/S | ૧૯૮૪ |
| ૨૬૨ | મહમદકયુમ શેખ જામાલ | P/S | ૨૦૫૦ |
| ૨૬૩ | ભીમરાવ નામદેવ વકલે | P/S | ૨૦૫૧ |
| ૨૬૪ | સિવધારી શ્રીરામકૃતિ યાદવ | P/S | ૨૦૬૨ |
| ૨૬૫ | સંદીપ શિવાજી આમલે | P/S | ૨૦૬૩ |
| ૨૬૬ | રામપરિચન બતાયા યાદવ | P/S | ૨૦૭૯ |
| ૨૬૭ | ઉમ્પેદ્દાર રામશીસે મહાતુર | P/S | ૨૦૮૦ |
| ૨૬૮ | સંજય રામશીસે મહાતુર | P/S | ૨૦૮૧ |
| ૨૬૯ | પરિ કૃષ્ણ હરિજન | P/S | ૨૦૯૩ |
| ૨૭૦ | ખોટપિલાઈ ચિનાદેવાન હરિજન | P/S | ૨૦૯૭ |
| ૨૭૧ | રુઘનાથ વિનાયક રોકાડે | R/S | ૨૧૦૫ |
| ૨૭૨ | સુમન અપ્પાસાહેબ પરવે | R/S | ૨૧૨૦ |
| ૨૭૩ | પેરિસ્વામી ટોપલાન હરિજન | R/S | ૨૧૬૩ |
| ૨૭૪ | જોશફ દુરાસ્વામી શાટ્ટે | R/S | ૨૧૮૮ |
| ૨૭૫ | ગુણવંતી નામદેવ શિંદે | R/S | ૨૨૧૦ |
| ૨૭૬ | સુરેખ નામદેવ જાગતાપ | R/S | ૨૨૧૧ |
| ૨૭૭ | અનિકેત અર્જુન યાદવ | R/S | ૨૨૨૬ |
| ૨૭૮ | પાંડુરંગ વિઠ્ઠલ ધાંડે | R/S | ૨૨૬૧ |
| ૨૭૯ | પ્રવીણ તિડાભિએ જાધવ | R/S | ૨૨૬૩ |
| ૨૮૦ | રમચંદ્રન પલ્લાપન હરિજન | R/S | ૨૨૬૫ |
| ૨૮૧ | આનંદ સાખારામ ધાંડુલ | R/C | ૨૩૦૦ |
| ૨૮૨ | તિમાપ્પા યલ્લાપા પવાર | R/C | ૨૩૦૪ |
| ૨૮૩ | જિતેન્દ્ર માંગન જાલા | R/C | ૨૩૦૯ |
| ૨૮૪ | રાજેશ શામજી મખવાણા | R/C | ૨૩૧૧ |
| ૨૮૫ | અમરસિંહ માલાભાઈ હરિજન | R/C | ૨૩૩૦ |
| ૨૮૬ | સંતોષ શ્રીપત સોનાવણે | R/C | ૨૩૫૧ |
| ૨૮૭ | બાબુ સોનુ ટોપાસ્કર | R/C | ૨૩૫૩ |
| ૨૮૮ | મુકેશ દાનજી જોગડિયા | R/C | ૨૩૬૨ |
| ૨૮૯ | જિતેન્દ્ર પુનવસી માળી | R/C | ૨૩૬૭ |
| ૨૯૦ | રાજુ રાજન જુમ્બારતી | R/C | ૨૩૭૨ |
| ૨૯૧ | શરથ જાનુ તાંબે | R/C | ૨૩૯૪ |
| ૨૯૨ | તકીરા કિસાન સકાત | R/C | ૨૪૦૧ |
| ૨૯૩ | વિનોદ શિવલખાન જયસવાલ | S | ૨૪૧૫ |
| ૨૯૪ | દીપક મગન બેલામ | S | ૨૪૩૧ |
| ૨૯૫ | દીપા ચંદ્રસ રેવણકર | S | ૨૪૬૫ |
| ૨૯૬ | સવિતા લક્ષ્મણ ગડિગાવકર | S | ૨૪૭૧ |
| ૨૯૭ | રામચંદ્ર વિસ્રામ જોયાશી | S | ૨૪૭૩ |
| ૨૯૮ | બાબુરાવ તુલશીરામ મહેસાને | S | ૨૪૮૬ |
| ૨૯૯ | ધુરપતા કાચરુ તુપે | S | ૨૪૯૨ |
| ૩૦૦ | તારા સુભાષ સાઠે | S | ૨૪૯૩ |
| ૩૦૧ | અનિલ વામન પરભ | S | ૨૪૯૫ |
| ૩૦૨ | કૈલાશ પાંડુરંગ બાગુલ | S | ૨૪૯૬ |
| ૩૦૩ | દીપક ભિકુરાવ પવાર | S | ૨૪૯૭ |
| ૩૦૪ | મોહન ધર્મા જાધવ | S | ૨૫૦૪ |
| ૩૦૫ | સંતોષ બાબાસાહેબ કારકે | S | ૨૫૦૬ |
| ૩૦૬ | હર્ષદ મારુતિ લોખંડે | S | ૨૫૦૮ |
| ૩૦૭ | સંગીતા રમેશ ધાકે | S | ૨૫૧૨ |
| ૩૦૮ | સુહાસ કૃષ્ણા પવાર | S | ૨૫૧૪ |
| ૩૦૯ | વિજય માલારી ભવાર | S | ૨૫૨૧ |
| ૩૧૦ | ચંદ્રકાંત ભગોજી શિંદે | S | ૨૫૨૫ |
| ૩૧૧ | બાલીરામ કૃષ્ણા પવાર | S | ૨૫૨૭ |
| ૩૧૨ | અનિલ યશવંત ભિવસાને | S | ૨૫૨૮ |
| ૩૧૩ | સંતોષ ભાનુદાસ કેદારે | T | ૨૫૬૫ |
| ૩૧૪ | રોહિદાસ ઝીપુક ઝીંકર | T | ૨૫૬૯ |
| ૩૧૫ | બહુરાવ ધોંડિબા ગીકાવડ | T | ૨૫૮૮ |
| ૩૧૬ | દિનેશ શંકર શિર્કે | G/N | ૨૫૯૭ |
| ૩૧૭ | વિજય ગોપાલ જાધવ | G/N | ૨૫૯૮ |
| ૩૧૮ | સંતોષ ભગવન કાંબલે | H/E | ૨૬૦૨ |
| ૩૧૯ | માર્કસ આરુણ હિરે | H/W | ૨૬૧૪ |
| ૩૨૦ | રોજા વિશ્વનાથ મોરે | H/W | ૨૬૧૬ |
| ૩૨૧ | અમોલ રમેશ મહાડે | H/W | ૨૬૨૦ |
| ૩૨૨ | મોલારામડી ગોપાલ હરિજન | K/W | ૨૬૨૬ |
| ૩૨૩ | ખામજી હમીર રાઠોડ | K/W | ૨૬૨૭ |
| ૩૨૪ | શશિકાંત જગનાથ ઉબાલે | K/W | ૨૬૩૦ |

જુઓ અનુસંધાન સામેના પાને

સામેના પાનાનું ચાલુ

| ક્રમાંક | કર્મચારીનું નામ | વર્ગ | (RUSR) નં. |
|---|---|---|---|
| ૩૨૫ | અશોક અર્જુન થાટે | K/E | ૨૬૩૧ |
| ૩૨૬ | કંદન કાનન કવંદેર | K/E | ૨૬૩૬ |
| ૩૨૭ | મોહમદ કાધાર અલી | L | ૨૬૫૨ |
| ૩૨૮ | હુસેન હિસાર ખાન | L | ૨૬૫૯ |
| ૩૨૯ | વસંત જનાર્ધન પેરવી | M/E | ૨૬૬૫ |
| ૩૩૦ | શાંતારામ હેમતી જાધવ | M/E | ૨૬૬૬ |
| ૩૩૧ | મુકેશ બાલુભાઈ પેર્મર | M/E | ૨૬૬૭ |
| ૩૩૨ | ઉધય નિવૃતિ ગીકાવડ | M/E | ૨૬૬૯ |
| ૩૩૩ | પ્રતિક ન્યુવૃત્તિ ગીકાવડ | M/E | ૨૬૭૦ |
| ૩૩૪ | કમલ ભાનુદાસ સાબલે | M/E | ૨૬૭૨ |
| ૩૩૫ | રાજુ વિક્રમ મોરે | M/W | ૨૬૭૯ |
| ૩૩૬ | રતન વિજય કાડુ | P/S | ૨૬૮૭ |
| ૩૩૭ | મોહમદ યુનિશ યુનુસશીખ | P/S | ૨૬૮૮ |
| ૩૩૮ | આનંદ મુટ્ટુ હરિજન | P/S | ૨૬૮૯ |
| ૩૩૯ | જહાગીર બાબુરાલી શીખ | P/S | ૨૬૯૦ |
| ૩૪૦ | સુબ્રમ સુલેખાન શીખ | P/S | ૨૬૯૨ |
| ૩૪૧ | રાકેશ શામજી પાર્ધાઈ | P/S | ૨૬૯૩ |

**અત્યારસુધી સંપર્ક ન કરેલા કામગારોની યાદી**

| ક્રમાંક | કર્મચારીનું નામ | વર્ગ | (RUSR) નં. |
|---|---|---|---|
| ૧ | સુરેશ ગોપાલ ગવરે | M/E | ૧૪૯૬ |
| ૨ | અંબાલગન આરુમુગમ દેવેન્દ્ર | M/E | ૧૭૧૧ |
| ૩ | ગોરખનાથ કાશીનાથ હિવાળ | L | ૧૨૧૧ |
| ૪ | પ્રવિણ તુલશીરન બેંડેકર | L | ૧૨૩૦ |
| ૫ | અનિતા બાબુરાવ પાટેકર | L | ૧૨૨૯ |
| ૬ | જ્યોતિ અશોક દેવેન્દ્ર | A | ૩૩ |
| ૭ | નિતિન યલાપા પવાર | C | ૩૭૨ |
| ૮ | અનિલ રમેશ પવાર | C | ૩૭૫ |
| ૯ | સંજય ઉત્તમ ખરાત | C | ૪૭૦ |

૫૮૦ KVSS યાદીમાં સંબંધિત કામદારો (અથવા મૃત કામદારોના કાયદેસર વારસદારો)ને વિનંતી કરવામાં આવે છે કે તેઓ મુખ્ય પર્યવેક્ષક (ઘકવ્ય), ખટાવ માર્કેટ બિલ્ડિંગ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (પશ્ચિમ) ખાતે જરૂરી ઓળખપત્રો (જેમ કે આધાર કાર્ડ, પાન કાર્ડ, જન્મ પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, લગ્ન પ્રમાણપત્ર, મૃત્યુ પ્રમાણપત્ર, યુનિયન આઈડી કાર્ડ, બેંક પાસબુક વગેરે) સાથે લઈને તારીખ: ૦૬.૦૪.૨૦૨૬થી તારીખ : ૦૮.૦૪.૨૦૨૬ સુધી હાજર રહે.

| ક્રમાંક | કર્મચારીનું નામ | વોર્ડ |
|---|---|---|
| ૧ | સંજય સાધુ ખંડાગળે | H |
| ૨ | મનિશ રઘુનાથ જાધવ | H |
| ૩ | પ્રદીપ કાશીનાથ અહીરે | H |
| ૪ | દીપક દિંકર સાવંત | H |
| ૫ | મોહન સંતોષ નિકમ | H |
| ૬ | સુરેશ શંકરરાવ બર્વે | H |
| ૭ | સચિન ભિકુરામ પવાર | H |
| ૮ | ધર્મરાજ ભગવન નેતકે | H |
| ૯ | સતીશ બાલકૃષ્ણ ખાનવિલકર | H |
| ૧૦ | દિનકર વામન રોકાડે | H |
| ૧૧ | દીપક બાલુ માણ | H |
| ૧૨ | સંતોષ શિવરામ ગામરે | H |
| ૧૩ | વિજય ગણપત કાંબલે | H |
| ૧૪ | પ્રકાશ વસંત જાધવ | H |
| ૧૫ | સચિન શાંતારામ ખારત | H |
| ૧૬ | ગણેશ શંકર પવાર | H |
| ૧૭ | બબ્બન બાપુ બાટેકર | H |
| ૧૮ | સુનિલ મહેન્દ્ર સિંહ | F/W |
| ૧૯ | કુસુમ અશોક પાટીલ | F/W |
| ૨૦ | છાયા મિલિંદ પગારે | F/W |
| ૨૧ | અશોક રામચંદ્ર મોહિતે | F/W |
| ૨૨ | વિજય રામુ માતલ | F/W |
| ૨૩ | દિનેશ મોહન તાવડે | F/W |
| ૨૪ | વિલાસ સુખરાજ ખાંડીજાડે | F/W |
| ૨૫ | રવિન્દ્ર બજરંગ ગાઈકવાડ | F/W |
| ૨૬ | સતીશ સોમા જાધવ | F/W |
| ૨૭ | સંજય જાધવ | F/W |
| ૨૮ | અશોક વિઠ્ઠલ નરવડે | F/W |
| ૨૯ | પ્રદીપ અમૃત ગમારે | F/W |
| ૩૦ | નારાયણ દગડુ ઘાગ | F/W |
| ૩૧ | લતા અશોક સાળવે | F/W |
| ૩૨ | તુકારામ ગણપત હિગવે | F/W |
| ૩૩ | સંજય મોહન ગાડરે | F/W |
| ૩૪ | સ્વપનીલ વિઠ્ઠલ વડેકર | F/W |
| ૩૫ | અશોક સૌદાગર કસારે | F/W |
| ૩૬ | રાજેન્દ્ર રંગનાથ ખારત | F/W |
| ૩૭ | સંતોષ સાખારામ મોહિતે | F/W |
| ૩૮ | ભાસ્કર નામદેવ શેલકે | F/W |
| ૩૯ | સરદાર કાદર બાદશાહ સૈયદ | F/W |
| ૪૦ | રવિન્દ્ર માસુરકર | F/W |
| ૪૧ | શરદ યશવંત સરોડે | F/W |
| ૪૨ | સંતોષ સિદ્ધાર્થ ઘોયે | F/W |
| ૪૩ | અનિલ પુન્ડલિક કદમ | F/W |
| ૪૪ | દીપક અરીંગ ખારતે | F/W |
| ૪૫ | આનંદ નામદેવ ધાંવે | F/W |
| ૪૬ | બાલાસાહેબ કૃષ્ણા આટાવાલા | F/W |
| ૪૭ | પીધા ગોઈલ | F/W |
| ૪૮ | શક્તિ અબ્બુ બકર | F/W |
| ૪૯ | શ્રીકૃષ્ણ/સોનુ સખાને | F/W |
| ૫૦ | સુમન ફકીરા ગાઈકવાડ | F/W |
| ૫૧ | કૈલાશ પ્રકાશ તાવરે | M |
| ૫૨ | નારાયણ સીતારામ પવાર | M |
| ૫૩ | દીપક શંકર જાધવ | M |
| ૫૪ | રોહિણી સુરેશ પંધારે | M |
| ૫૫ | મંગિલાલ ઉત્તમરાવ પાચિપાંડવ | M |
| ૫૬ | મારુતિ નામદેવ પંધારે | M |
| ૫૭ | રાજુ તનાજી ઇનપુરે | M |
| ૫૮ | રાજેન્દ્ર રામચંદ્રા સાવંત | M |
| ૫૯ | દ્યદુ શંકર જાધવ | M |
| ૬૦ | કિશોર ભીમા પવાર | M |
| ૬૧ | જગદીશ ગણપત ગાઈકવાડ | M |
| ૬૨ | સંતોષ સહેબરાવ શિરસાઠ | M |
| ૬૩ | સંજય વિશ્વવાશ બામણકર | M |
| ૬૪ | લક્ષ્મણ પાંઢરીનાથ ઘાગરે | M |
| ૬૫ | શ્રીમતી માયા ખંડુ બાગુલ | M |
| ૬૬ | સુનિલ બાબુરાવ જાધવ | M |
| ૬૭ | નિકેશ ગોપીનાથ કાલે | M |
| ૬૮ | ભાસ્કર સીતારામ ઇંગલે | M |
| ૬૯ | રાજેન્દ્ર રમેશ ભોસલે | M |
| ૭૦ | વિજય સોનુ કાંબલે | M |
| ૭૧ | દેવિદાસ રઘુનાથ શિંદે | M |
| ૭૨ | ભુસાહેબ બાબાસાહેબ ખારત | M |
| ૭૩ | સંતોષ ગણપત હાલ્ડે | M |
| ૭૪ | સંતોષ સુરેશ પવાર | M |
| ૭૫ | મનોજ ખંડુ બાગુલ | M |
| ૭૬ | રવિન્દ્ર નામદેવ સોનાવણે | M |
| ૭૭ | પ્રેમલતા દીપક જાધવ | M |
| ૭૮ | અવિનાશ રામચંદ્ર કદમ | M |
| ૭૯ | નંદુ ત્રિમ્બક સાતપુતે | M |
| ૮૦ | રાજેન્દ્ર મોગલ ભુજબલ | M |
| ૮૧ | ગંગારામ ભગોજી શિંદે | M |
| ૮૨ | રવિન્દ્ર ભીમરાવ જાધવ | M |
| ૮૩ | વિજય શંકર કેદારે | M |
| ૮૪ | સુરેશ ભગુરામ કાંબલે | M |
| ૮૫ | દીપક જગન્નાથ ખડતાલે | M |
| ૮૬ | પ્રવીણ વિલાસ તુપે | M |
| ૮૭ | મહેશ ધનાજી જેઠીયા | M |
| ૮૮ | રાજક | M |
| ૮૯ | ચોક્હાજી મેઘાજી આવ્હાડ | M |
| ૯૦ | મિલિંદ ભીમરાવ ખારત | M |
| ૯૧ | વિજય રામુ મેરાકર | M |
| ૯૨ | જયસિંહ પલાજી જયસુર્યા | D |
| ૯૩ | ભાઉશાહેબ આનંદા ચાબુકસવાર | M |
| ૯૪ | યકનપ્પા માલકપ્પા કુંચી કુર્વે | L |
| ૯૫ | શંકર રામા જાધવ | L |
| ૯૬ | દીપક જાધવ | L |
| ૯૭ | શંકર સોમા જાધવ | L |
| ૯૮ | અમજાન મોહિદ્દીન અબુકાર | L |
| ૯૯ | વિજય ભીમરાવ લોટલુર | L |
| ૧૦૦ | રાજુ આનંદા માલવે | L |
| ૧૦૧ | અશોક બાબુ પવાર | L |
| ૧૦૨ | રમેશ માણે | L |
| ૧૦૩ | સુભાષ દરોમા સિંહ | L |
| ૧૦૪ | દિનેશ ગોઇલ | L |
| ૧૦૫ | વિક્રમ રાવજી પડ્યા | L |
| ૧૦૬ | યુવરાજ પ્રેમજી | L |
| ૧૦૭ | એકનાથ કેરુબા કાંબલે | L |
| ૧૦૮ | ભીમાજી લિંબાજી શિંદે | L |
| ૧૦૯ | રાજેન્દ્ર વિનાયક ગાઈકવાડ | L |
| ૧૧૦ | સંતોષ કિસાન જાગતાપ | L |
| ૧૧૧ | સત્યરાજુ નાગભૂષણમ સાંધ્યાપી | L |
| ૧૧૨ | સંતોષ પિરાજી ભાલેરો | L |
| ૧૧૩ | મોહમ્મદ આકરમ અંસારી | M |
| ૧૧૪ | પ્રકાશ અવપ્પા મચિકાર | F/W |
| ૧૧૫ | કિસાન રાખમાજી સાવલકર | F/W |
| ૧૧૬ | અર્જુન મારુતિ ભિંડે | F/W |
| ૧૧૭ | વિલાસ ભાઉ કાંબલે | F/W |
| ૧૧૮ | પ્રકાશ શિવા વિજાપુરકર | F/W |
| ૧૧૯ | આનંદ ચંદ્રકાંત ભિસે | F/W |
| ૧૨૦ | નિતિન ખાશાબા ખંડારે | F/W |
| ૧૨૧ | રાજેશ ચંદ્રકાંત સોનાવણે | F/W |
| ૧૨૨ | સુરેશ મહાદેવ મોહોકર | F/W |
| ૧૨૩ | અજય પી ભાટ | F/W |
| ૧૨૪ | રામદાસ શિવાજી પવાર | F/W |
| ૧૨૫ | જેટિગા સદાશિવ પોલ | F/W |
| ૧૨૬ | રતન કોન્ડિભાઉ સાદાફુલે | F/W |
| ૧૨૭ | મહમ્મદ શેખ | F/W |
| ૧૨૮ | નાસિર સય્યદ | F/W |
| ૧૨૯ | ધર્મેશ બાબુ વટેલ | F/W |
| ૧૩૦ | મુરંગન અય્યપ્પા | F/W |
| ૧૩૧ | કૃષ્ણા શંકર ઉડમલે | F/W |
| ૧૩૨ | મનોજ સાવંત કુચીખાવે | F/W |
| ૧૩૩ | રમેશ રામચંદ્ર પાટીલ | F/W |
| ૧૩૪ | પરશુરામ સાવન કુચીકાર્વે | F/W |
| ૧૩૫ | રમેશ જયરામ સોલંકી | T |
| ૧૩૬ | ભીમરાવ બાબુ સાલ્વી | T |
| ૧૩૭ | દેવાનંદ ફકીરા ચંદનશિવે | T |
| ૧૩૮ | ધીરજ ગોવિંદ નાગર | T |
| ૧૩૯ | સુનિલ રાજુ શિંદે | T |
| ૧૪૦ | મનોહર દેવજી ભુવડ | T |
| ૧૪૧ | કાંતિલાલ દાંગે | T |
| ૧૪૨ | પ્રવીણ ધનાજી ગોવિલ | T |
| ૧૪૩ | સંજય સુખદેવ ચંદનશિવે | T |
| ૧૪૪ | ભારત તેજા પરમાર | T |
| ૧૪૫ | દીપક જયંત્રી ચૌટિલે | T |
| ૧૪૬ | અનિલ પ્રભાકર ખારત | T |
| ૧૪૭ | રાજેશ વિશ્વંબર સરકાનિયા | T |
| ૧૪૮ | પાલજી લિમ્બા હેડેમ્બા | T |
| ૧૪૯ | જીવણ લિમ્બા હેડેમ્બા | T |
| ૧૫૦ | માલ્હારી મારુતિ પિંગળે | S |
| ૧૫૧ | શિવાજી કચરુ ખંડાગલે | S |
| ૧૫૨ | નામદેવ મારુતિ માડેક | S |
| ૧૫૩ | ગણેશ વિજકાંત હોગાડે | S |
| ૧૫૪ | પ્રશાંત વિજકાંત હોગાડે | S |
| ૧૫૫ | રમેશ કુન્દન જાધવ | S |
| ૧૫૬ | રાણીબાઈ ભગુ કુમણ | S |
| ૧૫૭ | સુર્યકાંત ગોવિંદ રાવોથ | S |
| ૧૫૮ | મધુકાર રામા લાબાડ | S |
| ૧૫૯ | કાર્તિક વિશ્વનાથ મ્હાલે | S |
| ૧૬૦ | સતીશ ગોવિદ જાધવ | S |
| ૧૬૧ | મારુતિ લક્ષ્મણ કદમ | S |
| ૧૬૨ | પ્રવીણ ક્ષિણાથ શિંદે | S |
| ૧૬૩ | ગણેશ વસંત શિંદે | H |
| ૧૬૪ | સંજય બાહીરુ | H |
| ૧૬૫ | પરશુરામ ચંદ્રપ્પા બાટરકાડ | H |
| ૧૬૬ | રામદાસ સીતારામ તાંબે | H |
| ૧૬૭ | વિજય જયરામ નાકતે | H |
| ૧૬૮ | અનિલ ગોરખ શિંદે | H |
| ૧૬૯ | રમેશ જગન્નાથ માંચકર | H |
| ૧૭૦ | સુનિલ નાથુ ગંડકુશ | H |
| ૧૭૧ | પ્રમોદ મનોહર શિર્કે | H |
| ૧૭૨ | વિનોદ ભગવન બાડેકર | N |
| ૧૭૩ | રાજેન્દ્ર શ્યામ તુપે | N |
| ૧૭૪ | કુન્દન શિવરામ સોનાવણે | N |
| ૧૭૫ | રાજેશ શિવાજી પરમાર | N |
| ૧૭૬ | મંગેશ શિવરામ ભાલેરાવ | N |
| ૧૭૭ | પરમાર અશોક સોમા | N |
| ૧૭૮ | બેરાડિયા ગીરીશ કિસાન | N |
| ૧૭૯ | ગંગાધર સુનકપ્પા આરોટે | N |
| ૧૮૦ | સંદેશ ગણેશ મોરે | N |
| ૧૮૧ | ભિકા નારાયણ ઇંગલે | L |
| ૧૮૨ | વિનાયક કાચરુ પાચરે | L |
| ૧૮૩ | વિજય મહાદેવ ચોપડે | L |
| ૧૮૪ | સંજય માઈફત લોખંડે | L |
| ૧૮૫ | સુરેશ બાબુ જાધવ | L |
| ૧૮૬ | ચેતન સયાબા પવાર | L |
| ૧૮૭ | સંતોષ પિરાજી ભાલેરાવ | L |
| ૧૮૮ | શરવન યલપ્પા ગુન્ડાલે | L |
| ૧૮૯ | રૂપચંદ કાચરુ લોખંડે | K |
| ૧૯૦ | રમેશ ધોંડિરામ ખારત | K |
| ૧૯૧ | વિજય કેશવ વાઘેલ | H |
| ૧૯૨ | જીતેન્દ્ર વસંત સાવંત | H |
| ૧૯૩ | પ્રકાશ જયરામ ધોગે | H |
| ૧૯૪ | રાજેન્દ્ર ધર્મા વાઘમારે | H |
| ૧૯૫ | રમેશ એ સોલંકી | H |
| ૧૯૬ | કાનેયા અશોક સોલંકી | H |
| ૧૯૭ | હરીશ કિસન સોલંકી | H |
| ૧૯૮ | કિરણ ભૈયાજી સોલંકી | H |
| ૧૯૯ | સુદ્દામ બાપ્પા સોનાવણે | M |
| ૨૦૦ | ખસીબાઈ દિનકર વાઘમારે | S |
| ૨૦૧ | કમલ રતન ઉનવણે | S |
| ૨૦૨ | સુરેશ રતન ઉનમણે | S |
| ૨૦૩ | દશરથ નાગુ ચવાણ | G-I |
| ૨૦૪ | યશવંત મોહન પાટણકર | G-I |
| ૨૦૫ | પ્રકાશ પ્રેયાશ થોરાટ | G-I |
| ૨૦૬ | યોહાન ધોંડિરામ થોરાટ | G-I |
| ૨૦૭ | દિનકર અંબાજી લોખંડે | G-I |
| ૨૦૮ | પ્રમોદ ભગવાન વાઘમારે | G-I |
| ૨૦૯ | માર્કસ બાજીરાવ બાંકાર | G-I |
| ૨૧૦ | નરસિંહ ભાના ભારડા | G-I |
| ૨૧૧ | પૂજારામ શાંતારામ ઘાડગે | G-I |
| ૨૧૨ | અશોક બાજીરાવ કાંબલે | G-I |
| ૨૧૩ | કાંતા મધુકર જાધવ | G-I |
| ૨૧૪ | રંજના કિસન અહિરે | G-I |
| ૨૧૫ | સુનિતા હરિચંદ્ર વાજે | G-I |
| ૨૧૬ | દ્વારકા કિસન સાવંત | G-I |
| ૨૧૭ | આશા રાજુ કાંબળે | G-I |
| ૨૧૮ | સંગીતા અનિલ સાવડેકર | G-I |
| ૨૧૯ | સુશીલા ચંદ્રકાંત પવાર | G-I |
| ૨૨૦ | હનુમંત મલ્લેશ કુંચિસુખે | G-I |
| ૨૨૧ | વિજય કૈલાશ સોનાવણે | G-I |
| ૨૨૨ | સુષમાદેવી અશોક ચુધરી | G/N |
| ૨૨૩ | સંજય ગોવિંદ જાધવ | G/N |

બૃહન્મુંબઇ મહાનગરપાલિકાએ તા. ૧૬.૦૫.૨૦૨૫થી ૨૧.૦૫.૨૦૨૫, તા. ૨૫.૦૮.૨૦૨૫થી ૧૫.૦૯.૨૦૨૫ અને તા. ૨૧.૦૧.૨૦૨૬ થી ૨૩.૦૧.૨૦૨૬ દરમ્યાન આયોજિત કરેલ તપાસ દરમિયાન શિબિરમાં નીચેના કામદાર ગેરહાજર હતા.

| ક્રમાંક | કર્મચારીનું નામ | વર્ગ |
|---|---|---|
| ૧ | અજીત નામદેવ મગર | FN |
| ૨ | મહેશ અંબાજી પાટીલ | HE |
| ૩ | યલાપ્પા સોમા પવાર | HE |

સહી/-
પ્રમુખ એન્જિનિયર (ઘકવ્ય)

PRO/3391/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# પાકિસ્તાનને એની જગ્યા દેખાડી ઈરાને, તેના જહાજને હોર્મુઝમાંથી પસાર થવા ન દીધું

કરાચીઃ અમેરિકા-ઈરાન વચ્ચેનું યુદ્ધ અંતિમ તબક્કામાં છે, જ્યારે આ યુદ્ધમાં પાકિસ્તાન મધ્યસ્થી કરવાના અહેવાલ વચ્ચે ઇસ્લામાબાદ પ્રશાસનને સૌથી મોટો ફટકો પડ્યો છે. શાંતિદૂત બનવાના મનસૂબા ધરાવનાર પાકિસ્તાન જનારા જહાજને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવામાં મંજૂરી મળી નથી. બીજી બાજુ યુદ્ધના મોરચે લડનારા પાકિસ્તાનને મોટો ભાઈ બનાવીને મધ્યસ્થી સપના સેવી રહ્યું છે ત્યારે અમેરિકા સાથે પાકિસ્તાનને મોટી લપડાક મળી હોવાનું કહી શકાય.

પાકિસ્તાનના કન્ટેનર જહાજને ઉદાસ મોઢે પાછા ફરવાનો વારો આવ્યો છે.

પાકિસ્તાનના ઉચ્ચ અધિકારીઓ અને નેતાઓએ ફોન પર ત્રણ ત્રણ વાર ઈરાનના નેતા તથા ઉચ્ચ અધિકારી સાથે પોતાના જહાજને લઈને વાતચીત કરી છે. કરાંચી બાજુ આવી રહેલા જહાજ સેલનને હોર્મુઝની ખાડીમાં અટકાવી દેવામાં આવ્યું છે, જેન કારણે હવે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. હોર્મુઝમાંથી પસાર થવાની કોઈ મંજૂરી ન મળતા સેલન જહાજને પાછા વળવું પડ્યું છે. ઈરાનના અધિકારઓએ કહ્યું કે, સેલનને હોર્મુઝ પાર કરવાની મંજૂરી આપવામાં ન આવી હોવાથી તે પાછું વળ્યું છે.

કાબુલમાં આવેલા ઈરાની દૂતાવાસના એક રિપોર્ટ અનુસાર ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડના નેવી સૈન્યએ પાકિસ્તાન જઈ રહેલા શિપને પરત યુએઈ મોકલી દીધું છે.

આ જહાજમાં ક્યા પ્રકારનો સામાન ભરવામાં આવ્યો હતો એ અંગે કોઈ પ્રકારની વિગત સામે આવી નથી. હોર્મુઝમાંથી પાકિસ્તાનના અનેક જહાજને પસાર થવાની કોઈ મંજૂરી આપવામાં આવી નથી. માત્ર એક જહાજ અંગેની જાણકારી સામે આવી હતી. હવે સેલન નામના કન્ટેનરને પાછું મોકલી દેવામાં આવ્યું છે. આવું એવા સમયે થયું જ્યારે પાકિસ્તાન અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતીને લઈને કોઈ મોટું આયોજન કરી રહ્યો છે. છેલ્લી ૨૪ કલાકમાં પાકિસ્તાનના મોટા અધિકારીઓ તથા નેતાઓએ ઈરાનના મોટા અધિકારીઓ સાથે ત્રણ ત્રણ વખત ફોન પર વાતચીત કરી છે. ■

# એલપીજી ચાર્જ વસૂલવા સામે હૉટેલ્સને ચેતવણી

નવી દિલ્હી : સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ)એ બુધવારે હોટલ અને રેસ્ટોરાંને 'એલપીજી ચાર્જ' અને 'ઈંધણ ખર્ચ વસૂલવા' જેવા વધારાના ચાર્જ વસૂલ ન કરવા ચેતવણી આપી છે, અને કહ્યું છે કે આ અન્યાયી વેપાર પ્રથાઓ છે, અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઓથોરિટીએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ તેને અન્યાયી વેપાર પ્રથા ગણાવી છે અને નિર્દેશ કર્યો છે કે મેનુમાં ઉલ્લેખિત કિંમતમાં ફક્ત લાગુ પડતા કર ઉમેરી શકાય છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, સીસીપીએ એ હોટેલ અને રેસ્ટોરાં દ્વારા ગ્રાહક બિલમાં એલપીજી ચાર્જ, ગેસ સરચાર્જ અને ઈંધણ ખર્ચ વસૂલવા જેવા વધારાના ચાર્જ વસૂલવાની ગંભીર નોંધ લીધી છે.

સીસીપીએએ અવલોકન કર્યું છે કે સેવા શુલ્ક પર હાલની માર્ગદર્શિકાને અવગણવા માટે આવા શુલ્ક લાદવામાં આવી રહ્યા છે.

ઓથોરિટીએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ની કલમ ૧૦ હેઠળ નવી માર્ગદર્શિકા જારી કરી છે, જેમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે આવા કોઈ ચાર્જ આપમેળે વસૂલવામાં આવશે નહીં, અને ચેતવણી આપી છે કે ઉલ્લંઘન કડક કાર્યવાહીને આમંત્રણ આપી શકે છે.

નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઇન (એનસીએચ) અને મીડિયા રિપોર્ટ્સ પર મળેલી ફરિયાદોના આધારે સીસીપીએએ અવલોકન કર્યું છે કે અમુક હોટલ અને રેસ્ટોરન્ટ ગ્રાહક બિલમાં ડિફોલ્ટ રૂપે, મેન્યૂમાં દર્શાવેલ ખાદ્યપદાર્થો અને પીણાંના ભાવ અને લાગુ કર કરતાં વધુ ચાર્જ વસૂલ કરી રહ્યા છે, તેવું નિવેદનમાં જણાવાયું છે.

આવી પ્રથાઓ પારદર્શિતાનો અભાવ પેદા કરે છે અને ગ્રાહકો પર ગેરવાજબી ખર્ચ લાદે છે. અલગ ફરજિયાત શુલ્ક દ્વારા આવા ખર્ચની વસૂલાત એક અન્યાયી વેપાર પ્રથા છે. લાગુ કર સિવાય મેન્યૂમાં દર્શાવેલ કિંમત અંતિમ કિંમત હોવી જોઈએ.

સીસીપીએ એ જણાવ્યું હતું કે આવા કોઈપણ શુલ્ક, નામકરણને ધ્યાનમાં લીધા વિના, સેવા શુલ્ક અથવા વધારાની ફીના સ્વરૂપમાં હોય છે અને ડિફોલ્ટ રૂપે તેમની વસૂલાત ૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ જારી કરાયેલ સીસીપીએની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન ગણાશે અને ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. ■

# પ્રાદેશિક ઍર કનેક્ટિવિટી વધારવા ૨૮,૪૮૦ કરોડ રૂપિયા મંજૂર

નવી દિલ્હીઃ પ્રાદેશિક હવાઇ જોડાણ પહેલને નવું સ્વરૂપ આપતાં કેન્દ્રીય પ્રધાન મંડળે બુધવારે સંશોધિત 'ઉડાન' યોજનાને મંજૂરી આપી હતી. આ યોજના પર દસ વર્ષમાં ૨૮,૮૪૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

આ રકમનો ઉપયોગ એરપોર્ટને વિકસાવવા, સંબંધિત કામગીરી અને જાળવણીના કામો, હેલિપેડ બનાવવા અને ભારતીય બનાવટના વિમાનોની ખરીદીને સમર્થન આપવા માટે કરવામાં આવશે. કેબિનેટ બેઠક બાદ મીડિયાને માહિતી આપતાં માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ સંશોધિત યોજના હેઠળ રાજ્ય સરકારોની મદદથી હાલની ઉપયોગમાં ન લેવાતી હવાઇ પટ્ટીઓનો વિકાસ કરીને ૧૦૦ એરપોર્ટ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પર આગામી આઠ વર્ષમાં ૧૨,૧૫૯ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

એક સત્તાવાર નિવેદન અનુસાર આ યોજનાનું લક્ષ્ય ૨૦૦ આધુનિક હેલિપેડ બનાવવાનું છે. જેમાં પ્રત્યેક પર ૧૫ કરોડ રૂપિયા ખર્ચ થશે. આ રીતે આગામી આઠ વર્ષમાં કુલ ૩,૬૬૧ કરોડ રૂપિયાની જરૂર પડશે. લાસ્ટ-માઇલ કનેક્ટિવિટી અને ઇમરજન્સી પ્રતિક્રિયામાં સુધારો કરવા માટે પ્રાથમિકતાવાળા અને મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં હેલિપેડ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ■

# ઇમિગ્રેશન-વિઝાના આધુનિકીકરણ માટે આઈવીએફઆરટી યોજના વધુ પાંચ વર્ષ માટે લંબાવાઈ

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાનમંડળે બુધવારે ઇમિગ્રેશન, વિઝા, વિદેશીઓના રજીસ્ટ્રેશન અને ટ્રેકિંગ (આઇવીએફઆરટી) યોજનાને પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી હતી. આ યોજનાનો ઉદ્દેશ્ય ભારતમાં ઇમિગ્રેશન, વિઝા જારી કરવા અને વિદેશીઓના રજીસ્ટ્રેશન સંબંધિત કાર્યોને એકબીજા સાથે જોડવા અને શ્રેષ્ઠ બનાવવાનો છે.

એક સરકારી નિવેદન અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેબિનેટએ આ યોજનાને ૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૩૧ માર્ચ, ૨૦૩૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી દીધી છે. જેના માટે ૧,૮૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

નિવેદનમાં જણાવાયું છે કે આ યોજનાને ચાલુ રાખવી એ માત્ર એક 'ટેક્નિકલ અપગ્રેડ જ નહીં, પરંતુ વ્યૂહાત્મક પરિવર્તન' છે. જે સરકારના વિશ્વ-સ્તરીય ઇમિગ્રેશન અને વીઝા જારી કરવાની સિસ્ટમ દ્વારા આંતરરાષ્ટ્રીય ગતિશીલતાને પ્રોત્સાહન આપવાના સરકારના વિઝન સાથે સુસંગત છે. ■

# વીજળી પરની ડ્યૂટીની છૂટ પાછી ખેંચવાના મહારાષ્ટ્ર સરકારના હકને સુપ્રીમે માન્ય રાખ્યો

નવી દિલ્હીઃ કેપ્ટિવ પાવર પ્લાન્ટ (ઔદ્યોગિક અને વાણિજ્ય એકમોએ પોતાની વીજળી જરૂરિયાત પૂરી કરવા નાખેલા પ્લાન્ટ)ને અપાયેલી વીજળી ડ્યૂટીમાં આપેલી છૂટને પાછી ખેંચવાનો કે એમાં સુધારા કરવાનો મહારાષ્ટ્ર સરકારને અધિકાર છે એવો મહત્ત્વનો ચુકાદો સુપ્રીમ કોર્ટે બુધવારે આપ્યો છે.

જોકે સર્વોચ્ચ અદાલતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સહિત બીજા ઉદ્યોગોને નીતિમાં આડેધડ ફેરફારથી બચાવી હતી અને જકાતમુક્તિના લાભ પાછા લેતા પહેલાં એક વર્ષની નોટિસ આપવાની ફરજિયાત બનાવી હતી.

જસ્ટિસ પી. એસ. નરસિંહા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે રાજ્ય સરકારને કેપ્ટિવ પાવર જનરેશનમાં વેરામાં આપેલી છૂટ પછી ખેંચવાનો અધિકાર નથી એવા હાઈ કોર્ટના ચુકાદાને રદ કર્યો હતો.

બેન્ચે કહ્યું હતું કે પાંચ ઑક્ટોબર ૨૦૦૯ અને સાત ઑક્ટોબર ૨૦૦૯ના હુકમને રદ કરીને બાજુ પર મૂકવામાં આવે છે. અમે વીજળી ધારાની કલમ પાંચ એ હેઠળના રાજ્ય સરકારની અપાયેલી છૂટ બદલવાની કે રદ કરવાની સત્તા માન્ય રાખીએ છીએ. જોકે અમારો ચુકાદો છે કે પહેલી એપ્રિલ ૨૦૦૦ અને ચોથી એપ્રિલ ૨૦૦૧ના સરકારના જાહેરનામા બહાર પાડેલાની તારીખથી એક વર્ષની મુદત પછી જ અમલમાં આવશે.

ચુકાદો લખનાર જસ્ટિસ અરાધેએ કહ્યું હતું કે એ ન્યાયના હિતમાં છે કે વાજબી નોટિસ ગાળા બાદ જ આ જાહેરનામા અમલમાં આવે.

અમારા મત પ્રમાણે એક વર્ષની નોટિસ એ વાજબી સમયગાળો છે. રાજ્ય સરાકરે જાહેરનામા દ્વારા ઉદ્યોગોને ૧૯૯૪થી અપાયેલી જકાતમાં છૂટ કાઢી નાખી હતી. રિલાયન્સ અને બીજી કંપનીઓએ આ જાહેરનામાને બોમ્બે હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. (એજન્સી) ■

# ઇચ્છામૃત્યુ મેળવનાર હરીશ રાણા આખરે પંચતત્ત્વમાં વિલીન

ગાઝિયાબાદઃ 'રડશો નહીં, તે હવે સારી જગ્યાએ છે', આ શબ્દો ઇચ્છામૃત્યુ મેળવનારા હરીશ રાણાના માતા-પિતાએ બુધવારે તેમના પુત્રને અંતિમ વિદાય આપતા કહ્યા હતા. હરીશ ભારતનો પહેલા વ્યક્તિ હતો કે જેને પેસિવ યુથેનેશિયા (ઇચ્છામૃત્યુ)ની પરવાનગી આપવામાં આવી હતી.

હરીશના અંતિમ સંસ્કાર બુધવારે સવારે દિલ્હીના ગ્રીન પાર્ક સ્મશાનગૃહ ખાતે કરવામાં આવ્યા હતા. આ સાથે તેમના ૧૩ વર્ષના લાંબા સંઘર્ષનો શાંતિપૂર્ણ અંત આવ્યો હતો. ૩૧ વર્ષીય હરીશનું મંગળવારના રોજ નિધન થયું હતું. હરીશ વર્ષ ૨૦૧૩માં ચોથા માળની બાલ્કનીમાંથી નીચે પડી ગયા બાદ કોમામાં સરી પડ્યો હતો. ત્યારે તે પંજાબ યુનિવર્સિટીમાં બી.ટેક.નો વિદ્યાર્થી હતો.

હરીશના એક પાડોશીએ જણાવ્યું કે અંતિમ સંસ્કાર દરમિયાન હરીશની માતાએ હાથ જોડીને તેના પુત્રને ભાવુક વિદાય આપી અને ત્યાં હાજર લોકોને મળ્યા હતા. જ્યારે તેના પિતા અશોક રાણાએ શોક વ્યક્ત કરનારાઓને ન રડવા અપીલ કરી હતી. હરીશના નાના ભાઇ આશિષ રાણા અને તેની બહેન ભાવનાએ ચિતાને અગ્નિદાહ આપ્યો હતો.

હરીશના માતા નિર્મલા દેવી અને પિતા અશોક રાણાએ પેસિવ યુથેનેશિયા (ઇચ્છામૃત્યુ)ની મંજૂરી આપવાના નિર્ણયને અત્યંત પીડાદાયક પરંતુ જરૂરી ગણાવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર અંતિમ સંસ્કાર અને સંબંધિત ધાર્મિક વિધિઓ પૂર્ણ કર્યા બાદ પરિવાર ગાઝિયાબાદ સ્થિત તેમના ઘરે પરત ફરશે.

લાંબા સમયથી હરીશના પરિવાર સાથે સંકળાયેલા બ્રહ્મા કુમારીના સિસ્ટર લવલીએ જણાવ્યું કે પરિવારે હરીશની આંખો દાન કરવાનો નિર્ણય લીધો છે. તેમજ હરીશના શરીરના અન્ય કોઇ અંગો દાન કરવામાં આવ્યા છે કે નહીં તેની પુષ્ટિ થઇ શકી નથી. કારણ કે આ અંગે ટિપ્પણી કરવા માટે પરિવારના સભ્યો ઉપલબ્ધ ન હતા.

આ મહિનાની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટે આપેલા ઐતિહાસિક આદેશમાં હરીશની લાઇફ સપોર્ટ સિસ્ટમને હટાવવાની મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ તેને ગાઝિયાબાદસ્થિત તેના ઘરેથી દિલ્હી એઇમ્સના પેલિએટિવ કેર યુનિટમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં મંગળવારના રોજ તેનું નિધન થયું હતું. ■



**આગ હી આગ:** સુરતમાં બુધવારે ખાજોદ ડમ્પિંગ ગ્રાઉન્ડ ખાતે આગ ફાટી નીકળ્યા બાદ ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. (એજન્સી)

# ગુજરાતનું કુલ જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડને પાર: કેગના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લાં ૩૦ વર્ષથી ભાજપનું અવિરત શાસન ચાલી રહ્યું છે. જો કે તેની સાથે એ પણ મહત્ત્વનું છે કે, રાજ્યનું દેવું પણ સતત વધી રહ્યું છે. નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો કેગ (ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ)નો રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં રાજ્યની નાણાકીય સ્થિતિ, જાહેર દેવું અને આવક-ખર્ચ અંગેના મહત્વપૂર્ણ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. રિપોર્ટ મુજબ, રાજ્યનું કુલ જાહેર દેવું વધીને રૂ. ૩.૮૦ લાખ કરોડને વટાવી ગયું છે, જેમાં ગયા વર્ષની સરખામણીએ અંદાજે ૨૨ હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે. બજાર લોનનો હિસ્સો પણ વધીને ૩.૧૧ લાખ કરોડ રૂપિયા થયો છે, જે ગયા વર્ષ કરતાં લગભગ ૧૬ હજાર કરોડ રૂપિયા વધુ છે. એક અનુમાન મુજબ હાલ દરેક ગુજરાતીના માથે લગભગ ₹૬૬,૦૦૦નું દેવું છે. રિપોર્ટ અનુસાર, દેવાની વૃદ્ધિનો દર ૧૨.૨૪ ટકા રહ્યો છે, જે દર્શાવે છે કે રાજ્ય પર આર્થિક ભારણ સતત વધી રહ્યું છે. આ રિપોર્ટની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ગુજરાતનું કુલ દેવું રાજ્યના જીડીપી (ડીએસડીપી)ના ૧૬.૯૯ ટકા જેટલું છે. નિષ્ણાતોના મતે ચિંતાની બાબત એ છે કે રાજ્ય સરકાર પોતાની કુલ મહેસૂલી આવકના ૧૨.૮૨ ટકા જેટલો માતબર હિસ્સો માત્ર જૂના દેવાનું વ્યાજ ચૂકવવામાં ખર્ચી રહી છે. આ આંકડો સૂચવે છે કે રાજ્યની કમાણીનો મોટો ભાગ વિકાસકાર્યોને બદલે વ્યાજ ભરવામાં વપરાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યનું દેવું ૨,૯૮,૮૧૦ કરોડ હતું જે ૨૦૨૫-૨૬માં વધીને ૩,૯૯,૦૦૦ કરોડ પર પહોંચ્યું હતું. ૨૦૨૧-૨૨માં ૩,૦૮,૩૦૨ કરોડ, ૨૦૨૨-૨૩માં ૩,૩૯,૬૮૩ કરોડ, ૨૦૨૩-૨૪માં ૩,૮૯,૩૮૧ કરોડ હતું. ૨૦૨૪-૨૫માં દેવું ઘટીને ૩.૮૦ કરોડ થયું હતું. કેગના રિપોર્ટમાં જણાવ્યા મુજબ રાજ્યની મહેસૂલી પુરાંતમાં ગત વર્ષની સરખામણીએ ૪૩.૪૧ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં જે પુરાંત રૂપિયા ૩૩,૪૭૭ કરોડ હતી, તે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને રૂપિયા ૧૮,૯૪૩ કરોડ પર આવી ગઈ છે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ મહેસૂલી ખર્ચમાં થયેલો રૂપિયા ૧૦,૩૨૬ કરોડનો વધારો અને આવકમાં થયેલો રૂપિયા ૪,૨૦૮ કરોડનો ઘટાડો માનવામાં આવે છે. જો કે વર્ષ ૨૪-૨૫માં ૧૮,૯૪૩ કરોડની પુરાંત થઈ છે.

નાણાકીય પરિસ્થિતિના અન્ય મહત્ત્વના મુદ્દાઓ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યની મહેસૂલી આવકમાં ઘટાડો નોંધાયો છે.

## અમદાવાદ કૉંગ્રેસના નેતા હિંમતસિંહ પટેલના પુત્ર યુવરાજ પટેલની ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસના અગ્રણી નેતા હિંમતસિંહ પટેલના પુત્ર યુવરાજ પટેલની ગત બાવીસ માર્ચના રોજ અમદાવાદના દૂધેશ્વર સર્કલ ખાતે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે યુવરાજ પટેલ સાથે તેના મિત્ર શ્રીકાંત તોમરની પણ પોલીસે ધરપકડ કરી હતી. આ ઘટનાના વાયરલ થયેલા વીડિયોના આધારે માધુપુરા પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાવીસ તારીખે રાત્રે દધીચી બ્રિજ પાસે આરોપીઓ અને ટીઆરબી જવાન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ કારચાલકે જ ૧૧૨ પર ફોન કરી પોલીસને બોલાવી હતી. ટીઆરબી જવાને કારને પોલીસ સ્ટેશનમાં લઈ જવા જણાવ્યું હતું અને ત્યાં બંને પક્ષે સમાધાન થઈ ગયું હતું. જોકે કારમાંથી દારૂની બોટલ મળવા છતાં તે સમયે કેસ નોંધાયો નહોતો. આરોપી યુવરાજસિંહ પટેલ રાજકીય વગ ધરાવતા કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને અમદાવાદ શહેરના પૂર્વ મેયર હિંમતસિંહ પટેલનો પુત્ર હોવાથી પોલીસે રાતોરાત મામલો થાળે પાડવા સમાધાન કરાવી દીધું હતું અને તેની સામે કોઈ પણ ગુનો નોંધ્યા વગર છોડી મૂક્યો હતો. જો કે ત્યાર બાદ આ બનાવનો વીડિયો વાયરલ થતાં પોલીસની મનસા સામે સવાલો ઊભા થયા હતા. બાદમાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## સોનાની બુટ્ટીના અસલી પેચ કાઢી નકલી લગાવી દેવાનું કર્મચારીનું કારનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સોનાના દાગીના મામલે થતી છેતરપિંડીના ઘણા કેસ બહાર આવે છે, પરંતુ કચ્છના ગાંધીધામમાં છેતરપિંડીની વિચિત્ર તરકીબે સૌને ચોંકાવ્યા હતા. આ સાથે આ છેતરપિંડી બેંકના કર્મચારી દ્વારા જ કરવામાં આવતી હોવાનું પણ ખૂલ્યું હતું. ગાંધીધામના બેન્કિંગ સર્કલ વિસ્તારમાં આવેલી ફેડરલ બેંકમાં ગોલ્ડ લોન માટે આવતા ગ્રાહકોના સોનાની શુદ્ધતા તપાસવા માટે રાખવામાં આવેલા અધિકૃત વેલ્યુઅરે જ રક્ષક બનીને ભક્ષકની ભૂમિકા ભજવી હતી. આરોપીએ ગત એક વર્ષ દરમિયાન ગ્રાહકોના સોનાના દાગીનામાંથી અસલી પેચ (સ્ટોપર્સ) કાઢી લઈ ત્યાં નકલી પેચ લગાવી દઈ કુલ રૂ. ૪૦,૧૪,૬૩૮ની કિંમતના સોનાની ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામ શહેરના બેન્કિંગ સર્કલમાં પ્લોટ નંબર ૩૪૦, વોર્ડ-૧૨-બી સ્થિત ફેડરલ બેંકમાં ગોલ્ડ લોન વેલ્યુએશન માટે 'ફોબોસ ગોલ્ડ ટેક્નોલોજી પ્રાઇવેટ લિમિટેડ' સાથે કરાર કરવામાં આવ્યો હતો. આ કંપની દ્વારા શિણાય વિસ્તારમાં રહેતા વિરેન વિનોદચંદ્ર પાટણિયાની નિમણૂક કરવામાં આવી હતી. ગત ૧ માર્ચ ૨૦૨૫ થી ૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન આરોપી વિરેન જ્યારે ગ્રાહકોના દાગીનાની ચકાસણી કરતો, ત્યારે અત્યંત ચાલાકીપૂર્વક સોનાની બુટ્ટીઓમાંથી અસલી સોનાના પેચ કાઢી લેતો હતો અને તેના બદલે પોતાના ખિસ્સામાંથી નકલી પેચ લગાવી દેતો હતો. આ સમગ્ર ભોપાળું ત્યારે સામે આવ્યું જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૬માં માથક ગામના શંભુ દેવદાન ડાંગર નામના ગ્રાહક પોતાની ગોલ્ડ લોન ભરીને દાગીના છોડાવવા આવ્યા હતા. તેમણે બુટ્ટી તપાસતા તેના પેચ ખોટા હોવાનું જણાયું હતું. આ ફરિયાદ બાદ બેંક મેનેજર અંકુર કિરીટકુમાર મોદીએ વર્ષ ૨૦૨૫ના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં આરોપી વિરેન દાગીના તપાસતી વખતે અસલી સોનું ખિસ્સામાં નાખતો અને નકલી માલ કાઢીને દાગીનામાં ભરાવતો સ્પષ્ટ દેખાયો હતો.

આ ઘટનાની ગંભીરતા જોતા બેંક દ્વારા તમામ ગોલ્ડ લોન પેકેટોનું ઓડિટ કરાવવામાં આવ્યું હતું.

## અશાંતધારા અધિનિયમમાં સુધારાના વિધેયક સહિત વિધાનસભામાં ત્રણ મહત્ત્વના વિધેયક મંજૂર

અમદાવાદ: રાજ્યમાં અશાંતધારા અધિનિયમ હેઠળ સ્થાવર મિલકતની તબદીલી બાબતે અત્યંત અસરકારક સુધારા સૂચવતું સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું. આમ, હવેથી અશાંત વિસ્તાર નિર્દિષ્ટ વિસ્તાર તરીકે ઓળખાશે. ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત(સુધારા) વિધેયક-૨૦૨૬ રજૂ કરતી વખતે મહેસૂલ રાજ્ય પ્રધાન સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ નિર્દિષ્ટ વિસ્તારોમાં મિલકતોનું અનૈચ્છિક સ્થળાંતર રોકવાનો અને કાયદેસરના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો છે.

આ વિધેયકના મુખ્ય સુધારાઓ અને જોગવાઈઓ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે હવે નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી કોઈ પણ વ્યક્તિ પોતાના હિતોના રક્ષણ માટે કલેક્ટર સમક્ષ રજૂઆત કરી શકશે, જે વિસ્તારમાં જાહેર વ્યવસ્થાનો ભંગ થવાની સંભાવના હોય, તેવા વિસ્તારને પણ કાયદાની જોગવાઈઓ અનુસાર 'નિર્દિષ્ટ વિસ્તાર' જાહેર કરી શકાશે, મિલકતના રક્ષણ માટે કલેક્ટર ' સુઓ મોટોઅથવા કોઈપણ નારાજ વ્યક્તિની અરજી પર તપાસ કરી શકશે, જો મિલકતની તબદીલી વાંધાજનક જણાશે, તો કલેક્ટર તે મિલકત પોતાના કબજામાં લઈ શકશે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તડકો-છાયો: મહિનાના અંતે વરસાદી માહોલની શક્યતા

અમદાવાદ: સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ઘણા ભાગોમાં બુધવારે વાતાવરણમાં થોડો ફેરફાર અનુભવાયો હતો. સવારના ભાગમાં તડકો અને છાયો જોવા મળ્યો હતો. સમયે સમયે વાતાવરણમાં આંશિક તફાવત અનુભવતો હતો, જેના કારણે મોટાભાગના શહેરોમાં ગરમીથી થોડી રાહત શહેરીજનોએ અનુભવી હતી.

રાજકોટમાં ૩૮.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં ૩૮.૩ અને અમદાવાદમાં ૩૭.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે ગરમીનો અનુભવ થોડો ઓછો થતો હોવાનું લોકો જણાવી રહ્યા છે. તે ઉપરાંત મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૩૩થી ૩૬ ડિગ્રી સુધી નોંધાયો હતો.

જોકે ૨૯ અને ૩૦ માર્ચે ફરી વરસાદી માહોલ જામવાના સંકેતો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૯મી માર્ચે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને કચ્છના અમુક ભાગોમાં હળવા વરસાદની સંભાવના છે. તો ૩૦મી માર્ચે બનાસકાંઠા, સાબરકાંઠા, મહીસાગર, દાહોદ, અરવલ્લી અને કચ્છના અમુક ભાગોમાં વરસાદી ઝાપટાંની સંભાવના છે. અગાઉ એક અઠવાડિયા પહેલા પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ છવાયો હતો.

## અમદાવાદ રેલવે સ્ટેશન પર અસલી જેવી દેખાતી નકલી ટિકિટનું મોટું કૌભાંડ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વેસ્ટર્ન રેલવેના અમદાવાદ વિભાગે રૂટિન ચેકિંગ ડ્રાઈવ દરમિયાન નકલી રેલવે ટિકિટના એક મોટા રેકેટને ઝડપી પાડ્યું હતું. ટિકિટની ફોટોકોપીને અસલી ટિકિટ તરીકે વેચવામાં આવતી હતી. પ્રયાગરાજથી એક એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ આવી પહોંચી અને ટિકિટ ચેકિંગ સ્ટાફને કેટલાક મુસાફરો પાસે શંકાસ્પદ ટિકિટો મળી આવ્યા બાદ તપાસ કરતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે બે મુસાફરો પાસે એક જ સિરિયલ નંબરવાળી ટિકિટ હતી. ક્યુઆર કોડ સ્કેનિંગ અને ટેકનિકલ તપાસમાં આ ટિકિટો ડુપ્લિકેટ હોવાનું બહાર આવ્યું હતું. ઓછામાં ઓછા ૧૫ મુસાફરે આવી જ નકલી ટિકિટોનો ઉપયોગ કરીને મુસાફરી કરી હોવાનું બહાર આવ્યું હતું. આ ઘટના બાદ રેલવે સત્તાધીશોએ એલર્ટ જાહેર કર્યું છે અને મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ તપાસ શરૂ કરી છે. આ રેકેટ પ્રયાગરાજમાં ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનની સુવિધા સાથે જોડાયેલા વ્યક્તિઓ સાથે સંકળાયેલું છે. કથિત રીતે પહેલા અસલી ટિકિટો જનરેટ કરવામાં આવતી હતી, ત્યારબાદ હાઈ-એન્ડ સાધનો અને એડિટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરીને તેની અનેક નકલી નકલો બનાવવામાં આવતી હતી. બાદમાં અસલી ટિકિટો રિફંડ માટે પરત કરી દેવામાં આવતી હતી, જ્યારે તેની ફોટોકોપી મુસાફરોને પૂરી કિંમતે વેચવામાં આવતી હતી. રેલવે સત્તાવાળાઓએ છેતરપિંડી અને મુસાફરોની સુરક્ષા જોખમમાં મૂકવા બદલ ગુના નોંધ્યા છે.

## અમદાવાદ મનપાની ચૂંટણીનાં બદલાશે સમીકરણો: આઠ લાખ મતદાર ઘટ્યા

અમદાવાદ: રાજ્યમાં ટૂંક સમયમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થવાની પૂરી શક્યતા છે, જેમાં અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીઓનો પણ સમાવેશ થાય છે. દરમિયાન શહેરમાં ૮ લાખ કરતાં વધારે મતદારો ઘટ્યા હોવાના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે, જેના લીધે રાજકીય સમીકરણો બદલાવાની શક્યતાઓ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૬ માટે પ્રસિદ્ધ કરવામાં આવેલી પ્રાથમિક મતદાર યાદી (ડ્રાફ્ટ રોલ) મુજબ, અમદાવાદમાં ૮,૩૪,૧૩૧ મતદારો ઘટ્યા છે. અમદાવાદ શહેરમાં હવે ૩૮,૦૦,૫૦૭ મતદારો છે, જે ૨૦૨૧માં ૪૬,૨૪,૬૩૮ હતા. આ આંકડો ૨૦૧૫ના ૩૮,૭૯,૭૭૧ કરતા પણ ઓછો છે. સૂત્રો મુજબ, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન અને મોટા પાયે કરવામાં આવેલી મતદાર ચકાસણીને કારણે આ ઘટાડો જોવા મળ્યો છે.

## ગુજસીટોક અમેન્ડમેન્ટ બિલ વિધાનસભામાં પસાર થયું, આતંકવાદી કૃત્યોની જોગવાઈ દૂર

અમદાવાદ: કેબિનેટ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ ગુરુવારે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, ગુજરાત આતંકવાદ નિયંત્રણ અને સંગઠિત ગુના અધિનિયમ (ગુજસીટોક) માંથી આતંકવાદી કૃત્યો સંબંધિત જોગવાઈઓ દૂર કરવામાં આવી છે, જેથી તેને કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલા નવા ફોજદારી કાયદાઓ સાથે સુસંગત બનાવી શકાય.

મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત આતંકવાદ નિયંત્રણ અને સંગઠિત ગુના અધિનિયમમાંથી આતંકવાદી કૃત્યો સંબંધિત જોગવાઈઓ દૂર કરવામાં આવી છે જેથી તેને કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલા નવા ફોજદારી કાયદાઓ સાથે સુસંગત બનાવી શકાય.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા અને રાજ્યના કાયદાને નવા કેન્દ્રીય ગુનાહિત સંહિતા સાથે સુસંગત બનાવવા માટે, ગુજરાત આતંકવાદ નિયંત્રણ અને સંગઠિત ગુના (સુધારા) બિલ-૨૦૨૬ વિધાનસભામાં વિરોધ વિના પસાર કરવામાં આવ્યું હતું.

## બજેટ સત્ર સંપન્ન: નવ વિધેયક, એક સરકારી પ્રસ્તાવ અને ચાર સંકલ્પો ગૃહમાં પસાર

અમદાવાદ: ૧૫મી ગુજરાત વિધાનસભાનું આઠમું અને અત્યંત મહત્ત્વનું બજેટ સત્ર ૨૫ ફેબ્રુઆરીના રોજ પૂરું થયું હતું. આ સત્ર દરમિયાન થયેલા કામકાજ અને લેવાયેલા નિર્ણયોની વિગતો પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ સત્રની પુર્ણાહુતી બાદ આપી હતી. પ્રવક્તા પ્રધાને જણાવ્યું હતું કે, ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થયેલું આ બજેટ સત્રના ૨૩ દિવસના સમયગાળામાં કુલ ૨૭ બેઠક યોજાઈ હતી. લોકશાહીના પર્વ સમાન આ સત્રના પ્રશ્નોત્તરી કાળમાં કુલ ૨૩૭ તારાંકિત પ્રશ્નોની ગૃહમાં ચર્ચા કરીને નાગરિકોની સમસ્યાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. પ્રવક્તા પ્રધાને જણાવ્યું હતું કે સત્ર દરમિયાન કુલ નવ જેટલા મહત્ત્વના વિધેયક અને સુધારા વિધેયકો ગૃહમાં પસાર કરવામાં આવ્યા છે, જેમાં 'ગુજરાત સમાન નાગરિક સંહિતા (યુસીસી) ૨૦૨૬ વિધેયક' એ ગુજરાતનું ઐતિહાસિક વિધેયક બન્યું છે. આ સત્ર દરમિયાન ગુજરાત અશાંત વિસ્તારો (સુધારા) વિધેયક પસાર કરીને સ્થાવર મિલકતની તબદિલી અને ભાડૂતોને રક્ષણ આપવા માટે મહત્ત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે.

## માંડવીમાં રાંધણગેસની અછતની અફવાએ મચાવી દોડધામ: 'પૅનિક બુકિંગ' વધતા એજન્સીઓ પર ગ્રાહકોની લાંબી કતારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માંડવી શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રાંધણગેસની અછત સર્જાશે તેવી અફવાઓએ જોર પકડ્યું છે. ખાસ કરીને અમેરિકા-ઇઝરાયલ અને ઇરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે હોર્મુઝની ખાડી પર યાતાયાત ખોરવાતા ક્રૂડ ઓઇલ અને ગેસની સપ્લાય ચેઇનને માઠી અસર થઇ છે ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમ વડે ફેલાવવામાં આવેલી નકારાત્મક વાતોને પરિણામે શહેરમાં ગેસ બુકિંગનો ધસારો જોવા મળી રહ્યો છે, જેના કારણે ગેસ એજન્સીઓ બહાર ગ્રાહકોની લાંબી લાઈનોના દૃશ્યો સર્જાયા છે. સામાન્ય રીતે માંડવીમાં દૈનિક ૫૦૦ થી ૬૦૦ સિલિન્ડરનું બુકિંગ નોંધાતું હોય છે. પરંતુ વર્તમાન સ્થિતિમાં 'પૅનિક બુકિંગ'ને કારણે આ આંકડો સીધો ૨૦૦૦ને પાર કરી ગયો છે. વિતરણ વ્યવસ્થા સંભાળતા દીપભાઈ થાનકીએ જણાવ્યું હતું કે, રાબેતા મુજબનો સપ્લાય ક્યાંય ખોરવાયો નથી. માત્ર કાલ્પનિક ભયને કારણે એકાએક માંગ વધી જવાથી વિતરણ વ્યવસ્થા પર દબાણ આવ્યું છે. અલબત્ત સ્થાનિક તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે, ગભરાવાની કોઈ જરૂર નથી. કેન્દ્ર અને રાજ્યની સરકારોએ પણ પેટ્રોલ, ઓઈલ અને રાંધણગેસનો પર્યાપ્ત જથ્થો સુરક્ષિત હોવાની ખાતરી આપી છે. આમ છતાં, સોશિયલ મીડિયા પર સક્રિય નકારાત્મક તત્ત્વો નાગરિકોને ભયભીત કરી રહ્યા છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. ઓનલાઇન બુકિંગની વ્યવસ્થા કાર્યરત છે, ગ્રાહકો ૩૫ થી ૪૦ દિવસના અંતરે સરળતાથી સિલિન્ડર મેળવી શકે છે. બિનજરૂરી સંગ્રહખોરી કે ઉતાવળ ટાળવી જેથી જરૂરિયાતમંદ લોકો સુધી સમયસર ગેસ પહોંચી શકે તેમ પુરવઠા વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સિરામિક ઉદ્યોગ બાદ હવે મોરબીના લેમિનેટ ઉદ્યોગ પર પણ યુદ્ધની અસર

અમદાવાદ: સિરામિક ઉદ્યોગ પછી, મોરબી અને હળવદમાં લેમિનેટ (સન્માઈકા) ઉદ્યોગ હવે કાચા માલની અછતને કારણે પ્રભાવિત થયો છે. લેમિનેટ ફેક્ટરીઓમાં ઉત્પાદન પહેલાથી જ લગભગ ૫૦% ઘટી ગયું છે, અને જો આવનારા દિવસોમાં સ્થિતિ સામાન્ય નહીં થાય તો એકમો બંધ કરવાની ફરજ પડશે. લેમિનેટ ઉદ્યોગના અગ્રણીઓના જણાવ્યા અનુસાર મોરબી અને હળવદ વિસ્તારોમાં લગભગ ૪૦ લેમિનેટ ઉત્પાદન એકમ છે. લેમિનેટ ઉદ્યોગમાં વપરાતા લગભગ ૭૫% કાચા માલ આયાત કરવામાં આવે છે. ખાસ કરીને, લેમિનેટ માટે જરૂરી લગભગ ૯૦% ડિઝાઇન કાગળ ચીન અને જર્મનીથી મેળવવામાં આવે છે. ઇઝરાયલ, ઈરાન અને યુનાઇટેડ સ્ટેટ્સ સાથે ચાલી રહેલા તણાવ તેમજ એકંદર આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને કારણે કાચા માલની આયાત પર અસર પડી છે. હાલમાં, ઉત્પાદકો પાસે ફક્ત એક અઠવાડિયા માટે પૂરતો કાચા માલનો સ્ટોક છે. પરિણામે, મોટાભાગની ફેક્ટરીઓએ ઉત્પાદન લગભગ અડધું ઘટાડી દીધું છે.

ઉદ્યોગકારોએ જણાવ્યું હતું કે ૩૧ માર્ચ સુધીમાં કાચા માલનો પુરવઠો સામાન્ય નહીં થાય, તો મોટી સંખ્યામાં એકમોએ કામગીરી બંધ કરવાની ફરજ પડી શકે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ઉત્તર ભારતમાં કેટલાક ગેસ આધારિત લેમિનેટ ફેક્ટરીઓ, જેમાં ઉત્તર પ્રદેશ, હરિયાણા અને યમુનાનગરનો સમાવેશ થાય છે, કાચા માલની અછતને કારણે પહેલાથી જ બંધ થઈ ગયા છે.

મોરબી દેશના મુખ્ય લેમિનેટ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક છે, અને અહીંથી સ્થાનિક બજારમાં મોટી માત્રામાં સામગ્રી સપ્લાય કરવામાં આવે છે.

## ફરી સાવકા પિતાની હવસનો શિકાર બની દીકરી, સુરતમાં શરમજનક ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના કૃષ્ણનગરમાં સાવકા પિતાની હવસનો ભોગ છ વર્ષની માસૂમ બાળકી બન્યાંના કિસ્સા બાદ સુરતમાં પણ આવો કેસ નોંધાયો હતો. અહીંના કતારગામમાં સાવકા પિતાએ ૧૩ વર્ષની સગીર દીકરી સાથે દુષ્કર્મ કર્યું હતું. ઘટના બહાર આવતા પોલીસે પિતાની ધરપકડ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઘટનાની મળતી વિગતો અનુસાર પીડિતાની માતાનાં છૂટાછેડા થયા હતાં. ત્યારબાદ રેલવે સ્ટેશન પર સફાઈકામ કરતી આ મહિલા અહીં જ લારી ચલાવી ગુજરાન ચલાવતા એક યુવકના સંપર્કમાં આવી હતી. બન્ને વચ્ચે સંબંધ બંધાતા મહિલા અને તેની દીકરી આ યુવક સાથે રહેવા આવી ગયા હતા. યુવકે મહિલાને લગ્ન કરવાની ખાતરી પણ આપી હતી, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

મહિલાની દીકરી ૧૩ વર્ષની થઈ હતી. ઘરમાં જ્યારે કોઈ ન હોય ત્યારે આ પુરુષ તેની સાથે બળજબરીથી સંબંધો બાંધતો હતો અને જો કોઈને કહેશે તો જાનથી મારવાની ધમકી આપતો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ગુજરાતમાં ૧૧,૬૪૮ દૂધના નમૂનામાંથી ૮૬૮માં ગુણવત્તા ઓછી હોવાનો અહેવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં મળતું દૂધ કેટલું શુદ્ધ છે કે નહીં તે જાણવા માટે પરીક્ષણો થતા રહે છે. ગુજરાતમાં મળતા દૂધમાં કેમિકલ મેળવાતું ન હોવાનું વિધાનસભામાં રાજ્ય સરકારે જણાવ્યું હતું, પરંતુ અમુક નમૂનામાં દૂધની ગુણવત્તા ઊતરતી કક્ષાની હોવાનું બહાર આવ્યું હતું. આરોગ્ય રાજ્ય પ્રધાનના જવાબ મુજબ, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, રાજ્ય વહીવટીતંત્રે ભેળસેળ તપાસવા માટે સમગ્ર ગુજરાતમાં ૧૧,૬૪૮ દૂધના નમૂના એકત્રિત કર્યા હતા. તેમાંથી ૮૬૮ નમૂના નિર્ધારિત ધોરણો મુજબ હલકી ગુણવત્તાવાળા જણાયા હતા. જોકે, સરકારે સ્પષ્ટતા કરી હતી કે પ્રયોગશાળાના અહેવાલોમાં કોઈ પણ નમૂનામાં રાસાયણિક ભેળસેળ મળી આવી નથી. બીજા પ્રશ્નના જવાબમાં, પ્રધાને જણાવ્યું હતું કે રાસાયણિક ભેળસેળ અંગે કોઈ અલગ કાર્યવાહીની જરૂર નથી, કારણ કે સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન આવા કોઈ કેસ મળી આવ્યા નથી.

## મહેસાણામાં બે વર્ષમાં ઝડપાયેલા ૩.૩૬ કરોડના દારૂના જથ્થાનો નાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લામાં બુટલેગરો પોલીસના ભય વિના બેફામ બની દારૂની તસ્કરી કરી રહ્યા છે. ઘણી વખત બાતમીના આધારે પોલીસ દારૂનો જથ્થો ઝડપી પાડે છે, જો કે તેનું પ્રમાણ ઘણું ઓછું છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન અલગ-અલગ દરોડામાં ઝડપી પાડેલા વિદેશી દારૂના જથ્થાનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો. મહેસાણા બાયપાસ હાઇવે નજીક હજારો બોટલો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. દારૂના જથ્થાનો નાશ કર્યા બાદ પર્યાવરણ અને સલામતીને ધ્યાને રાખી બાજુમાં જ ખોદવામાં આવેલા ઊંડા ખાડામાં આ તમામ કાચ અને પ્રવાહીને દાટી દેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

મહેસાણા તાલુકા, મહેસાણા એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન અને રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગત બે વર્ષમાં અંદાજે ૯૦,૦૦૦થી વધુ વિદેશી દારૂની નાની-મોટી બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ જથ્થાની બજાર કિંમત અંદાજે ૩ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ મુદ્દામાલનો નિકાલ કરવા માટે તંત્ર દ્વારા દારૂના જથ્થાને નષ્ટ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# આઈપીએલના કેપ્ટન્સને નથી જોઈતો ઇમ્પેક્ટ પ્લેયર

નવી દિલ્હીઃ આઇપીએલના મોટાભાગના કેપ્ટનોએ બુધવારે 'ઇમ્પેક્ટ પ્લેયર' નિયમ સામે નારાજગી વ્યક્ત કરી છે. વર્ષ ૨૦૨૩માં આ નિયમ લાગુ થયા બાદથી જ તેના પર મંતવ્યો વહેંચાયેલા રહ્યા છે.

ગઈ કાલે સાંજે યોજાયેલી તમામ આઈપીએલ કેપ્ટન્સની મીટિંગમાં તમામ ભારતીય હતા. કેપ્ટન પેટ કમિન્સની ગેરહાજરીમાં એસઆરએચનું નેતૃત્વ હાલ ઈશાન કિશન કરી રહ્યો છે.

વર્ષ ૨૦૨૪માં, બીસીસીઆઈએ આઇપીએલમાં ઇમ્પેક્ટ પ્લેયર નિયમને ઓછામાં ઓછા ૨૦૨૭ સુધી લંબાવ્યો હતો. તેમ છતાં, ચાહકો અને ખેલાડીઓ વચ્ચે આ વ્યૂહાત્મક નિયમ પર સતત ચર્ચા થઈ રહી છે.

મુંબઈમાં યોજાયેલી આઇપીએલ કેપ્ટન્સની મીટિંગમાં તમામ ૧૦ ફ્રેન્ચાઇઝીના કેપ્ટનો દ્વારા આ વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આઇપીએલના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ''મોટાભાગના કેપ્ટનોએ ઇમ્પેક્ટ પ્લેયર નિયમ અંગે પોતાના સૂચનો આપ્યા અને વાંધો વ્યક્ત કર્યો, ભલે બીસીસીઆઈએ આ નિયમ ૨૦૨૭ સુધી લંબાવ્યો હોય. તેઓને જણાવવામાં આવ્યું હતું કે આ નિયમની સમીક્ષા ૨૦૨૭ની સિઝન પછી જ થઈ શકે છે, તે પહેલાં નહીં.''

આ અઠવાડિયાની શરૂઆતમાં જ દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે રોહિત શર્મા જેવા દિગ્ગજ ખેલાડીઓનો સાથ આપતા ઇમ્પેક્ટ પ્લેયર નિયમની ટીકા કરી હતી.

આઇપીએલ ૨૦૨૬ પહેલા સોમવારે પોતાની પ્રથમ પ્રેસ કોન્ફરન્સમાં અક્ષર પટેલે કહ્યું હતું કેઃ

''હું પોતે ઓલરાઉન્ડર છું એટલે મને આ નિયમ પસંદ નથી. પહેલા અમે આ ભૂમિકા (બેટિંગ અને બોલિંગ) માટે ઓલરાઉન્ડરોની પસંદગી કરતા હતા. હવે ટીમ મેનેજમેન્ટ કોઈ ચોક્કસ બેટ્સમેન કે બોલર સાથે મેદાનમાં ઉતરે છે, તેઓ કહે છે કે અમારે ઓલરાઉન્ડરની શું જરૂર છે? એક ઓલરાઉન્ડર તરીકે મને આ ગમતું નથી, પરંતુ નિયમો એ નિયમો છે અને આપણે તેનું પાલન કરવું પડશે. પણ વ્યક્તિગત રીતે મને આ નિયમ નથી ગમતો.''

વર્ષ ૨૦૨૪માં, રોહિત શર્માએ પણ કહ્યું હતું કે તે ઇમ્પેક્ટ પ્લેયરના કન્સેપ્ટના પક્ષમાં નથી, કારણ કે તે ભારતીય ક્રિકેટમાં ઓલરાઉન્ડરોના વિકાસને અવરોધે છે. જ્યારે તે પછીની સિઝનમાં હાર્દિક પંડ્યાએ કહ્યું હતું કે જ્યાં સુધી કોઈ ખેલાડી બેટ અને બોલ બંનેમાં સરખો જ ઉત્કૃષ્ટ ન હોય, ત્યાં સુધી ટીમમાં ઓલરાઉન્ડરની પસંદગી કરવી મુશ્કેલ બની ગઈ છે.

### ૧૦ ઓવર પછી બોલ બદલો

બીસીસીઆઈએ ગત સિઝનમાં ઝાકળની સમસ્યાનો સામનો કરવા માટે બીજી ઇનિંગની ૧૦મી ઓવર પછી





ટીમોને એક વખત બોલ બદલવાની મંજૂરી આપી હતી. બુધવારે, એક કેપ્ટને પ્રસ્તાવ મૂક્યો કે ટીમોને પ્રથમ ઇનિંગની ૧૦મી ઓવર પછી પણ બોલ બદલવાની મંજૂરી આપવી જોઈએ.

સૂત્રએ જણાવ્યું કે, ''પ્રથમ ઇનિંગની ૧૦ ઓવર પછી બોલ બદલવાનો પ્રસ્તાવ મુકાયો હતો પરંતુ તેને બહુ સમર્થન મળ્યું નથી. સામાન્ય રીતે બીજી ઇનિંગમાં ભારે ઝાકળ પડે છે, તેથી વર્તમાન નિયમ યથાવત રાખવામાં આવ્યો છે.''

### ટ્રેનિંગ ગાઈડલાઈન્સ અંગે સ્પષ્ટતા મગાઈ

આઇપીએલના તમામ કેપ્ટનોએ આઇપીએલના અધિકારીઓ પાસે ૨૦૨૬ની સિઝન માટે જાહેર કરાયેલી ટ્રેનિંગ ગાઇડલાઇન્સ અંગે પ્રશ્નો પૂછ્યા હતા.

ફ્રેન્ચાઇઝીઓ સાથે શેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, મેચના દિવસે કોઈ પ્રેક્ટિસની મંજૂરી આપવામાં આવશે નહીં અને ''જો કોઈ એક ટીમ તેમની પ્રેક્ટિસ વહેલી પૂરી કરી લે છે, તો બીજી ટીમને તેમની પ્રેક્ટિસ માટે તે વિકેટોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.''

સૂત્રએ ઉમેર્યું કે, ''કેપ્ટનો ટ્રેનિંગ ગાઇડલાઇન્સ પર વધુ સ્પષ્ટતા ઈચ્છતા હતા અને તે તેમને પૂરી પાડવામાં આવી હતી.''

## રાજસ્થાન રોયલ્સ વેચાઈ તેમાં શેન વૉર્નનો પરિવાર માલમાલ થયો

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ની ૧૯મી સિઝનની શરૂઆત પહેલા રાજસ્થાન રોયલ્સ (આરઆર)ની માલિકીમાં ફેરફાર થયો છે. યુએસ સ્થિત કન્સોર્ટિયમે આરઆરને ૧.૬૩ બિલ્યન ડૉલર (આશરે ૧૫,૨૯૦ કરોડ રૂપિયા)માં ખરીદી છે, આ સોદો થતાં ઓસ્ટ્રેલિયાના સ્વર્ગસ્થ સ્પિન બોલર શેન વોર્નનો પરિવારને પણ માલામાલ થઇ ગયો છે.

અહેવાલ મુજબ આરઆરના સોદાને કારણે શેન વોર્નના પરિવારને ૪૫૦ થી ૪૬૦ કરોડ રૂપિયા મળશે, આની પાછળ શેન વોર્નની સૂઝબૂઝ જવાબદાર છે. વર્ષ ૨૦૦૮ માં આઇપીએલની પહેલી સીઝનમાં શેન વોર્ન રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હતો, ત્યારે ટીમમાં સામેલ થતાં પહેલા તેણે તેના કરારમાં એક કલમ દાખલ કરી હતી, જેનો મોટો ફાયદો લગભગ બે દાયકા પછી થયો છે.

જ્યારે ૨૦૦૮ માં આરઆરએ શેન વોર્ન સાથે કરાર કર્યો હતો, આ કરારમાં એક શરત ઉમેરવામાં આવી હતી કે શેન વોર્ન આરઆર માટે જેટલા વર્ષ રમે એ દરેક વર્ષે તેને ફ્રેન્ચાઇઝીની ૦.૭૫ ટકા માલિકી આપવામાં આવે. વોર્ને આરઆર તરફથી ચાર સીઝન રમી, આમ ફ્રેન્ચાઇઝીમાં વોર્નનો કુલ હિસ્સો ૩ ટકા થયો હતો.

૨૦૦૮ માં આરઆર ફ્રેન્ચાઇઝી મનોજ બડાલેના નેતૃત્વ હેઠળના ઇમર્જિંગ મીડિયાએ માત્ર ૬૭ મિલ્યન ડૉલરમાં ખરીદી હતી. હવે જ્યારે આરઆર ૧.૬૩ બિલ્યનમાં વેચાઈ ગઈ છે, જેના કારણે વોર્નનો હિસ્સો ૪૫૦ થી ૪૬૦ કરોડ રૂપિયા થાય છે.

પોતે લીધેલા નિર્ણયનો ફયદો જોવા માટે વોર્ન આ દુનિયામાં હાજર નથી, વર્ષ ૨૦૨૨ માં હાર્ટઅટેકને કારણે તેમનું અવસાન થયું હતું, આરઆરના સોદાને કારણે શેન વોર્નના પરિવારને ઘણો ફાયદો થશે.

## ૨૪ કલાકમાં બદલાયા આઈપીએલની બે ફ્રેન્ચાઈઝીના માલિક, આરસીબી ૧૬,૬૦૦ કરોડમાં વેચાઈ...

નવી દિલ્હીઃ આઈપીએલની સૌથી ચર્ચિત ટીમ પૈકીની એક અને ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) પણ વેચાઈ ગઈ છે. આદિત્ય બિરલા ગ્રૂપ, ટાઈમ્સ ગ્રૂપ, બોલ્ટ વેન્ચર્સ અને બ્લેકસ્ટોને મળીને ટીમને ૧.૭૮ બિલ્યન ડોલર (આશરે ૧૬,૬૦૦ કરોડ રૂપિયા)માં ખરીદી લીધી છે. આરસીબીની આ ડીલ પહેલા રાજસ્થાન રોયલ્સને પણ અમેરિકન બિઝનેસમેન કાલ સોમાણીએ આશરે ૧૫ હજાર કરોડ રૂપિયામાં ખરીદી હતી. આમ માત્ર ૨૪ કલાકમાં જ બે આઈપીએલ ટીમના માલિકી હક બદલાયા હતા. એક રિપોર્ટ પ્રમાણે, આરસીબીની આ ડીલ યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ સાથે થઈ છે. જેમાં આરસીબીનો ૧૦૦ ટકા હિસ્સો ટ્રાન્સફર કરાશે. આ ડીલમાં આઈપીએલની સાથે સાથે મહિલા ટીમ પણ સામેલ છે. આમ આરસીબીની મહિલા અને પુરુષ ટીમનો માલિકી હક આ ૪ ટીમોને મળી ગયો છે.

નવા માલિકી હક પ્રમાણે, આદિત્ય બિરલા ગ્રુપના આર્યમાન વિક્રમ બિરલા ચેરમને હશે. જ્યારે ટાઈમ્સ ગ્રુપના સત્યાન ગજવાની વાઈસ ચેરમેન હશે. આ ઉપરાંત કંસોર્ટિયમમાં બોલ્ટ વેંચર્સના ડેવિડ બ્લિત્ઝર અને બ્લેકસ્ટોનના વિરલ પટેલ પણ સામેલ છે. આ ડીલ કેટલીક શરતો પર નિર્ભર છે. જેમાં બીસીસીઆઈ, કોમ્પિટિશન કમીશન ઓફ ઈન્ડિયા અને બાકી રેગુલેટરી ઓથોરિટીની મંજૂરી મળવાની બાકી છે.

આ ડીલ અંગે આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ જણાવ્યું હતું કે, આઈપીએલ એ છેલ્લા ૨૦ વર્ષમાં ક્રિકેટનું ચિત્ર બદલી નાખ્યું છે અને આરસીબી જેવી ટીમ સાથે જોડાવું એ તેમના માટે ગૌરવની વાત છે. તેમણે વધુમાં ઉમેર્યું કે તેઓ આ ટીમનો વારસો આગળ ધપાવશે.

સત્યન ગજવાનીએ જણાવ્યું હતું કે, આરસીબી માત્ર એક ટીમ નથી, પરંતુ આઈપીએલ ની સૌથી લોકપ્રિય બ્રાન્ડ્સમાંની એક છે. તેમનું લક્ષ્ય તેને ગ્લોબલ સ્પોર્ટ્સ બ્રાન્ડ બનાવવાનું છે. બોલ્ટ વેન્ચર્સના ડેવિડ બ્લિટ્ઝરે કહ્યું કે, આરસીબી પાસે શાનદાર ફેન બેઝ છે અને આઈપીએલ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી લીગમાંની એક છે. જ્યારે બ્લેકસ્ટોનના વિરલ પટેલે જણાવ્યું કે, આરસીબી એક મજબૂત બ્રાન્ડ છે અને તેમાં આગળ વધવાની અનેક તકો રહેલી છે. નવા ચેરમેન આર્યમન બિરલાએ કહ્યું કે, આ તેમના માટે ગર્વની વાત છે અને તેઓ ટીમને આગલા સ્તર પર લઈ જવા માટે કામ કરશે. તેમણે વધુમાં જણાવ્યું કે ટીમ માત્ર મેદાન પર જ નહીં, પરંતુ ચાહકો અને સમુદાય સાથે પણ પ્લે બોલ્ડનો અભિગમ ચાલુ રાખશે.



### આર્યમાન બિરલાઃ એક સમયે 30 લાખમાં આરઆરનો હતો હિસ્સો, હવે બન્યો આરસીબીનો બોસ

નવી દિલ્હીઃ આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની માલિકી હકમાં મોટો બદલાવ થયો છે. આરસીબીને આદિત્ય બિરલા ગ્રુપ અને ચાર રોકાણકારોએ ૧૬,૬૦૦ કરોડમાં ખરીદી લીધી છે. હવેથી રોયલ ચેલેન્જરસ બેંગલુરુના નવા ચેરમેને આર્યમાન બિરલા હશે. એક સમયે તેઓ ક્રિકેટર હતા અને રાજસ્થાન રોયલ્સનો હિસ્સો હતા. હવે તેઓ ૧૬,૦૦૦ કરોડની આરસીબીના નવા બોસ હશે.

આદિત્ય બિરલા ગ્રુપ, ટાઈમ્સ ગ્રુપ, બોલ્ટ વેન્ચર્સ અને બ્લેકસ્ટોને મળીને ટીમને ૧.૭૮ બિલ્યન ડોલર (આશરે ૧૬,૬૦૦ કરોડ રૂપિયા)માં ખરીદી લીધી છે. એક રિપોર્ટ પ્રમાણે, આરસીબીની આ ડીલ યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ સાથે થઈ છે. જેમાં આરસીબીનો ૧૦૦ ટકા હિસ્સો ટ્રાન્સફર કરાશે. આ ડીલમાં આઈપીએલની સાથે સાથે મહિલા ટીમ પણ સામેલ છે. આમ આરસીબીની મહિલા અને પુરુષ ટીમનો માલિકી હક આ ૪ ટીમોને મળી ગયો છે. નવા માલિકી હક પ્રમાણે, આદિત્ય બિરલા ગ્રુપના આર્યમાન બિરલા ચેરમને હશે.

આર્યમાન બિરલા આદિત્ય બિરલા ગ્રુપના ચેરપર્સન કુમાર મંગલમ બિરલાના પુત્ર છે. ૯ જુલાઈ ૧૯૯૭ના રોજ જન્મેલો આર્યમાન ક્રિકેટર રહી ચુક્યો છે. તે મધ્ય પ્રદેશ તરીફથી ઘરેલુ ક્રિકેટ રમ્યો છે. તેણે ૯ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૪૧૪ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે એક સદી અને એક અડધી સદી ફટકારી છે.

આર્યમાન બિરલાને વર્ષ ૨૦૧૮માં રાજસ્થાન રોયલ્સે ૩૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. સ્કવોડનો હિસ્સો હોવા છતાં તેને રમવાનો મોકો મળ્યો નહોતો. ૨૨ વર્ષની વયે જ તેણે પ્રોફેશનલ ક્રિકેટથી દૂર થઈને આદિત્ય બિરલા ગ્રુપમાં જોડાવાનો નિર્ણય લીધો હતો.

## 'જે કહેવું હશે એ ધોનીને કહીશ, મીડિયાને નહીં"

### માહીના રિટાયરમેન્ટની ચર્ચા મામલે સૌરવ ગાંગુલી બોલ્યો

ચેન્નઈઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ અગાઉ ચેન્નઈ સુપર કિંગ્સના વિકેટકીપર બેટ્સમેન એમએસ ધોનીની નિવૃત્તિની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. અનેક રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ સિઝન ધોનીની આઈપીએલમાં અંતિમ સિઝન હોઈ શકે છે. જોકે, આ ચર્ચા છેલ્લા ચારથી પાંચ સિઝનથી ચાલી રહી છે. ફક્ત ધોની જ જાણે છે કે આઈપીએલ ૨૦૨૬ ખેલાડી તરીકે તેની છેલ્લી સિઝન હશે કે નહીં. સૌરવ ગાંગુલીએ આ શક્યતા અંગે નિવેદન આપ્યું છે.

જ્યારે ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન સૌરવ ગાંગુલીએ એમએસ ધોનીના આઈપીએલમાંથી નિવૃત્તિની શક્યતા અંગે સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો, તેમણે સંકેત આપ્યો હતો કે તે ધોની સાથે ચર્ચા કરી શકે છે. તેમણે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ''હું ધોનીને કહીશ કે શું કરવું, મીડિયાને નહીં.'' ભૂતપૂર્વ ક્રિકેટરનું માનવું છે કે ''ધોનીએ હવે નિવૃત્તિ લેવી જોઈએ. તમે ડગઆઉટમાંથી ટીમ ચલાવતા નથી આ ફૂટબોલ ટીમ નથી. ધોનીની ખાસિયત એ છે કે તે કોઈની રમત વાંચી શકે છે.'' તેમણે કહ્યું કે ધોનીએ આ સિઝન પછી આઈપીએલમાંથી નિવૃત્તિ લેવી જોઈએ. એમએસ ધોની ૪૪ વર્ષનો છે અને આઈપીએલમાં ૨૭૮ મેચ રમ્યો છે.

## રિષભ પંત નંબર થ્રી બેટ્સમેનઃ ડુ પ્લેસિસ

નવી દિલ્હીઃ દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસનું માનવું છે કે રિષભ પંતે ત્રીજા નંબર પર બેટિંગ કરવી જોઈએ. સાથે તેણે કહ્યું હતું કે જોખમ લેવાને બદલે તેણે આગામી આઈપીએલમાં સુસંગતતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પંતે ગયા સીઝનમાં પોતાનો બેટિંગ ક્રમ બદલ્યો હતો, ચોથા નંબરથી લઈને ઓપનર તરીકે બેટિંગ કરી હતી અને પછી નીચે ક્રમમાં પણ બેટિંગ કરી હતી. તેણે લખનઊ સુપર જાયન્ટ્સ માટે છેલ્લી મેચમાં ત્રીજા નંબર પર ૬૧ બોલમાં અણનમ ૧૧૮ રન કર્યા હતા.

ડુ પ્લેસિસે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે ''કદાચ પંત માટે ત્રીજા નંબર પર રમવાની તક છે. એવું લાગે છે કે તે ત્રીજા નંબર પર શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે છે. મેં તેને ગયા સીઝનમાં લખનઊ માટે ત્રીજા નંબર પર બેટિંગ કરતા જોયો હતો, જ્યારે નિકોલસ પૂરન ચોથા નંબર પર બેટિંગ કરતો હતો. આરસીબીના ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું હતું કે, લખનઊ ટીમ માટે ૨૦૨૬ની હરાજી જોતાં તેમની પાસે પંતની સાથે ટોચના ક્રમમાં એડન માર્કરામ, મિશેલ માર્શ અને પૂરન જેવા મજબૂત ખેલાડીઓ છે.

વધુમાં ડુ પ્લેસિસે કહ્યું હતું કે, પંત એક અપાર પ્રતિભા ધરાવતો ખેલાડી છે, જ્યારે તમે તેને ટેસ્ટ ક્રિકેટમાં બેટિંગ કરતા જોવો છો ત્યારે એવું લાગે છે કે તેની પાસે બધા શોટ છે.

## બુમરાહ ઈન્જર્ડ નથી તો તેને બોર્ડે બેંગ્લુરુ શું કામ બોલાવ્યો?

બેંગ્લુરુઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬, ૨૮ માર્ચથી શરૂ થવાની છે. આ પહેલા મુંબઈ ઇન્ડિયન્સના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બેંગલુરુમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સ પહોંચ્યો છે. જોકે, સારા સમાચાર એ છે કે બુમરાહ ઘાયલ નથી અને વર્કલોડ મેનેજમેન્ટના ભાગ રૂપે સ્ટ્રેન્થ અને કન્ડિશનિંગ પર કામ કરવા માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે પહોંચ્યો છે. એક રિપોર્ટ અનુસાર, બુમરાહ મુખ્યત્વે સ્ટ્રેન્થ અને કન્ડિશનિંગ પર કામ કરવા માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે પહોંચ્યો છે. મેડિકલ ટીમ બુમરાહને જુલાઈમાં ઇંગ્લેન્ડ સામે ભારતની શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બોલાવવામાં આવ્યો છે. ઇંગ્લેન્ડ પ્રવાસમાં પાંચ ટી-૨૦ અને ત્રણ વન-ડે મેચ રમાશે.

જસપ્રીત બુમરાહ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે બોલિંગ ચાલુ રાખશે અને ટૂંક સમયમાં મુંબઈ ઇન્ડિયન્સ સાથે જોડાશે જેથી તે આઈપીએલ ૨૦૨૬ની પહેલી મેચમાં રમે તેવી સંભાવના છે. મુંબઈ ઇન્ડિયન્સ ૨૯ માર્ચે કોલકાતા નાઈટ રાઇડર્સ સામે પોતાનો હોમ મેચ રમશે. માર્ચની શરૂઆતમાં ભારતને સતત બીજા ટી-૨૦ વર્લ્ડ કપ ટાઇટલ અપાવવામાં બુમરાહે મુખ્ય ભૂમિકા ભજવી હતી. દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સે વાનખેડે સ્ટેડિયમ ખાતે તાલીમ શરૂ કરી છે.

## લિવરપૂલ છોડશે દિગ્ગજ ફૂટબોલર મોહંમદ સાલાહ

નવી દિલ્હીઃ ઇજિપ્તના દિગ્ગજ ફૂટબોલર મોહમ્મદ સાલાહે લિવરપૂલ ફૂટબોલ ક્લબ છોડવાનો નિર્ણય જાહેર કર્યો છે. લિવરપૂલ સાથેનો તેમનો કરાર આ સીઝનના અંતમાં સમાપ્ત થઈ રહ્યો છે. તેમનો કરાર રિન્યૂ કરવામાં આવશે નહીં. ક્લબે પણ આ અંગેની જાહેરાત કરી દીધી છે. મોહંમદ સાલાહે સોશ્યલ મીડિયા પર આ અંગેની જાહેરાત કરી હતી. એક ભાવનાત્મક વીડિયો મેસેજમાં તેણે કહ્યું હતું કે તેઓ ઇચ્છે છે કે તેમના ચાહકો તેમની પાસેથી સીધા સમાચાર સાંભળે. તેમણે તેને તેમના વિદાયના પ્રથમ ભાગ તરીકે વર્ણવ્યું, જે દર્શાવે છે કે વધુ વિદાય મેસેજ આવવાના હોઈ શકે છે.

વાસ્તવમાં સાલાહ અને લિવરપૂલ વચ્ચેનો વિવાદ ડિસેમ્બર ૨૦૨૫માં શરૂ થયો હતો. સાલાહે સીધા મેનેજર આર્ને સ્લોટ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. સાલાહે દાવો કર્યો હતો કે ક્લબે તેમને પ્લેઇંગ ઇલેવનમાં તક ન આપીને તેમનું અપમાન કર્યું છે, જાણે તેમને બસ નીચે ફેંકી દેવામાં આવ્યા હોય. સાલાહને સતત ત્રણ મેચમાં તક આપવામાં આવી નહોતી. તેણે ફરિયાદ કરી કે તેમના યોગદાનનું ઓછું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

૩૩ વર્ષીય સલાહ ૨૦૧૭માં એસએસ રોમાથી આશરે ૫૦ મિલિયન ડોલરમાં લિવરપૂલમાં સામેલ થયો હતો. તેણે ૪૩૫ મેચમાં ૨૫૫ ગોલ કર્યા હતા જેનાથી તે ક્લબના સર્વકાલીન ટોચના સ્કોરર્સમાં ત્રીજા સ્થાને રહ્યો હતો. સાલાહે ક્લબના મહાન ખેલાડીઓમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.

## વર્લ્ડ કપ જીત્યા પછી વિશ્વમાં કશે પણ વિજયનો આત્મવિશ્વાસઃ હરમનપ્રીત

નવી દિલ્હીઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે બુધવારે કહ્યું કે ગયા વર્ષે ઘરઆંગણે વન-ડે વર્લ્ડ કપ જીતવાથી ટીમને વિશ્વમાં ગમે ત્યાં વધુ ટાઇટલ જીતવા માટે ખૂબ જ જરૂરી આત્મવિશ્વાસ મળ્યો છે. ભારતીય મહિલા ટીમે ગયા નવેમ્બરમાં નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને પોતાનું પ્રથમ આઇસીસી ટાઇટલ જીત્યું હતું. હરમનપ્રીતને આશા છે કે ટીમ ૧૨ જૂનથી ૫ જુલાઈ દરમિયાન બ્રિટનમાં યોજાનાર મહિલા ટી-૨૦ વર્લ્ડ કપમાં આ સિદ્ધિનું પુનરાવર્તન કરી શકશે.દ્વારકાના ઓમેક્સ સ્ટેડિયમમાં તેમના માનમાં બનાવેલા સ્ટેન્ડના લોન્ચિંગ સમારોહ દરમિયાન હરમનપ્રીતે કહ્યું હતું કે, ''હું માનું છું કે કોઈપણ ક્ષેત્રમાં તમારે કંઈક ખાસ કરવું પડશે. તમારે ટાઇટલ જીતવું પડશે, તો જ તમને ઓળખ મળશે. જો એવું ન થાય તો એવું લાગે છે કે બધી મહેનત વ્યર્થ ગઈ છે.'' તેણીએ કહ્યું હતું કે, ''માત્ર અમારી ટીમ જ નહીં, પરંતુ અમારી પહેલાની બધી મહિલા ક્રિકેટરોએ સખત મહેનત કરી હતી. તેમને ઘણીવાર પોતાના ખિસ્સામાંથી પૈસા ખર્ચવા પડતા હતા. તેથી ટાઇટલ જીતવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**66KV ઓવરહેડ વિદ્યુત પાવર લાઇન ક્રોસિંગની બદલી**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender /EL/TRD/25-26/32 તારીખ 24.03.2026**
**ટેન્ડર નં.: DRM-RJT-EL-TRD-25-26-32**
**કાર્યનું નામ:** રાજકોટ મંડળમાં વિરમગામ - રાજકોટ સેક્શન વચ્ચે 66KV ઓવરહેડ વિદ્યુત પાવર લાઇન ક્રોસિંગને ભૂગર્ભ કેબલ દ્વારા બદલી કરવાનું કાર્ય (10 Nos. ક્રોસિંગ) **(i) અંદાજિત ખર્ચ:** રૂ. 8,43,07,767.40/- માત્ર **(ii) અર્નેસ્ટ મની:** રૂ. 16,86,200.00/- **(iii) ઓનલાઇન અરજી માટે તારીખ અને સમય:** 15.04.2026 ના 15.00 કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 **વેબસાઇટ વિગતો:**"www.ireps.gov.in" RJT 218

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## ભારતીય ટીમે જ બનાવ્યો હતો મને રંગભેદનો શિકારઃ શિવરામાકૃષ્ણન

ચેન્નઈઃ ભૂતપૂર્વ ભારતીય લેગ-સ્પિનર અને કોમેન્ટેટર લક્ષ્મણ શિવરામકૃષ્ણને તેમના ક્રિકેટ કારકિર્દી દરમિયાન વંશીય ભેદભાવ વિશે એક મોટો ખુલાસો કર્યો છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરે એક જૂનો અનુભવ શેર કર્યો જેમાં તેમણે ટીમમાં વંશીય ભેદભાવ (રંગ પર આધારિત ટિપ્પણીઓ) નો સામનો કરવા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે એકવાર તેમના એક સાથીએ મજાકમાં કહ્યું હતું કે તેમના માટે 'સાચી' કેક મંગાવવામાં આવી હતી, કારણ કે તેઓ શ્યામ રંગના છે, તેથી તેમના માટે ડાર્ક ચોકલેટ કેક લાવવામાં આવી હતી.

ચેન્નઈમાં જન્મેલા લક્ષ્મણ શિવરામકૃષ્ણને પોતાના પાંચ વર્ષના કરિયર દરમિયાન ભારત માટે ૨૫ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમણે બુધવારે ૧૯૮૨-૮૩ના પાકિસ્તાન પ્રવાસ દરમિયાન ભારતીય ડ્રેસિંગ રૂમમાં થયેલા વંશીય ભેદભાવના ભયાનક અનુભવ વિશે ખુલાસો કર્યો હતો.

## ઉસ્માન તારિકની એકશાનની કૉપી કરવાનું ભારે પડ્યું, લંકન બૉલરને અટકાવ્યો અમ્પાયરે

નવી દિલ્હીઃ ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ દરમિયાન સૌથી વધુ ચર્ચામાં રહેનારા પાકિસ્તાનની સ્પિનર ઉસ્માન તારિકનો ક્રેઝ યુવાનોમાં જોવા મળી રહ્યો છે. તે બોલિંગ કરતા પહેલા થોડીવાર રોકાતો હતો અને પછી બોલ ફેંકતો હતો. શ્રીલંકાના એક સ્થાનિક ટૂર્નામેન્ટ દરમિયાન એક સ્પિનરે ઉસ્માન તારિકની એક્શનની નકલ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ અમ્પાયરને તે પસંદ આવ્યું નહીં. બોલ છોડતાની સાથે જ અમ્પાયરે ડેડ બોલનો ઈશારો કર્યો હતો.

આ ઘટના શ્રીલંકાની બે કોલેજો રિચમંડ અને મહિંદા વચ્ચેની મેચ દરમિયાન બની હતી. રિચમંડ કોલેજના ડાબા હાથના સ્પિનર નેથુજા બસિથાએ તારિકની બોલિંગ એક્શનની નકલ કરવાનો પ્રયાસ કર્યો હતો. બોલ ફેંકતા પહેલા બસિથા થોભી ગયો અને થોડો કૂદકો માર્યો પછી તેણે બોલ ફેંક્યો હતો પરંતુ અમ્પાયરે તરત જ ડેડ બોલનો ઈશારો કર્યો હતો.

## સાઉથ આફ્રિકાએ પાંચમી ટી-૨૦ મેચમાં ન્યૂ ઝીલેન્ડને હરાવ્યું, ૩-૨થી જીતી સીરિઝ

ક્રાઇસ્ટચર્ચઃ કોનર એસ્ટરહાઈઝને ૩૩ બોલમાં કરિયરની શ્રેષ્ઠ ૭૫ રનની ઇનિંગની મદદથી સાઉથ આફ્રિકાએ બુધવારે અહીં પાંચમી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ન્યૂ ઝીલેન્ડને ૩૩ રનથી હરાવીને પાંચ મેચની શ્રેણી ૩-૨થી જીતી લીધી હતી. આ કોનરની સતત બીજી અડધી સદી હતી. તેણે છેલ્લી મેચમાં ૫૭ રનની ઇનિંગ સાથે પોતાની કારકિર્દીની પહેલી અડધી સદી ફટકારી હતી. પહેલા બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ ચાર વિકેટે ૧૮૭ રન કર્યા હતા, જેના જવાબમાં ન્યૂ ઝીલેન્ડ આઠ વિકેટે ૧૫૪ રન જ કરી શક્યું હતું,

લક્ષ્યનો પીછો કરતી વખતે ન્યૂ ઝીલેન્ડની બેટિંગ ખરાબ રહી હતી. ફાસ્ટ બોલર ગેરાલ્ડ કોટ્ઝીએ ચાર ઓવરમાં ૨૧ રન આપીને બે વિકેટ લીધી, જ્યારે ઓટનિલ બાર્ટમેને ૩૩ રન આપીને બે વિકેટ લીધી હતી.

**TENDER NOTICE**

Sealed item rates. Tenders are invited by our clients "Ratnagiri Jilha Maratha Dnyati Samaj, Mumbai" [hereinafter referred to as the Owner] from Building Contractors of repute for the construction of the proposed extension to the existing school building on CTS No. 166[B] of Village Majas at Sarvoday Nagar, Jogeshwari (E), Mumbai 60.
The work involves the execution of CIVIL WORK for a built-up area of approximately 979.81 sq. m. (10546 sft) spread over in the proposed RCC staircase from ground to 5th floor top, and the proposed 5th floor in the RCC frame structure over the A wing, 5th floor with steel roof trusses and MS sheet roofing over B and C Wing, and the completion period is 6 [Six] months [inclusive of Monsoon] from commencement of work.
The Earnest Money Deposit payable is Rs. 1,00,000/- [Rupees One Lakh only] by Pay Order at Mumbai and drawn in favour of "Ratnagiri Jilha Maratha Dnyati Samaj, Mumbai".
Tender documents can be obtained from the undersigned on payment of Tender Fees of Rs. 5,900/- (including GST), in cash (non-refundable), from 3 pm to 5 pm on any day except Sunday & Holidays from 26/03/2026 to 02/04/2026.
The completed filled-in tenders are to be submitted on or before 5.00 PM 13/04/2026, to the owner's office at "Ratnasindhu", Bal Vikas School Building, Meghwadi, Jogeshwari [E], Mumbai 60. The time and venue of opening the Tenders will be intimated at that time. Tenders; offers received late will not be considered. The Contractors may remain present, if they so desire, at the time of opening of the Tenders.
Tenders submitted without an Earnest Money Deposit will be rejected. The owner reserves the right to accept or reject any tender without assigning any reason whatsoever.
Place- Mumbai
Date- 22/03/2026
Sd/-
[Vijay Phulkar] Phulkar & Phulkar Architect,
D-1, Prashal Society,Sant Janabai Road,
Vile Parle East,Mumbai- 400057.Tel. No. 022 35673383

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૩૧ માર્ચ પહેલાં પ્રોપર્ટી ટૅક્સ નહીં ભરનારાની મિલકતને ટાંચ મરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત પ્રોપર્ટી ટેક્સ ગણાય છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ પૂરું થવામાં ગણતરીના દિવસ બાકી છે ત્યારે પાલિકાએ પોતાના લક્ષ્યાંકના માત્ર ૮૭.૮૬ ટકા જેટલો જ ટૅક્સ વસૂલ કરી શકી છે. જોકે હજી છ દિવસ બાકી હોવાથી બાકીનો ટૅક્સ વસૂલ થઈ જશે એવો અંદાજ પાલિકા પ્રશાસને રાખ્યો છે. જોકે પ્રોપર્ટી ટૅક્સધારકોને ૨૦૨૫-૨૬ના આર્થિક વર્ષમાં તેમ જ બાકી રહેલો ટૅક્સ ૩૧ માર્ચ, ૨૦૨૬ પહેલાં જમા નહીં કર્યો તો તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવાની તો ડિફોલ્ટરોને તેમની મિલકતને તાત્કાલિક ધોરણે ટાંચ મારવાની ચીમકી પાલિકા પ્રશાસને આપી છે.

પાલિકાના એડિશનલ કમિશનર એશ્વિની જોશીએ જણાવ્યું હતું કે નાગરિકોને ૩૧ માર્ચ, ૨૦૨૬માં સુધીમાં ટૅક્સ ચૂકવી દેવાનો રહેવાનો રહેશે. જો આપેલી મુદતમાં ટૅક્સ નહીં

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈના ચાર પ્રવેશદ્વાર પર બનશે ક્લોક ટાવર

## ૧૫ દિવસમાં સુશોભીકરણના પ્રોજેક્ટનો અંતિમ રિપોર્ટ તૈયાર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના ચાર પ્રવેશદ્વાર પર ક્લોક ટાવર ઊભા કરવા તથા સુશોભીકરણ સહિત પરિસર અને પર્યટન કેન્દ્રનો વિકાસ કરવાનો પ્રોજેક્ટ મુંબઈ મહાનગરપાલિકા અમલમાં મૂકવાની છે. આ પ્રોજેક્ટથી મુંબઈની આવકમાં વધારો થવાનો છે. તેથી આ પ્રોજેક્ટને ઝડપથી અમલમાં મૂકવા માટે આગામી ૧૫ દિવસમાં ચારેય પ્રવેશદ્વાર માટેની ડિઝાઈન, લેઆઉટ સાથેનો ડ્રાફ્ટ ૧૫ દિવસમાં સબમીટ કરવાનો નિર્દેશ મુંબઈના મેયરે પાલિકા પ્રશાસનને આપ્યો છે.

મુંબઈના મેયર રીતુ તાવડે મુંબઈના પ્રવેશદ્વાર ગણાતા દહિસર,વાશી, ઐરોલી અને મુલુંડ પાસે ક્લોક ટાવર અને વિશાળ પ્રવેશદ્વાર ઊભા કરવાનો પ્રસ્તાવ મૂકયો

(જુઓ પાનું ૪) ▶▶

# રોડ પ્રોજેક્ટ્સમાં ૨૯૭ કરોડ રૂપિયાનો બિનજરૂરી ખર્ચ

મુંબઈઃ ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (કેગ)એ મહારાષ્ટ્રમાં હાઇબ્રિડ એન્યુઇટી મૉડેલ (એચએએમ) હેઠળ હાથ ધરવામાં આવેલા રોડ પ્રોજેક્ટ્સમાં ૨૯૭.૯૭ કરોડ રૂપિયાના ખર્ચને બિનજરૂરી ગણાવ્યો હતો. આ અહેવાલ બુધવારે રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶




# ખરાત કેસઃ મુંબઈના ઉચ્ચ અધિકારીની રાતોરાત બદલી

## હજી વધુ નામનો ખુલાસો થવાની શક્યતા

નાશિકઃ નાશિકના ઠગ અશોક ખરાતના દુષ્ટ કાર્યોનો રેલો હવે મંત્રાલયની એરકન્ડિશન્ડ ઓફિસ સુધી પહોંચી ગયો છે. રાજકીય નેતાઓ પછી હવે વહીવટી અધિકારીઓના ‘સંબંધો’ ખુલ્લા પડવા લાગ્યા છે, જેના કારણે મહેસૂલ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

મુંબઈના સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) ના ડેપ્યુટી કલેક્ટર અભિજીત ભાંડે પાટિલનું ડેપ્યુટેશન ખરાત સાથેના ગાઢ સંબંધોની શંકાને કારણે રદ કરવામાં આવ્યું છે. તેમની ઉતાવળમાં બદલી કરવામાં આવી છે. આનાથી હવે મંત્રાલયના અધિકારીઓમાં ચિંતા પેઠી છે.

તપાસ દરમિયાન બહાર આવેલી માહિતી મુજબ અભિજીત ભાંડે પાટીલના અશોક ખરાત સાથે ખૂબ જ નજીકના સંબંધો હતા. ભાંડે પાટીલ પર ખરાતની પત્ની અને પુત્રીના નામે રહેલી અનેક જમીન વ્યવહારોમાં મોટા રોકાણની શંકા છે. આ અધિકારી પર મહેસૂલ વિભાગમાં

(જુઓ પાનું ૪) ▶▶

## ખરાતનો ‘ફરાર’ પીએ સામે આવ્યોઃ હું કોઈ મેનેજર-પીએ ન હોવાનું કહ્યું

નાશિકઃ અશોક ખરાત કેસમાં કથિત પીએ રમેશ હિંગેના ફરાર થવાની ચર્ચાનો આખરે અંત આવ્યો છે. વ્યવસાયે શિક્ષક રમેશ હિંગેએ ખરાત સાથેના તેમના સંબંધો અંગે મોટો ખુલાસો કરતા કહ્યું કે, મારો અશોક ખરાત સાથે કોઈ વ્યવસાયિક સંબંધ નથી, હું તેમનો પીએ કે મેનેજર નથી, હિંગેએ દાવો કર્યો હતો.

રમેશ હિંગેએ સ્પષ્ટતા કરી હતી કે, ‘‘રવિવારે જ્યારે મારે શાળામાં રજા હોય, ત્યારે હું મંદિરમાં ’સ્વયંસેવક’ તરીકે જતો હતો. તેનાથી આગળ મારે ખરાતના કોઈપણ અઘોરી કૃત્યો કે વ્યવહારો સાથે કોઈ સંબંધ નથી.’’ ગુનો નોંધાયા ત્યારથી

(જુઓ પાનું ૪) ▶▶

# અજિત પવારની પાર્ટી પર કબજો મેળવવા તટકરે-પટેલે પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ

મુંબઈઃ એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે એક પ્રેસ કોન્ફરન્સમાં અજિત પવાર જૂથની એનસીપીના નેતાઓ પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે પર સનસનાટીભર્યા આરોપો લગાવતાં કહ્યું હતું કે બંને નેતાઓએ એનસીપી પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો.


તેમણે એવો આરોપ લગાવ્યો છે કે આ સંદર્ભમાં તેમણે ચૂંટણી પંચને પત્ર પણ લખ્યો હતો. વધુમાં, તેમણે પિયુષ ગોયલના નિવેદનનો ઉલ્લેખ કરીને પટેલ-તટકરે પર નિશાન તાક્યું હતું.

રોહિત પવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, અજિત પવારના મૃત્યુ પછી (૨૮ જાન્યુઆરી, ૨૦૨૬) માત્ર ૧૮ દિવસમાં એટલે કે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ, પ્રફુલ પટેલ, સુનીલ તટકરે અને બ્રિજમોહન શ્રીવાસ્તવે ચૂંટણી પંચને એક પત્ર આપ્યો હતો. આ પત્ર પર ત્રણેની સહી છે. આ પત્રમાં તેમણે એવો ખોટો દાવો કર્યો હતો કે તેમણે પાર્ટીના બંધારણમાં ફેરફાર કર્યો છે અને માગણી કરી હતી કે પાર્ટીની બધી સત્તાઓ ‘અધ્યક્ષ’ (પ્રફુલ પટેલ)ને આપવામાં આવે.

આ પત્ર લખતી વખતે, તેમણે સુનેત્રા પવાર કે પાર્થ પવારને વિશ્વાસમાં લીધા ન હતા. જ્યારે સુનેત્રા પવાર પાર્ટીના રાષ્ટ્રીય

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**